# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૧૩ જૂન ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ વદ ૨ | અંક : ૩૪૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886







### અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યા પછી એર ઇન્ડિયાનું એક વિમાન રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું

# અમદાવાદ વિમાન દુર્ઘટનનામાં ૨૪૧ લોકોના મોત






। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ગુરુવારે બપોરે અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યા પછી એર ઈન્ડિયાનું એક વિમાન રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું હતું. આ વિમાનમાં ૧૦ ક્રૂ મેમ્બર સહિત ૨૪૨ લોકો સવાર હતા. સમાચાર એજન્સી એસોસિએટ પ્રેસ (AP)ના રિપોર્ટ મુજબ વિમાન દુર્ઘટનામાં તમામ ૨૪૧ લોકોના મોત થયા છે. વિમાનમાં ૨૪૨ લોકો સવાર હતા, જેમાં મુસાફરો અને ક્રૂ મેમ્બરનો સમાવેશ થાય છે, જે બધાના મોત થયા છે. સમાચાર એજન્સી એસોસિએટ પ્રેસ (AP)ના રિપોર્ટ મુજબ અમદાવાદ પોલીસ કમિશનર જીએસ મલિકે જણાવ્યું હતું કે એવું લાગે છે કે વિમાન દુર્ઘટનામાં કોઈ બચ્યું નથી. તેમણે કહ્યું કે વિમાન રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું હોવાથી "કેટલાક સ્થાનિક લોકોના પણ મૃત્યુ થયા હશે. આ અકસ્માત પછી, અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી મર્યાદિત ફ્લાઈટ કામગીરી ફરી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ એરપોર્ટ નજીક એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયા બાદ ભારતીય સશસ્ત્ર દળોની ટીમોને તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી માટે મોકલવામાં આવી હતી. આ ઉપરાંત, પ્રારંભિક રાહત કામગીરી માટે સશસ્ત્ર દળો સાથે એનડીઆરએફ અને અન્ય એજન્સીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. સેનાના જણાવ્યા અનુસાર, લશ્કરી દળોની આ ટીમમાં તબીબી ટીમો અને અન્ય બચાવ કર્મચારીઓ તૈનાત હતા. વડા પ્રધાન નરેંદ્ર મોદીએ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન રામ મોહન નાયડુ સાથે વાત કરી છે અને અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટના અંગે પૂછપરછ કરી હતી. ગુરુવારે (૧૨ જૂન) બપોરે અમદાવાદમાં લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન AI-171 ક્રેશ થયું, જેમાં ક્રૂ મેમ્બર સહિત ૨૪૨ લોકો સવાર હતા. આ દુર્ઘટના અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં આવેલી ડોક્ટર્સ હોસ્ટેલ પર થઈ હતી, જેના કારણે હોસ્ટેલને પણ ભારે નુકસાન થયું છે. ગુજરાતના અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયાના કલાકો પછી, સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર સેવાઓ ફરી શરૂ થઈ ગઈ છે. સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક વહીવટીતંત્ર દ્વારા આ માહિતી આપવામાં આવી છે. સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથકે જણાવ્યું હતું કે એરપોર્ટ હવે મર્યાદિત ફ્લાઈટ્સ સાથે કાર્યરત છે. મુસાફરોને માહિતી માટે એરલાઈન્સનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે. અમદાવાદથી લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન ટેકઓફ સમયે ક્રેશ થવા પાછળના પ્રાથમિક કારણો અને દુર્ઘટનાક્રમ અંગે વધુ વિગતો સામે આવી છે. ટેકઓફ થયા બાદ પ્લેનના ટાયર ઈન્સર્ટ ન થતા (અંદર ન જતા) આ દુર્ઘટના સર્જાઈ હતી. વિમાન સૌપ્રથમ એક એવી બિલ્ડિંગ સાથે અથડાયું હતું જ્યાં મેસ (ભોજનાલય) ચાલતી હતી. મળતી માહિતી મુજબ, ટેકઓફ બાદ જ્યારે પ્લેનના ટાયર અંદર ન ગયા, ત્યારે વિમાન સૌપ્રથમ નજીક ચાલતી મેસની બિલ્ડિંગ સાથે અથડાયું. આ ટક્કર એટલી જોરદાર હતી કે પ્લેનની ટેઈલના (પાછળના ભાગના) બે ટુકડા થઈ ગયા હતા. ત્યારબાદ વિમાન આગળ વધીને અતુલ્યમ બિલ્ડિંગને અથડાયું હતું, જ્યાં ઈન્ટર્ન ડોક્ટરની હોસ્ટેલ આવેલી હતી. આ અથડામણ બિલ્ડિંગના ત્રીજા, ચોથા અને પાંચમા માળે પાંખની બાજુએ થઈ હતી, જેનાથી બિલ્ડિંગને ભારે નુકસાન થયું છે અને તે ધરાશાયી થવાની શક્યતા છે. દુર્ઘટનામાં એક રાહતની વાત એ છે કે, જે બિલ્ડિંગને પ્લેન ટકરાયું તેની બરાબર બાજુમાં જ એક પાંચ માળનું બીજું બિલ્ડિંગ આવેલું છે, જેમાં PG (પેઈંગ ગેસ્ટ) હોસ્ટેલ ચાલે છે અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ રહે છે. જો પ્લેન આ PG હોસ્ટેલને અથડાયું હોત, તો જાનમાલની અત્યંત મોટી અને ભયાવહ હાનિ થવાની આશંકા હતી. મહત્વની વાત એ છે કે પ્લેન કોઈ બિલ્ડિંગમાં ઘૂસી ગયું ન હતું, પરંતુ બિલ્ડિંગ સાથે અથડાયું હતું. જો પ્લેન કોઈ બિલ્ડિંગ પર સીધું ક્રેશ થયું હોત કે તેમાં ઘૂસી ગયું હોત તો કદાચ તેનાથી પણ વધુ ભારે ખાનાખરાબી સર્જાઈ હોત. હાલ ઘટનાસ્થળે રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, અને દુર્ઘટનાના સંપૂર્ણ કારણો જાણવા માટે તપાસ ચાલુ છે.

## વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું નિધન



અમદાવાદમાં આજે (૧૨ જૂન) બપોરે બનેલી એર ઇન્ડિયાના વિમાન દુર્ઘટનામાં ક્રૂ મેમ્બર્સ સહિત ૯૧ લોકોના મોત નીપજ્યા છે. આ વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ દુઃખદ નિધન થયું હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. વિજય રૂપાણીના નિધનના સમાચારથી ગુજરાતના રાજકીય વર્તુળમાં શોકનો માહોલ છવાયો છે. ભારતીય જનતા પાર્ટીના નેતાઓ વિજય રૂપાણીના નિવાસસ્થાને પહોંચવા લાગ્યા છે. વિજય રૂપાણીના ઘરની બહાર ભારે ભીડ જામી છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ટેક ઓફ કરતી વખતે એર ઇન્ડિયાનું અમદાવાદથી લંડન જતું પ્લેન ક્રેશ થયું છે. આ વિમાન એરપોર્ટ પરથી બપોરે ૧.૩૮ વાગે ટેક ઓફ થયું હતું અને ૧.૪૦ વાગે દુર્ઘટના સર્જાઈ હતી. પ્રાથમિક અહેવાલો પ્રમાણે, ટેક ઓફ વખતે વિમાનનો પાછળનો ભાગ વૃક્ષ સાથે અથડાતાં આ ઘટના બની હતી. એવું પણ કહેવાય છે કે, આ પ્લેનમાં કોઈ ટેક્નિકલ ખામી સર્જાઈ હોવાથી દુર્ઘટના સર્જાઈ હતી.કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર ટ્વિટ કરીને લખ્યું હતું કે વિજયભાઇ રૂપાણી, જેમની સાથે ગુજરાત વિધાનસભામાં એક સાથી તરીકે કામ કર્યું હતું. તેમનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુંના સમાચાર દુર્ભાગ્યપૂર્ણ છે. અતિશય કરુણ અને ન કલ્પી શકાય એવા દુઃખદ સમાચાર મળ્યા. અમદાવાદથી લંડન જઈ રહેલું વિમાન ટેકઓફ થયાની થોડી જ મિનિટોમાં દુર્ઘટનાગ્રસ્ત થયું. આ ઘટનામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા અને ઘાયલ થયા છે તેવા સમાચારોથી ખુબ વ્યથિત છું. દુર્ઘટનાગ્રસ્ત લોકોને મદદરૂપ બનવા, બ્લડ ડોનેટ કરવા અને પ્રશાસનને જ્યાં જરૂર પડે ત્યાં મદદરૂપ થવા કોંગ્રેસ કાર્યકર્તાઓને વિનંતી કરું છું.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે વાત કરી દુર્ઘટનાની જાણકારી મેળવી

# ૧:૧૦ પર બોર્ડિંગ, ૧:૧૭ પર ટેકઓફ, થોડી મિનિટોમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ

## વિમાન દુર્ઘટના પર પીએમ મોદીએ દુઃખ વ્યક્ત કર્યું



અમદાવાદમાં વિમાન દુર્ઘટના પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કર્યું છે. તેઓ આ હ્યદયદ્રાવક દુર્ઘટનાથી ભાવુક થયા છે. તેમણે જણાવ્યું કે, તેઓ મંત્રીઓ અને અધિકારીઓના સંપર્કમાં છે. અમદાવાદના મેઘાણીનગરમાં સર્જાયેલી આ દુર્ઘટનામાં અત્યારસુધી ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે. જો કે, સત્તાવાર આંકડા હજી જાહેર થયા નથી. આ દુર્ઘટના ગુરૂવારે બપોરે ૧.૩૮ વાગ્યે બની હતી. વડાપ્રધાન મોદીએ વિમાન દુર્ઘટના મુદ્દે એક્સ પર પોસ્ટ કરી હતી કે, અમદાવાદમાં સર્જાયેલી દુર્ઘટનાથી અમે સ્તબ્ધ અને દુઃખી છીએ. આ દુઃખની ઘડીમાં પ્રભાવિત તમામ લોકો સાથે મારી સંવેદના છે. હું મંત્રીઓ અને અધિકારીઓના સંપર્કમાં છું. તેઓ લોકોની સહાયતા માટે કામ કરી રહ્યા છે. દુર્ઘટના બાદ વડાપ્રધાન મોદીએ નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડૂ સાથે વાત કરી દુર્ઘટનાની જાણકારી આપી હતી. અમદાવાદથી ગેટવિક (બ્રિટન) જઈ રહેલી ફ્લાઈટ AI 171 ટેકઓફની બે મિનિટમાં જ ક્રેશ થઈ હતી. વિમાનમાં બે પાયલોટ, ૧૦ ક્રૂ સભ્યો અને ૨૩૦ પેસેન્જર સવાર હતાં. નાગરિક ઉડ્ડયન મંત્રીના કાર્યાલયના એક અધિકારીએ જણાવ્યું કે, વડાપ્રધાનમોદીએ વ્યક્તિગત રૂપે નાયડૂ સાથે વાત કરી અમદાવાદમાં એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાની જાણકારી લીધી હતી.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઘટનાને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ અને દુઃખદ ગણાવી



અમદાવાદમાં ગુરૂવારે બપોરે બનેલી એર ઇન્ડિયાના વિમાન દુર્ઘટનામાં ક્રૂ મેમ્બર્સ સહિત ૯૧ લોકોના મોત નીપજ્યા છે. વિમાન દુર્ઘટના જાણ થતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરતથી સીધા અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા અને ઇજાગ્રસ્તોની મુલાકાત લઇ તેમના ખબર-અંતર પૂછ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઘટનાને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ અને દુઃખદ ગણાવી હતી અને ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. આ ભયાનક અકસ્માત બાદ તેમણે તાત્કાલિક ધોરણે બચાવ અને રાહત કાર્યને વેગ આપવા સૂચનાઓ આપી હતી. તેમણે ઘાયલ મુસાફરોને ઝડપથી સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવા માટે ગ્રીન કોરિડોરની વ્યવસ્થા કરવા અને હોસ્પિટલોમાં યુદ્ધના ધોરણે તમામ તબીબી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાના પણ નિર્દેશ આપ્યા હતા. આ દુર્ઘટનાને પગલે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. અમિત શાહે આ વિમાન દુર્ઘટનામાં ચાલી રહેલા બચાવ અને રાહત કાર્યો માટે NDRF (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ) અને કેન્દ્ર સરકારના સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી હતી. આ દુર્ઘટનામાં જાનહાનિ અને નુકસાન અંગેની વિગતો હજુ સામે આવી રહી છે. તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

## અમદાવાદ વિમાન દુર્ઘટના પર બ્રિટિશ વડા પ્રધાને વ્યક્ત કર્યું દુઃખ

અમદાવાદમાં વિવિધ દેશોના નાગરિકોને લઈ જતું વિમાન ક્રેશ થયું છે. મળતી માહિતી મુજબ, વિમાનમાં લગભગ ૫૩ બ્રિટિશ નાગરિકો સવાર હતા. બ્રિટિશ વડા પ્રધાને આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને એક પોસ્ટ શેર કરી છે જેમાં તેમણે કહ્યું છે કે વિમાનમાં બ્રિટિશ નાગરિકો હતા. યુનાઇટેડ કિંગડમના વડા પ્રધાન કીર સ્ટારમરે ટ્વીટ કર્યું, ઘણા બ્રિટિશ નાગરિકોને લઈને લંડન જતું વિમાન અમદાવાદમાં ક્રેશ થયું છે. અકસ્માતના દ્રશ્યો ભયાનક છે.

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાતના અમદાવાદથી એક મોટા સમાચાર આવી રહ્યા છે. અહીં એર ઈન્ડિયાનું વિમાન ટેકઓફ થયા પછી તરત જ ક્રેશ થયું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ક્રેશ સ્થળ પરથી આકાશમાં ગાઢ કાળો ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો, જેના કારણે વિસ્તારમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી.

**અકસ્માતનો સંપૂર્ણ સમયરેખા:**

**1:10 PM** - બોર્ડિંગ પૂર્ણ, ટેકઓફ માટેની તૈયારી : એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171 અમદાવાદથી લંડન જવાની હતી. બધા ૨૪૨ મુસાફરો સવાર થઈ ગયા હતા અને વિમાન રનવે પર ટેકઓફ માટે તૈયાર હતું.

**1:17 PM** - ટેકઓફ : વિમાન અમદાવાદ એરપોર્ટથી ઉડાન ભરી ગયું. શરૂઆતની થોડી મિનિટો માટે ફ્લાઈટ સામાન્ય હતી.

વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા, જેમાં ૨૩૦ પુખ્ત વયના લોકો, ૨ બાળકો અને ૧૨ ક્રૂ મેમ્બર (૧૦ કેબિન ક્રૂ અને ૨ પાઈલટ)નો સમાવેશ થાય છે. અકસ્માત સમયે વિમાનનું સંચાલન પાઈલટ-ઈન-કમાન્ડ સુમિત સભરવાલ અને કો-પાઈલટ ક્લાઈવ કુંદરના હાથમાં હતું. દુર્ઘટના પછી તરત જ એરપોર્ટ ઈમરજન્સી ટીમ સક્રિય થઈ ગઈ. ઘટનાસ્થળથી દૂર સુધી ધુમાડાના ગોટા જોઈ શકાય છે. મેઘાણીનગરમાં ઘણી ઈમારતોને નુકસાન થયું છે. રાહત અને બચાવ કાર્ય યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે.

નોંધનીય છે કે DGCA, DAW, ADAW અને FOI ના વરિષ્ઠ અધિકારીઓ પહેલાથી જ અમદાવાદમાં હાજર હતા. તેઓ આ અકસ્માત સંબંધિત તમામ માહિતી એકત્રિત કરી રહ્યા છે અને તપાસ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. NDRF ના જણાવ્યા અનુસાર, ૯૦ કર્મચારીઓ સાથે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) ની ત્રણ ટીમો ગાંધીનગરથી વિમાન દુર્ઘટના સ્થળે મોકલવામાં આવી છે. વડોદરાથી કુલ ત્રણ વધુ ટીમો મોકલવામાં આવી રહી છે.


પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે વાત કરી દુર્ઘટનાની જાણકારી મેળવી છે. કેન્દ્ર સરકાર દ્વારા દરેક સંભવ મદદનું આશ્વાસન આપવામાં આવ્યું છે. તો કેન્દ્રીય ગૃહમંત્રી અમદાવાદ પહોંચવાના છે. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ આ વિમાનમાં સવાર હતા. વિજય રૂપાણી લંડન જઈ રહ્યા હતા. તેઓ તેમના પરિવારને મળવા લંડન જઈ રહ્યા હતા. તેમના પત્ની અને પુત્રી સહિત તેમના ઘણા સંબંધીઓ લંડનમાં રહે છે, જેમને તેઓ મળવાના હતા.


## ક્રેશ થયેલ વિમાન કેપ્ટન સુમિત સભરવાલ ઉડાડી રહ્યા હતા

બુધવારે અમદાવાદ એરપોર્ટથી લંડન જતું એર ઇન્ડિયાનું વિમાન ઉડાન ભર્યાના થોડા સમય પછી જ અકસ્માતનો ભોગ બન્યું હતું. આ વિમાનમાં ૨૪૨ મુસાફરો સવાર હતા. ક્રેશ થયેલ વિમાન કેપ્ટન સુમિત સભરવાલ ઉડાડી રહ્યા હતા. તેઓ ૮૨૦૦ કલાકનો અનુભવ ધરાવતા LTC છે. કો-પાઇલટને ૧૧૦૦ કલાકનો ઉડાનનો અનુભવ હતો. TCના જણાવ્યા અનુસાર, વિમાને અમદાવાદથી રનવે ૨૩ પરથી 1339 IST (0809 UTC) વાગ્યે ઉડાન ભરી હતી. રનવે ૨૩ પરથી ઉડાન ભર્યા પછી તરત જ ક્રેશ થયું હતું. અકસ્માત સ્થળ પરથી ધુમાડાના ગોટેગોટા નીકળતો જોવા મળ્યા હતા. ગુરૂવારે બપોરે અમદાવાદ એરપોર્ટ નજીક મેઘાણી નગર વિસ્તારમાં આ વિમાન ક્રેશ થયું. તેમાં ૨૪૨ મુસાફરો સવાર હતા. પોલીસે આ માહિતી આપી.

## વિમાનમાં ૬૦થી વધુ વિદેશી નાગરિકો સવાર હતા

આજનો દિવસ અમદાવાદના ઈતિહાસમાં કાળા દિવસ તરીકે નોંધાશે. અમદાવાદમાં વિમાન દુર્ઘટનાની સૌથી મોટી ઘટના બની છે. આજે બપોરે ૧.૧૭ કલાકે એર ઈન્ડિયાની વિમાન જતી ફ્લાઇટે ટેકઓફ કર્યું હતું. પરંતુ ગણતરીની મિનિટો બાદ આ પ્લાઇટ ક્રેશ થઈ હતી. આ વિમાનમાં કુલ ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યો સવાર હતા. વિમાન દુર્ઘટના બાદ તત્કાલ રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારે અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના સંદર્ભમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં કંટ્રોલ રૂમ કાર્યરત કર્યો છે. આ કંટ્રોલ રૂમના ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૯૦૦ અને મોબાઈલ નં. ૯૯૭૮૪૦૫૩૦૪ ઉપર સંબંધિતો સંપર્ક કરી શકશે. એર ઇન્ડિયાએ પુષ્ટિ આપી છે કે અમદાવાદથી લંડન ગેટવિક જતી ફ્લાઇટ AI171 આજે ટેકઓફ પછી અકસ્માતનો ભોગ બની હતી.


















# ડોક્ટરો જમવાની તૈયારી કરતા હતા, એટલામાં ઉપરથી પ્લેન આવીને પડ્યું!

## વિમાન ગણતરીની મિનિટોમાં ક્રેશ થયું હતું અને વિમાન જે જગ્યા પર ક્રેશ થયું ત્યાં ડોક્ટર્સની હોસ્ટેલ આવેલી છે

### સિવિલ હોસ્પિટલની બહાર એમ્બ્યુલન્સની લાંબી લાઈન

અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયા બાદ શહેરમાં સ્થિતિ ભયંકર જોવા મળી છે. ખાસ કરીને સિવિલ હોસ્પિટલની બહાર એમ્બ્યુલન્સની મોટા પ્રમાણમાં લાઈનો લાગેલી જોવા મળી છે. સાથે જ આખું સિવિલ હોસ્પિટલ મરણચીસોથી ગૂંજી ઉઠ્યું છે. બપોરે ૧:૩૮ વાગ્યે એર ઈન્ડિયાનું પ્લેન લંડન જવા માટે રવાના થયું અને ૫ મિનિટના ડિસ્ટન્સમાં જ ૧:૪૩ વાગ્યે પ્લેન ક્રેશ થયું હતું. પ્લેન બી.જે. મેડિકલ કોલેજની બોયઝ હોસ્ટેલ સાથે અથડાયું હતું અને અથડાતાની સાથે જ પ્લેનમાં બ્લાસ્ટ થયો હતો. પ્લેન અને બિલ્ડિંગ બંનેમાં બ્લાસ્ટ થયો હતો, ત્યાંના પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે. સાથે જ પ્રત્યક્ષદર્શીઓએ એવું પણ કહ્યું કે બિલ્ડિંગમાં એલપીજી સિલિન્ડર હતા જે બ્લાસ્ટ થયા છે. જે સમયે પ્લેન ક્રેશ થયું ત્યારે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વિમાન હજુ તો ટેકઓફ થયું હતું જેના કારણે તેમાં ફયુઅલ પણ મોટા પ્રમાણમાં હતું. પ્લેન ક્રેશ થયા બાદ અમદાવાદ શહેરના રસ્તાઓ પર સતત એમ્બ્યુલન્સ દોડતી નજરે પડી હતી. સાથે જ ફાયર વિભાગની ટીમો પણ જુદા જુદા જિલ્લાઓમાંથી અમદાવાદ પહોંચી હતી.

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદમાં મોટી વિમાન દુર્ઘટના બની છે, અમદાવાદથી લંડનના ગેટવિક એરપોર્ટ જઈ રહેલી AI171 ફ્લાઈટ ક્રેશ થઈ છે, અમદાવાદ એરપોર્ટ પરથી ટેકઓફ બાદ આ વિમાન ક્રેશ થયું હતું. વિમાનમાં ૨૪૦થી વધુ લોકો સવાર હતા. ક્રેશ થયેલા વિમાનનો કેટલોક ભાગ મેઘાણીનગરમાં આવેલી અતુલ્ય મેડિકલ હોસ્ટેલ પર પડ્યો છે. જેની અંદરની હચમચાવી દેનારી તસવીરો સામે આવી હતી. જેમાં વિમાનના કેટલાક ભાગ ઈમારત સાથે ટકરાતા ઘણો ભાગ તૂટી પડ્યો છે. વિમાનના ટાયર, તેની બોડી સહિતનો ભાગ ઈમારતની અંદર દેખાઈ રહ્યા છે. જેમાં હોસ્ટેલની અંદર એક મેસ કે જ્યાં ડૉક્ટર્સ જમતા હોય તે ભાગ પણ દેખાઈ રહ્યો છે. અમદાવાદમાં વિમાન ટેકઓફ થયાની ગણતરીની મિનિટોમાં ક્રેશ થયું હતું અને વિમાન જે જગ્યા પર ક્રેશ થયું ત્યાં જ ડૉક્ટર્સની હોસ્ટેલ આવેલી છે. અતુલ્ય હોસ્ટેલનો અંદરનો ભાગ વિમાન પડ્યા પછી જાણે છીન્નભીન્ન થઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. અગાઉ એવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી હતી કે વિમાન રહેણાક વિસ્તારમાં પડ્યું છે પરંતુ વિમાનનો કેટલોક ભાગ મેડિકલ હોસ્ટેલ પર પડ્યો હતો. અમદાવાદથી લંડન જઈ રહેલા પ્લેનમાં સવાર મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ મળીને ૨૪૨ લોકો સવાર હોવાની માહિતી મળી છે. આવી સ્થિતિમાં વિમાન દુર્ઘટનામાં ઈમારતની દિવાલ તૂટી ગઈ હતી. જમવાની જગ્યા છે ત્યાં વિમાનનો મોટો ભાગ દિવાલ તોડીને અંદર ઘૂસી ગયો હતો.મેસના ટેબલ પર જમવાની થાળીઓ પડેલી અને આ સમયે મેડિકલના વિદ્યાર્થી કે ડૉક્ટર્સ અહીં હતા કે નહીં તે સ્પષ્ટ થયું નથી.

વિમાનનું વિશાળ ટાયર પણ એક જગ્યા પર બિલ્ડિંગ પાસે લટકી ગયું હતું, જેના કારણે વિમાનની દિવાલ તૂટી ગઈ છે. આ ઘટના દરમિયાન બિલ્ડિંગમાં હાજર મેડિકલ સ્ટૂડન્ટ્સને પણ ઈજાઓ થઈ હોવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

### એર ઇન્ડિયાનું નિવેદન બહાર આવ્યું

# ૧૬૯ ભારતીય, બ્રિટનના ૫૩, પોર્ટુગલના ૭ અને કેનેડાનો એક મુસાફર વિમાનમાં હતા

## ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં અફડાતફડીનો માહોલ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ગુરૂવારે બપોરે અમદાવાદમાં એક મોટી વિમાન દુર્ઘટના બની. અમદાવાદથી લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI171 ટેકઓફ કર્યાના થોડી મિનિટો પછી જ ક્રેશ થઈ ગઈ. આ અકસ્માત અમદાવાદ એરપોર્ટ નજીક મેઘાણીનગર વિસ્તારમાં થયો હતો, જ્યાં વિમાન પડી ગયા બાદ તેમાં આગ લાગી હતી. વિમાનમાં ૨૩૦ મુસાફરો અને ૧૨ ક્રૂ સભ્યો સવાર હતા. ઘટનાસ્થળેથી નીકળતા ધુમાડા અને સળગતા વિમાનના ફોટા આ અકસ્માતની ભયાનકતા કહી રહ્યા છે.

એર ઈન્ડિયાનું નિવેદન બહાર આવ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે વિમાનમાં ૧૬૯ ભારતીય નાગરિકો, ૫૩ બ્રિટિશ નાગરિકો, ૧ કેનેડિયન નાગરિક અને ૭ પોર્ટુગીઝ નાગરિકો સવાર હતા.

ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. પોલીસ અને વહીવટીતંત્રની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડ, NDRF અને કટોકટી સેવાઓને રાહત અને બચાવ કાર્યમાં તૈનાત કરવામાં આવી છે. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે ગાંધીનગરથી NDRFની બે ટીમો ઘટનાસ્થળે મોકલવામાં આવી છે, જેમાં ૯૦ સૈનિકોને તૈનાત કરવામાં આવ્યા છે. અમદાવાદમાં એક મોટી વિમાન દુર્ઘટના બની છે. ૨૪૨ મુસાફરોને લઈને જતું આ વિમાન ક્રેશ થયું છે. આ વિમાનના પાઈલટનું નામ કેપ્ટન સુમિત સભરવાલ છે. આ અકસ્માત અંગે વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

બપોરે અમદાવાદ એરપોર્ટ નજીક મેઘાણી નગર વિસ્તારમાં આ વિમાન ક્રેશ થયું. તેમાં ૨૪૨ મુસાફરો સવાર હતા. પોલીસે આ માહિતી આપી. ફાયર ઓફિસર જયેશ ખાડિયાએ જણાવ્યું હતું કે વિમાન પડી ગયા પછી તેમાં આગ લાગી હતી અને આગ ઓલવવા માટે ફાયર એન્જિનોને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે. આ વિમાન લંડન જઈ રહ્યું હતું. આ અકસ્માતમાં ઘણા લોકો ઘાયલ થયા હોવાની આશંકા છે. અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિકે જણાવ્યું હતું કે, "વિમાન એરપોર્ટ નજીક મેઘાણી નગરમાં ક્રેશ થયું હતું."

### અમદાવાદમાં પ્લેન ક્રેશ બાદ સલમાન ખાને રદ કર્યો કાર્યક્રમ

અમદાવાદના મેઘાણીનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ટેક ઓફ કરતી વખતે એર ઈન્ડિયાનું અમદાવાદથી લંડન જતું પ્લેન ક્રેશ થયું છે. આ પ્લેન એરપોર્ટ પરથી બપોરે ૧:૩૮ વાગ્યે ટેક ઓફ થયું હતું અને ૧:૪૦ વાગ્યે દુર્ઘટના સર્જાઇ હતી. એર ઈન્ડિયા પ્લેન ક્રેશથી આખો દેશ હચમચી ઉઠ્યો છે. આ પ્લેનમાં ૨૩૦ યાત્રીઓ અને ૧૨ ક્રૂ મેમ્બર સહિત ૨૪૨ લોકો સવાર હતા. અમદાવાદ એરપોર્ટથી ઉડાન ભરનારું આ પ્લેન ટેક ઓફ બાદ તાત્કાલિક દુર્ઘટનાનો શિકાર બન્યુ હતું. ક્રેશ સાઈડ પરથી કાળો ધુમાડો ઉડતો દેખાઈ રહ્યો છે. આ એક ઈન્ટરનેશનલ એરક્રાફ્ટ હતું. દુર્ઘટના બાદ રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળ પર પહોંચી અને લોકોને બચાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### અકસ્માતનો પહેલો વીડિયો સામે આવ્યો

# જમીન પર પડતા જ આગના ગોળામાં ફેરવાઈ ગયું એર ઇન્ડિયાનું વિમાન

ગુજરાતના અમદાવાદ એરપોર્ટ નજીક એક મોટી વિમાન દુર્ઘટના બની છે. અહીં, એરપોર્ટને અડીને આવેલા મેઘાણી નગરમાં એર ઈન્ડિયાના એક પેસેન્જર વિમાનને ટેકઓફ થયા પછી તરત જ અકસ્માત થયો હતો.

કહેવામાં આવી રહ્યું છે કે આ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ અમદાવાદથી લંડન જઈ રહી હતી. અકસ્માત પછી બધે કાળો ધુમાડો જોવા મળ્યો હતો અને ફાયર બ્રિગેડના ઘણા વાહનો બચાવ માટે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

અકસ્માતનો પહેલો વીડિયો સામે આવ્યો છે જેમાં વિમાન આકાશમાં ઉડતું અને પછી થોડીક સેકન્ડમાં જમીન પર પડતું જોઈ શકાય છે. મળતી માહિતી મુજબ, આ વિમાન લગભગ ૪૦૦ ફૂટની ઊંચાઈથી નીચે પડતું જોઈ શકાય છે. જમીન પર પડતાની સાથે જ વિમાન આગનો ગોળો બની ગયું અને જોરદાર વિસ્ફોટનો અવાજ સંભળાયો. સામે આવેલા રેસ્ક્યુ વીડિયોમાં જોઈ શકાય છે કે બધું રાખ અને કાટમાળમાં ફેરવાઈ ગયું હતું. અકસ્માત પછી ઘણા વીડિયો સામે આવ્યા છે. મેઘાણી નગર જ્યાં વિમાન ક્રેશ થયું તે રહેણાંક વિસ્તાર છે અને આવી સ્થિતિમાં આસપાસની ઈમારતો પણ આગની લપેટમાં આવી ગઈ છે. એરપોર્ટથી મેઘાણી નગરનું અંતર લગભગ ૧૫ કિલોમીટર છે. અકસ્માત પછી તરત જ, ૭ ફાયર બ્રિગેડ વાહનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આગ ઓલવવાનું શરૂ કર્યું હતું. ઘાયલોને હોસ્પિટલ લઈ જવા માટે ઘણી એમ્બ્યુલન્સ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મળતી માહિતી મુજબ, વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા, જેમાં બે પાયલોટ, ૧૨ ક્રૂ મેમ્બર્સ અને ૨૩૦ મુસાફરોનો સમાવેશ થાય છે. ગુરુવારે બપોરે ૧:૩૮ વાગ્યે વિમાને ઉડાન ભરી હતી અને માત્ર બે મિનિટ પછી ૧:૪૦ વાગ્યે ક્રેશ થયું હતું. અમદાવાદ પોલીસ કંટ્રોલ રૂમે આ વાતની પુષ્ટિ કરી છે. મળતી માહિતી મુજબ, આ વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું અને અમદાવાદ એરપોર્ટથી ઉડાન ભર્યાના થોડા સમય પછી મેઘાણી નગર નજીક ક્રેશ થયું હતું.

# ફસાયેલા મુસાફરો માટે બે વંદે ભારત ટ્રેન દોડાવાશે

અમદાવાદથી લંડન જતાં એર ઈન્ડિયાની ફ્લાઈટ ટેકઓફ બાદ ક્રેશ થઈ ગયું. ત્યારબાદ અહીંનું એરપોર્ટ સાંજના પાંચ વાગ્યા સુધી બંધ કરી દેવામાં આવ્યું છે. આ કારણે કોઈ પણ ફ્લાઈટનું ઓપરેશન્સ નથી થઈ રહ્યું. તેમાં દિલ્હી અને આજુબાજુના લોકો અમદાવાદ એરપોર્ટ પર ફસાયેલા છે. તેને ધ્યાનમાં રાખતા ભારતીય રેલવે બે સ્પેશિયલ વંદે ભારત અમદાવાદ માટે ચલાવવાની તૈયારી કરી રહ્યું છે. તેનું શિડ્યુલ ટૂંક સમયમાં જાહેર કરી દેવામાં આવ્યું છે. ભારતીય રેલવે અનુસાર, અમદાવાદથી દિલ્હી અને આજુબાજુના કેટલાય શહેરો માટે રોજ કેટલીય ફ્લાઈટ્સ આવે છે. દુર્ઘટનાને ધ્યાનમાં રાખતા સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હાલમાં બંધ કરી દેવામાં આવ્યું છે. આ જ કારણથી દિલ્હી આવતી ફ્લાઈટ્સ પણ નથી ચાલી રહી. આ ઉપરાંત, સંભાવના છે કે, પ્લેન ક્રેશમાં કેટલાય શિકાર થયેલા લોકોના સંબંધીઓ દિલ્હી અને આજુબાજુના છે, જેમને ત્યાં પહોંચવાનું છે. તેને ધ્યાનમાં રાખતા બે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ચલાવવામાં આવી રહી છે. તેનું શિડ્યુલ ટૂંક સમયમાં જાહેર કરી દેવામાં આવશે. આ ટ્રેનોથી રાહત અને બચાવ કાર્ય માટે ડિઝાસ્ટર ફોર્સને મોકલવામાં આવશે. ૧૨ જૂન ૨૦૨૫ના મેસર્સ એર ઈન્ડિયા B787 વિમાન VT-ANB (અમદાવાદથી ગેટવિક માટે) ઉડાન AI-171નું અમદાવાદથી ઉડાન ભર્યાના તરત બાદ ક્રેશ થઈ ગયું. વિમાનમાં ૨ પાયલટ અને ૧૦ કેબિન ક્રૂ સહિત ૨૪૨ લોકો સવાર હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

યુએસ આર્મી જનરલનો 'પાક. પ્રેમ' ભારતને રાજદ્વારી ધક્કોઃ કોંગ્રેસ

# અમેરિકાએ આતંકીઓના આકા પાક.ને 'મિત્ર' ગણાવીને વખાણ કર્યા

## અમેરિકન આર્મીના જનરલ માઈકલ કુરિલ્લાના મતે USએ ભારત-પાકિસ્તાન બંને સાથે સંબંધ રાખવા પડશે




। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ ।

પાકિસ્તાન તેની ધરતી ઉપર આતંકવાદને સમર્થન કરી રહ્યું હોવાની ભારતે તાજેતરમાં ઓપરેશન સિંદૂર થકી ખુલ્લું પાડ્યું હતું. હવે અમેરિકાએ આતંકવાદના આકા પાકિસ્તાનને અસાધારણ ભાગીદાર ગણાવીને તેના વખાણ કર્યા છે. અમેરિકન ટોચના આર્મીના જનરલે પાકિસ્તાનના વખાણ કરતી ટિપ્પણી કરી છે. તેમણે યુએસએએ ભારત-પાક. બંને સાથે સંબંધો રાખવાની તરફેણ કરી હતી. યુએસ આર્મીના જનરલ અને સેન્ટ્રલ કમાન્ડના કમાંડર માઈકલ કુરિલ્લાના મતે અમેરિકાએ એશિયા ખંડના બંને દેશો સાથે સંબંધો જાળવવા પડશે અને તેમાં બાઈનરી સ્વીચ ના હોઈ શકે. યુએસ આર્મી જનરલના મતે જો અમેરિકા ભારત સાથે સંબંધ રાખે અને પાકિસ્તાન સાથે નહીં તો તે યોગ્ય નથી. કુરિલ્લાએ યુએસ હાઉસ આર્મ્ડ સર્વિસ કમિટી સમક્ષ જુબાની આપતા ઉપરોક્ત બાબત જણાવી હતી. અમેરિકાએ ભારત-પાક. સાથેના સંબંધોની સકારાત્મકતા સમજીને તેના ફાયદા પર વિચાર કરવો પડશે. આઈએસઆઈએસ ખુરાસાન (આઈએસઆઈએસ-કે) યુએસ ઉપરાંત અન્ય દેશો વિરુદ્ધ ષડયંત્ર રચનાર સૌથી સક્રિય સંગઠન પૈકી એક છે. તાલિબાન આઈએસઆઈએસ-કેની પાછળ પડ્યું છે અને બંને પરસ્પરને નફરત કરે છે. તાલિબાને ઈસ્લામિક સંગઠનના કેટલાયને અફઘાન-પાકિસ્તાન સરહદ નજીકના આદિવાસી વિસ્તારમાં ખદેડ્યા છે. યુએસ આર્મી જનરલે જણાવ્યું કે, પાકિસ્તાનસાથેનીઅભૂતપૂર્વભાગીદારીને લીધે તેણે આઈએસઆઈએસ-કે વિરુદ્ધ કાર્યવાહી કરી ડઝન જેટલા સભ્યોને ઠાર કર્યા હતા. પાક.એ ગુપ્ત માહિતી પૂરી પાડતા આઈએસઆઈએસ-કેના ટોચના પાંચ કમાન્ડરને ઝડપવામાં સફળતા મળી હતી.૨૬ ઓગસ્ટ ૨૦૨૧ના કાબુલના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર બ્લાસ્ટમાં સામેલ આતંકવાદી મોહમ્મદ શરીફુલ્લાહ ઉર્ફે 'જાફર'ને પકડી લેવાયો હોવાનું પાકિસ્તાનની સેનાના વડા અસીમ મુનીરે મને ફોન કરીને સૌપ્રથમ જણાવ્યું હતું. પાક. તેને યુએસને સોંપવા તૈયાર થયું હતું. આ હુમલામાં અમેરિકન લશ્કરના ૧૩ સભ્યો તથા આશરે ૧૬૦ નાગરિકોના મોત થયા હતા. અમેરિકા પાસે રહેલી મર્યાદિત ગુપ્તચર માહિતી પાકિસ્તાનને ઉપલબ્ધ કરાવવાથી પણ તે પોતાના સંશાધનોની મદદથી કાર્યવાહી કરી રહ્યું છે. પાકિસ્તાન આતંકવાદ વિરોધી લડાઈ લડે છે અને તે સૈદ્ધાંતિક ભાગીદાર હોવાનું કુરિલ્લાએ જણાવ્યું હતું. યુએસ આર્મી જનરલ માઈકલ કુરિલ્લાએ પાક.ને અસાધારણ ભાગીદાર ગણાવીને પાક. તરફી પ્રેમ દર્શાવ્યા બાદ કોંગ્રેસે આ ભારતને રાજદ્વારી મોરચે ધક્કો હોવાનો આક્ષેપ કર્યો હતો. આ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું શું કહેવું છે તેવો સવાલ પણ કર્યો હતો. કોંગ્રેસના જયરામ રમેશે જણાવ્યું કે, ૧૪ જૂને અમેરિકાના આર્મી દિવસ પર પાકિસ્તાનના સેનાના વડા અસિમ મુનીર વોશિંગ્ટન જઈ રહ્યા છે. મુનીરની વોશિંગ્ટન મુલાકાત ભારત માટે બીજો રાજદ્વારી આંચકો પુરવાર થશે.

**ન્યૂઝ બ્રિફ**

### ક્વોટામાં પેટાક્વોટા અનામત પરનો હુમલો નથીઃ CJI ગવઇ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

જાતિ આધારિત વસ્તી ગણતરી અને અનામત નીતિઓ અંગે ઉગ્ર ચર્ચા ચાલી રહી છે ત્યારે ભારતના મુખ્ય ન્યાયાધીશ બી આર ગવઈએ જણાવ્યું છે કે ક્વોટામાં પેટા ક્વોટાની જોગવાઈ અનામત નીતિ પરનો હુમલો નથી, પરંતુ તે સૌથી વંચિત લોકો સુધી ન્યાય પહોંચાડવા માટેનો જરૂરી સુધારો છે. લંડનમાં ઓક્સફર્ડ યુનિયન ખાતે સંબોધન કરતાં સીજેઆઈ ગવઈએ જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિઓમાં પેટા-વર્ગીકરણ અનામતની સુસંગતતા અથવા સફળતા પર પ્રશ્ન ઉઠાવતું નથી. તે એ ખાતરી કરવાનો પ્રયાસ કરે છે કે અનુસૂચિત જાતિઓના સમુદાયના ઐતિહાસિક રીતે સૌથી વધુ વંચિત લોકો સુધી પણ અનામતનો લાભ મળે. બંધારણ જાતિ, ગરીબી, બહિષ્કાર અને અન્યાયના ક્રૂર સત્યોથી પોતાની નજર દૂર કરતું નથી.

### ૨ મોટા રેલવે પ્રોજેક્ટને કેબિનેટ દ્વારા મંજૂરી મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA) દ્વારા રેલવે મંત્રાલયના બે મહત્ત્વના પ્રોજેક્ટને મંજૂરી મળી ગઈ છે. કુલ ૬,૪૦૫ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂર કરાયેલા આ પ્રોજેક્ટ્સ માત્ર રેલવે નેટવર્કનું વિસ્તરણ જ નહીં પરંતુ, સ્થાનિક લેવલે રોજગારી અને વ્યાપારની નવી તકો ખુલશે. આ પ્રોજેક્ટને મળી મંજૂરી, કોડરમા - બરકાકાના ડબલિંગ (૧૩૩ કિમી) : આ વિભાગ ઝારખંડની મુખ્ય કોલસા ઉત્પાદન વિસ્તારમાંથી પસાર થાય છે. પટના અને રાંચી વચ્ચે સૌથી નાનો અને કાર્યક્ષમ રેલ માર્ગ પણ છે. બલ્લારી - ચિકજજુર ડબલિંગ (૧૮૫ કિમી) : આ મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સ દ્વારા રેલવેની કાર્યકારી ક્ષમતા અને સેવાઓની વિશ્વસનીયતામાં નોંધપાત્ર સુધારો આવશે.

### આખરે 3 વર્ષ બાદ સિંગર સિદ્ધુ મૂસેવાલાના મોતનો ભેદ ઉકેલાયો

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૨ ।

મે ૨૦૨૨ માં પંજાબના પ્રખ્યાત ગાયક સિદ્ધુ મૂસેવાલાની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર અને તેની ગેંગ પર આ હત્યા કરવાનો આરોપ હતો. મૂસેવાલા પંજાબના માનસા જિલ્લામાં સ્થિત તેમના વતન ગામ નજીક પોતાની કારમાં જઈ રહ્યો હતો અને તેમની કાર પર ૧૦૦થી વધુ ગોળીઓ ચલાવવામાં આવી હતી. આ કેસમાં ૩ વર્ષ વીતી ગયા પછી, ગોલ્ડી બ્રારે રહસ્ય ખોલ્યું કે તેણે મૂસેવાલાની હત્યા કેમ કરાવી? બીબીસીને આપેલા એક ઈન્ટરવ્યુમાં, હત્યાના મુખ્ય આરોપી સતિંદરજીત સિંહ ઉર્ફે ગોલ્ડી બ્રારે જણાવ્યું કે તેણે અને તેના સાથીઓએ આ હત્યા કેવી રીતે કરી અને મૂસેવાલાની હત્યા કેમ કરવામાં આવી. બ્રારે બીબીસીને કહ્યું, તેના ઘમંડમાં, તેણે (મૂસેવાલાએ) એવી ભૂલો કરી હતી જેને માફ કરી શકાય નહીં.

નેતન્યાહૂ સરકારનું અસ્તિત્વ જોખમમાં!

## રાહત સામગ્રી મેળવતા પેલેસ્ટેનિયનો પર ગોળીબાર, ૩૬નાં મોત નીપજ્યા

### સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય દેશોના દબાણ પછી ઇઝરાયેલે સહાય સામગ્રી મોકલવાનું શરૂ કરતા પેલેસ્ટેનિયનોની ધીરજ તૂટી રહી છે

। (એજન્સી) અલ-બલાહ, તા.૧૨ ।



ગાઝામાં સહાય મેળવવા માટે મક્કમ પ્રયાસ કરી રહેલા પેલેસ્ટેનિયનો પર ફરી ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેમાં ૩૬ લોકોના મોત અને ૨૦૭ ઘાયલ થયા છે. નિષ્ણાતો અને માનવતાવાદી સહાય કાર્યકરોનું કહેવું છે કે, ઈઝરાયેલની નાકાબંધી અને ૨૦ મહિનાના લશ્કરી અભિયાને ગાઝાને દુષ્કાળની અણી પર ધકેલી દીધું છે. આમ, ઈઝરાયેલી અને યુએસ સમર્થિત ગાઝા હ્યુમેનિટેરિયન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત સહાય સ્થળો નજીક ગોળીબારમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૬૩ લોકો માર્યા ગયા છે અને ૧,૪૯૫ ઘાયલ થયા છે.મહત્વનું છે કે, ઈઝરાયેલ-હમાસ યુદ્ધથી પીડાતા પેલેસ્ટેનિયનોને ભૂખે મરવાનો વારો આવ્યો છે. જો કે, સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય દેશોના દબાણ પછી ઈઝરાયેલે સહાય સામગ્રી મોકલવાનું શરૂ કરતા પેલેસ્ટેનિયનોની ધીરજ તૂટી રહી છે. પરિસ્થિતિ એવી છે કે રાહત સામગ્રી મેળવવા માટે ગાઝાના વિતરણ કેન્દ્રો પર ભીડ એકઠી થઈ રહી છે. તો બીજી તરફ ઈઝરાયેલી સેના પેલેસ્ટેનિયનોને કાબુમાં લેવા માટે સતત ગોળીબાર કરી રહી છે. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે તેમણે શંકાસ્પદો પર ચેતવણી રૂપે ગોળીબાર કર્યો હતો અને ઉમેર્યું કે સહાય સ્થળો ખુલતા પહેલા તેઓ તેમના સૈનિકો તરફ આગળ વધ્યા હતા.

હરિયાણાની વિચિત્ર ઘટના

## જમીનનું વળતર ઓછું મળતા ખેડૂતે હાઇવે પર દીવાલ બાંધવાનું શરૂ કર્યું

### વાહનચાલકો આ વિસ્તારમાં પહોંચ્યા તો ખબર પડી કે સ્ટેટ હાઇવે બંધ છે અને ત્યાં મજૂર દીવાલ બનાવી રહ્યાં છે

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૨ ।



હરિયાણાના એક સ્ટેટ હાઈવે પર ખેડૂતે દીવાલનું બાંધકામ શરૂ કરી દીધું છે. જેના કારણે ટ્રાફિક ડાયવર્ટ કરવું પડયું અને લોકોને ખેતરમાંથી થઈને બહાર નીકળવાની ફરજ પડી હતી. આ કેસ કુરુક્ષેત્રથી પહોવાને જોડતા સ્ટેટ હાઈવેનો છે. ખેડૂત બલવિંદર સિંહે અને તેમના પરિવારે સ્ટેટ હાઈવે પર દીવાલનું બાંધકામ શરૂ કરી દીધું છે. વાહનચાલકો આ વિસ્તારમાં પહોંચ્યા તો ખબર પડી કે સ્ટેટ હાઈવે બંધ છે અને ત્યાં મજૂર દીવાલ બનાવી રહ્યાં છે. દીવાલ બનાવવાનું કામ શરૂ કરનાર લોકોએ યાત્રીઓને જણાવ્યું હતું કે આ જમીન અમારી છે અને જો તમારે આગળ જવું હોય તો ખેતરમાંથી થઈને જવું પડશે. મોટી સંખ્યામાં બાઈક અને અન્ય વાહન ખેતરમાંથી થઈને પસાર થયા. જો કે ભારે વાહનો ત્યાં જ ઉભા રહ્યાં જેના કારણે ટ્રાફિક જામ થઈ ગયો હતો.ઘટનાની જાણ થતાં વહીવટી અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. આ અધિકારીઓએ બલવિંદર અને પરિવારને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે તે રસ્તો બંધ ન કરે. તો બલવિંદરે જણાવ્યું હતું કે આ જમીન અમારી છે અને સરકાર વળતર આપે.જો વળતર નહીં મળે તો અમે અમારી જમીન પર કબજો કરી લઈશું. પોલીસે પહોવા પોલીસ સ્ટેશનમાં બલવિંદર સિંહના પાંચ લોકો અને કેટલાક અજ્ઞાતની વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.

## લોસ એન્જેલસમાં લૂંટફાટ શરૂ થતાં કરફ્યુ લાદવો પડ્યો

### ટ્રમ્પે ઈમિગ્રેશનની નીતિમાં ફેરફારની જાહેરાત કર્યા બાદ લોસ એન્જેલસમાં શુક્રવારથી દેખાવો થઈ રહ્યા છે

। (એજન્સી) લોસ એન્જેલસ, તા.૧૨ ।



લોસ એન્જેલસમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. સુરક્ષા દળોની કડકાઈ છતાં પ્રદર્શનકારીઓ વધુ આક્રમક થઈ રહ્યા છે. લોસ એન્જેલસમાં દુકાનો-ઓફિસોમાં લૂંટફાટ શરૂ થઈ જતાં કરફ્યુ લાદવાની ફરજ પડી હતી. શુક્રવારથી જે વિસ્તારોમાં સતત દેખાવો થઈ રહ્યા છે તેવા ૨.૫ ચોરસ કિમીમાં આ કરફ્યુ લાદવામાં આવ્યો છે. કરફ્યુના પગલે શહેરમાં તણાવ ઘટવાની આશા મેયર મેકડોનેલે વ્યક્ત કરી છે. લોસ એન્જેલસમાં પ્રદર્શનકારીઓએ હિંસા બાદ લૂંટફાટ શરૂ દેતાં ટ્રમ્પ ફરી મેદાને આવ્યા છે. ટ્રમ્પે કટોકટીના સમયે યુએસ પ્રમુખની સત્તાનો ઉપયોગ કરી ઈન્સ્યુરેક્શન એક્ટ લાગુ કરવાની વિચારણા હાથ ધરી છે. આ એક્ટ હેઠળ બળવા કે રમખાણ જેવી સ્થિતિમાં સૈન્યને જવાબદારી સોંપવામાં આવે છે. યુએસ આર્મીની ૨૫૦મી જયંતિ નિમિત્તે ફોર્ટ બ્રેગ ખાતે વક્તવ્ય દરમિયાન ટ્રમ્પે દેખાવકારોને વિદેશી શત્રુ અને જાનવર ગણાવ્યા હતા. લોસ એન્જેલસમાં ઊભી થયેલી સ્થિતિને લોકશાહી પર પ્રહાર સમાન ગણાવી ટ્રમ્પે લોસ એન્જેલસમાં ભયંકર માહોલ હોવાનું કહ્યું હતું. કેલિફોર્નિયાના ગવર્નર ન્યૂસમ જૂઠ્ઠાણું ફેલાવતા હોવાનો દાવો પણ ટ્રમ્પે કર્યો હતો. ગવર્નર ન્યૂસમ પણ ટ્રમ્પ સામે ટક્કર ઝીલવા ખૂબ ઉત્સુક છે. લોસ એન્જેલસમાં હિંસા ભડકાવવા પ્રયત્ન કરનારા તત્વોને ચેતવણી આપ વાની સાથે ન્યૂસમે પ્રમુખ ટ્રમ્પની જોહુકમીનો સામનો કરવા જણાવ્યું હતું. ટ્રમ્પે ઈમિગ્રેશનની નીતિમાં ફેરફારની જાહેરાત કર્યા બાદ લોસ એન્જેલસમાં શુક્રવારથી દેખાવો થઈ રહ્યા છે. અમેરિકાના સીએટલ અને ઓસ્ટિનથી શિકાગો અને વોશિંગ્ટન સહિત અનેક સ્થળે દેખાવો શરૂ થઈ જતાં ટ્રમ્પે નેશનલ ગાર્ડને સાબદાં કરી દીધા છે અને તેમને અલગ-અલગ સ્થળે રવાના કરી દેવાયાં છે. સાન ફ્રાન્સિસ્કોમાં ઈમિગ્રેશન કોર્ટની બહાર ૨૦૦ જેટલા દેખાવકારો ભેગા થઈ સૂત્રોચ્ચાર કરતા હતા. નજીકની કાર અને ઈમારતોમાં તોડફોડ શરૂ થતાં ૧૫૦ની ધરપકડ કરાઈ હતી. સીએટલમાં લોકોએ પ્રદર્શન કર્યુ હતું. ન્યૂયોર્કમાં વિશાળ રેલીનું આયોજન થયું હતુ અને ઈમિગ્રેશન કોર્ટની બહાર લોકો ભેગા થયા હતા. શિકાગોમાં ટોળાએ દેખાવો કર્યા હતા. ડેનેવરમાં હજારો લોકો રસ્તા પર ઉતરી આવતા, ટ્રાફિક અટવાયો હતો.

વીજ સપ્લાય ઠપ થતાં હજારો ઘરમાં અંધારપટ

## દ.આફ્રિકામાં ભીષણ પૂર, ૬ વિદ્યાર્થી સહિત ૫૦ના મોત

### ભારે ઠંડીને કારણે દેશના કેટલાક વિસ્તારોમાં વરસાદ અને બરફ પડ્યો હતો અને ત્યારબાદ વિનાશકારી પૂર આવ્યું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

દક્ષિણ આફ્રિકાના પૂર્વી કેપ પ્રાંતમાં ભારે વરસાદ અને હિમવર્ષાના કારણે આવેલા ભીષણ પૂરથી લગભગ ૫૦ લોકોનાં મોત થયા છે. અહેવાલો અનુસાર, ભારે ઠંડીને કારણે દેશના કેટલાક વિસ્તારોમાં વરસાદ અને બરફ પડ્યો હતો અને ત્યારબાદ વિનાશકારી પૂર આવ્યું હતું. પૂર્વી કેપના પ્રીમિયર ઓસ્કાર માબુયાને જણાવ્યું હતું કે, 'પોલીસે મૃત્યુઆંકની પુષ્ટિ કરી છે. મૃતકોમાં છ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે જેઓ મંગળવારે નદી પાસે પૂરના પાણીમાં ફસાઈ ગયા બાદ તણાઈ ગયા હતા. અન્ય ચાર વિદ્યાર્થીઓ હજુ પણ ગુમ છે. પૂરને કારણે ઈસ્ટર્ન કેપ પ્રાંતમાં સૌથી વધુ નુકસાન થયું છે. પૂરને કારણે અનેક મકાનોને નુકસાન થયું છે અને મોટી સંખ્યામાં કારો પૂરના પાણીમાં તણાઈ ગઈ છે.'દક્ષિણ આફ્રિકા આફ્રિકન ખંડના દક્ષિણ છેડે આવેલું છે. તેને ઘણીવાર ''એક દેશમાં વિશ્વ'' કહેવામાં આવે છે.

સ્મિથ-વેબસ્ટરની લડાયક રમત

## વર્લ્ડ ટેસ્ટની ફાઇનલમાં ઓસી. સામે સાઉથ આફ્રિકન બોલર્સનું વર્ચસ્વ

### સાઉથ આફ્રિકાએ ટોસ જીતીને ઠંડા હવામાનનો લાભ ઉઠાવવાના ઇરાદાથી ઓસ્ટ્રેલિયાને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું

। (એજન્સી) લંડન, તા.૧૨ ।

કેગિસો રબાડા અને માર્કો યાનસેનની વેધક બોલિંગ સામે ઓસ્ટ્રેલિયન બેટર્સ શરણે થઈ જતાં બુધવારથી અહીંના લોર્ડ્ઝ ખાતે શરૂ થયેલી આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં સાઉથ આફ્રિકાનું વર્ચસ્વ રહ્યું હતું. ઓસ્ટ્રેલિયન ટીમ ૨૧૨ રનના સામાન્ય સ્કોરે આઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા માટે સ્ટિવ સ્મિથ અને બેઉ વેબ્સ્ટરે અડધી સદી ફટકારી હતી તો સાઉથ આફ્રિકા માટે રબાડા અને યાનસેને મોટા ભાગની વિકેટો ખેરવી હતી.સાઉથ આફ્રિકાએ ટોસ જીતીને ઠંડા હવામાનનો લાભ ઉઠાવવાના ઈરાદાથી ઓસ્ટ્રેલિયાને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યુ હતું. કેપ્ટન ટેમ્બા બાવુમાનો આ નિર્ણય યોગ્ય ઠર્યો હતો કેમ કે સાતમી ઓવરમાં ૧૨ રનના કુલ સ્કોરે કાંગારું ઓપનર ઉસ્માન ખ્વાજા આઉટ થઈ ગયો હતો. કેગિસો રબાડાને તેને આઉટ કર્યો ત્યાં સુધીમાં ખ્વાજા ૨૦ બોલ રમવા છતાં એકેય રન કરી શક્યો ન હતો. એ જ ઓવરમાં રબાડાએ ટીમને બીજી સફળતા અપાવતાં કેમરૂન ગ્રીનને પણ પેવેલિયનમાં મોકલી આપ્યો હતો. આમ ઓસ્ટ્રેલિયાએ એક જ ઓવરમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. સ્ટિવ સ્મિથ અને મેરનસ લબુશેને રકાસ અટકાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ હવે યાનસેનનો વારો હતો. તેણે લબુશેન અને ટ્રેવિસ હેડને ઉપરા ઉપરી આઉટ કરી દેતાં ઓસ્ટ્રેલિયાએ ૬૭ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. દિવસના પ્રથમ સત્રમાં સાઉથ આફ્રિકન બોલર્સ છવાયેલા રહ્યા હતા. જોકે અનુભવી સ્ટિવ સ્મિથ અને બેઉ વેબસ્ટરે મળીને કાંગારું ટીમ માટે સારી લડત આપી હતી અને સ્કોર ૧૪૬ સુધી પહોંચાડી દીધો હતો. ૧૧૭મી ટેસ્ટ રમી રહેલા સ્ટિવ સ્મિથની હાજરીથી થોડો ફરક પડી ગયો હતો પરંતુ પોતાની ટેસ્ટ કારકિર્દીની ૪૨મી સદી પૂરી કર્યા બાદ જ્યારે એમ લાગતું હતું કે આ ૩૬ વર્ષીય બેટર ૩૭મી સદી ફટકારશે ત્યારે એઈડન માર્કરમે સાઉથ આફ્રિકાને સફળતા અપાવી હતી અને આ ભાગીદારીનો અંત આણ્યો હતો. સ્ટિવ સ્મિથ ૧૧૨ બોલમાં દસ ચોગ્ગા સાથે ૬૬ રન ફટકારીને આઉટ થયો હતો.

## ડિરેક્ટર સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવનારી લુટેરી દુલ્હન નીકળી

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

કુંભ ગર્લ મોનાલિસાને હીરોઈન બનાવનાર ડાયરેક્ટર સનોજ મિશ્રા પર રેપનો આરોપ લગાવનાર પૂજા મિશ્રા હવે પોતે જ જેલમાં છે. પૂજાએ અગાઉ પોતાને સનોજ મિશ્રાની આસીસ્ટન્ટ ડાયરેક્ટર બતાવી હતી અને તેમના પર ગંભીર આરોપ લગાવ્યા હતા. પણ પછી તે સોશિયલ મીડિયા પર સનોજની પત્ની સાથે દેખાવા લાગી અને આરોપો પાછા ખેંચી લીધા. જો કે વાત અહીં અટકી નહી. જોધપુર પોલીસે તેની ૨૦૨૪ના ચર્ચિત લૂટેરી દુલ્હન કેસ સંબંધમાં ધરપકડ કરી છે. જોધપુરના ઝાલામંડ ક્ષેત્રના નિવાસી દેવારામ પ્રજાપતે આરોપ લગાવ્યો છે કે પૂજા મિશ્રાએ એક દલાલ વિમલા દેવી સાથે મળીને પોતાનું ખોટુ નામ અને સરનામુ બતાવીને તેની સાથે ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ લગ્ન કર્યા હતા. પૂજાએ ત્યારે પોતાની ઓળખ બિહારની નમી મિશ્રા તરીકે આપી હતી. દેવારામે વિમલા દેવની બે લાખ રૂપિયા દલાલી પેટે ચૂકવ્યા હોવાનું જણાવ્યું. લગ્નના આઠ જ દિવસ પછી પૂજા રોકડ અને દાગીના લઈને નાસી ગઈ. લાંબો સમય શોધ કર્યા પછી દેવારામે તેને સોશિયલ મીડિયા પર એક ઈન્ટરવ્યુમાં જોઈ અને ઓળખી લીધી અને પોલીસને જાણ કરી. પોલીસ તપાસમાં જાણ થઈ કે પૂજાએ બનાવટી ઓળખ બનાવીને લગ્ન કર્યા હતા. બિહારની હોવાનું જણાવીને લગ્ન કરનાર પૂજા અસલમાં યુપી ઝાંસીની નિવાસી છે અને તેનું ખરુ નામ પૂજા દેવી છે. આ સમગ્ર ઘટનાક્રમે પૂજાના અનેક ચહેરા બેનકાબ કર્યા અને તેની છેતરપિંડીની પદ્ધતિ ઉજાગર કરી. પોલીસ હવે પૂજાએ અન્ય કેટલા લોકો સાથે ઠગાઈ કરીને લૂટ ચલાવી છે.

યહુદીઓની કત્લેઆમ કરવાના ષડયંત્રમાં

## કેનેડામાંથી પાકિસ્તાની નાગરિકને યુએસ ડિપોર્ટ કરવામાં આવ્યો

### આરોપીએ ન્યૂયોર્ક શહેરના એક યહુદી સેન્ટર પર ઘાતક આતંકવાદી હુમલો કરવાનું પ્લાનિંગ કર્યું હતું

। (એજન્સી) વોશિંગ્ટન ડીસી, તા.૧૨ ।



પાકિસ્તાનના એક નાગરિકને બ્રુકલિનના યહુદી સેન્ટર પર ફાયરિંગ કરવાનું ષડયંત્ર રચવાના આક્ષેપમાં કેનેડામાંથી અમેરિકા ડિપોર્ટ કરવામાં આવ્યો છે. મોહમ્મદ શાહબાજ ખાન નામના આ પાકિસ્તાની નાગરિકનું પ્લાનિંગ સાતમી ઓક્ટોબરે હમાસ સ્ટાઈલમાં હુમલો કરવાનું હતું. આ સાથે જ એ કેનેડામાં શરણાર્થીનો દરજ્જો મેળવવા ઈચ્છતો હતો. ઉલ્લેખનીય છે કે બે વર્ષ પહેલા સાતમી ઓક્ટોબર ૨૦૨૩એ હમાસે ઈઝરાયેલ પર હુમલો કરીને ૧૨૦૦ લોકોની હત્યા કરી દીધી હતી. અમેરિકાના ન્યાય વિભાગના કહેવા મુજબ, ખાનની ગત વર્ષે અમેરિકા-કેનેડા બોર્ડરની પાસેથી ધરપકડ કરાઈ હતી અને તેને આ સપ્તાહમાં ન્યૂયોર્ક લાવવામાં આવ્યા હતો. મોહમ્મદ શાહબાજ ખાને યહુદી સેન્ટર પર એઆર-સ્ટાઈલ રાઈફલ અને ચાકુઓથી હુમલો કરવાનું પ્લાનિંગ બનાવ્યું હતું. તેમના સીક્રેટ એજન્ટોએ જણાવ્યું કે મોહમ્મદ શાહબેજ ખાન વધુને વધુને યહુદીઓની હત્યા કરવા ઈચ્છતો હતો. સરકારી વકીલોનું કહેવું છે કે મોહમ્મદ શાહબાજ ખાને એક અમેરિકન સહયોગી અને બે સીક્રેજ એજન્ટોની સાથે મળીને ષડયંત્ર રચ્યું હતું. ખાને બ્રુકલિનના યહુદી ધાર્મિક સેન્ટરના એક પ્રાર્થનાસ્થળની તસવીર પણ શેયર કરી હતી. અમેરિકાના એટોર્ની જે ક્લેટને કહ્યું કે, આરોપીએ ન્યૂયોર્ક શહેરના એક યહુદી સેન્ટર પર ઘાતક આતંકવાદી હુમલો કરવાનું પ્લાનિંગ કર્યું હતું. એ ઓટોમેટિક હથિયારોથી યહુદી વસ્તીને વધુને વધુ નુકસન કરવા ઈચ્છતો હતો.

# તંત્રી લેખ...

## આંતરરાષ્ટ્રીય આતંકવાદ વિરુદ્ધ મોટી સફળતા

અમેરિકાએ આંતરરાષ્ટ્રીય આતંકવાદ વિરુદ્ધ એક મોટો પ્રયાસ સફળતાપૂર્વક પાર પાડ્યો છે. પાકિસ્તાની મૂળના કેનેડામાં વસવાટ કરનારા મુહમ્મદ શહઝેબ ખાનને હવે અમેરિકાની કસ્ટડીમાં લાવવામાં આવ્યો છે. તેમના પર આરોપ છે કે તેમણે ન્યૂયોર્ક સ્થિત યહૂદી સમાજના એક કેન્દ્ર પર આતંકવાદી હુમલો કરવાની ગંભીર યોજના બનાવી હતી. FBI (ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન) અનુસાર, શહઝેબ ખાને ISIS (ઈસ્લામિક સ્ટેટ) જેવી આંતરરાષ્ટ્રીય આતંકી સંગઠનોથી પ્રેરિત થઈને, ૨૦૨૪ના ઓક્ટોબર ૭ના રોજ ન્યૂયોર્કના બ્રુકલિનમાં આવેલા યહૂદી સમુદાય કેન્દ્રમાં ગોળીબાર કરીને મોટાપાયે જાનહાનિ કરવાની યોજના ઘડી હતી. આ તારીખ હમાસના ઈઝરાયેલ પર હુમલાની પ્રથમ વર્ષગાંઠ હોવાને કારણે પસંદ કરવામાં આવી હતી, જેથી વધુ આતંક ફેલાવાઈ શકે. શહઝેબ ખાનને ૨૦૨૪ના સપ્ટેમ્બરમાં કેનેડામાં ધરપકડ કરવામાં આવ્યો હતો. બંને દેશોની કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે તેમને અમેરિકા લાવવામાં આવ્યા છે, જ્યાં તેમના પર સાંઘતિક હત્યા, આતંકવાદી ઘટનાની યોજના, અને આતંકી સંગઠન સાથે સંકળાયેલા રહેવા જેવા ગંભીર ગુનાઓ હેઠળ કેસ ચલાવવામાં આવશે. FBIના અધિકારીઓએ જણાવ્યું કે, ''આ કેસ એ સાબિત કરે છે કે યહૂદી સમુદાય સામે આંતરરાષ્ટ્રીય સ્તરે આતંકી ધમકીઓ વધી રહી છે, અને અમેરિકાની અંદર પણ આવા તત્વો માટે કોઈ સ્થાન નથી. અમે દેશની સુરક્ષા માટે ચેતી રહ્યાં છીએ.'' અધિકારીઓ અનુસાર, જો શહઝેબ ખાનનો પ્લાન અમલમાં આવ્યો હોત, તો અમેરિકાની ભૂમિ પર ૯/૧૧ પછીનો સૌથી મોટો આંતકવાદી હુમલો બની શકતો. પરંતુ FBI અને કેનેડિયન સુરક્ષા એજન્સીઓએ સમયસર માહિતી મેળવી હુમલો થવાને પહેલા જ તેને અટકાવી દીધો.

## ૧૫ દિવસના 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન'નું ઔપચારિક સમાપન

### ૫૫ હજારથી વધુ કાર્યક્રમો, ૧ લાખથી વધુ ગામડાઓ સુધી પહોંચ અને લગભગ ૧ કરોડ ૧૨ લાખ ખેડૂતો સાથે વાર્તાલાપ

કેન્દ્રીય કૃષિ, ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન'ના ૧૫મા અને છેલ્લા દિવસે ગુજરાતના બારડોલીમાં ખેડૂત સંમેલનને સંબોધન કર્યું હતું. આ અભિયાનના અંતની ઔપચારિક જાહેરાત સાથે, શ્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે ભલે આજે અભિયાન સમાપ્ત થઈ રહ્યું છે, પરંતુ ખેડૂતો સાથે સંપર્ક અને સંવાદની પ્રક્રિયા ચાલુ રહેશે. સંબોધન કરતી વખતે શ્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે સરદાર વલ્લભભાઈ પટેલની આ કર્મભૂમિ પર આવીને હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. આજના દિવસે જ, ૧૨ જૂન ૧૯૨૮ના રોજ, સરદાર વલ્લભભાઈ પટેલે બારડોલી સત્યાગ્રહ માટે એક સભા યોજી હતી. તેમણે અંગ્રેજો દ્વારા ખેડૂતો પર ૨૨ ટકા કર વધારા સામે સંઘર્ષ શરૂ કર્યો હતો. આ સત્યાગ્રહમાં મહિલાઓએ મુખ્ય ભૂમિકા ભજવી હતી અને આ જ કારણ છે કે સરદાર વલ્લભભાઈ પટેલને સરદારનું બિરુદ આપવામાં આવ્યું હતું. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના કારણે જ આજે ભારત એક થયું છે. વલ્લભભાઈ પટેલે ૫૫૦ થી વધુ રજવાડાઓને એક કરવામાં અજોડ ભૂમિકા ભજવી હતી. ગુજરાત એ અનેક મહાપુરુષોની ભૂમિ છે. દેશ અને દુનિયાને દિશા આપનારા સંતો, ઋષિઓ, મહાઋષિઓ, ક્રાંતિકારીઓ અને મહાત્મા ગાંધી આ ભૂમિની ભેટ છે. આપણા પ્રતિષ્ઠિત પ્રધાનમંત્રી પણ ગુજરાતની દેશને મળેલી એક એવી ભેટ છે, જેના માટે આખો દેશ ગુજરાતનો ઋણી રહેશે. શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'લેબ ટુ લેન્ડ' ના વિઝનને આગળ વધારવા માટે 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું. કૃષિ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. અર્થતંત્રમાં કૃષિનો ૧૮ ટકા ફાળો છે. આજે પણ અડધી વસતિ આજીવિકા માટે ખેતી પર નિર્ભર છે. આ અભિયાન હેઠળ ૧૬ હજાર વૈજ્ઞાનિકોની ૨,૧૭૦ ટીમો બનાવવામાં આવી હતી. વૈજ્ઞાનિકોની ટીમો ગામડે ગામડે જઈને ખેડૂતો સાથે સીધી વાતચીત કરી અને તેમને સંશોધન વિશે સાચી માહિતી પૂરી પાડી છે. વિસ્તારની આબોહવાની પરિસ્થિતિઓ અને ખેતરની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, ખેડૂતોને માહિતી આપવામાં આવી છે. સંતુલિત ખાતરો અને જંતુનાશકોના ઉપયોગ અંગે માહિતી આપવામાં આવી છે. આ સાથે, ખેડૂતોની સમસ્યાઓ સાંભળ્યા પછી, ભવિષ્યમાં વધુ સંશોધનની દિશા નક્કી કરવાનું કાર્ય પણ કરવામાં આવ્યું. શિવરાજ સિંહે ગુજરાત સરકારના પ્રયાસોની પ્રશંસા કરતા કહ્યું કે ગુજરાતમાં કુદરતી ખેતીના પ્રયાસો ઉત્તમ છે, ખેડૂતો અજાયબીઓ કરી રહ્યા છે. આ સાથે, ટેકનોલોજીનો ઉપયોગ પણ મોટા પાયે ખેતીમાં થઈ રહ્યો છે, જેનો ખેડૂતોને ખૂબ ફાયદો થયો છે. ડાંગર, ઘઉં, મગફળી, મકાઈ, સોયાબીનનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. એરંડા, જીરું, વરિયાળી, ખજૂર જેવા ચોક્કસ કૃષિ ઉત્પાદનોમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. દેશમાં ૭૭ ટકા એરંડા, ૪૪.૫ ટકા મગફળી, ૨૪ ટકા કપાસ, ૧૫ ટકા ચણાનું ઉત્પાદન ગુજરાત પોતે કરી રહ્યું છે. ગુજરાત ખાદ્ય પ્રક્રિયા અને મૂલ્યવર્ધન દ્વારા કૃષિ ક્ષેત્રમાં ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાતના ખેડૂતો સતત આગળ વધી રહ્યા છે અને દેશને દિશા બતાવી રહ્યા છે. ગુજરાતમાંથી ઘણા ઉત્પાદનોની નિકાસ થાય છે. ગુજરાતના ખેડૂતો ખાદ્ય પ્રક્રિયા અને મૂલ્યવર્ધન દ્વારા પણ પ્રગતિ કરી રહ્યા છે. ગુજરાત બાગાયતી ક્ષેત્રે પણ આગળ છે. શ્રી શિવરાજ સિંહે કહ્યું કે ઘણા ખેડૂતોએ કુદરતી ખેતી અંગેના પોતાના અનુભવો મારી સાથે શેર કર્યા છે. ખેડૂતો પાસેથી સાંભળીને આનંદ થયો કે કુદરતી ખેતી ખર્ચ ઘટાડે છે અને ઉત્પાદન પર પણ અસર થતી નથી અને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો મળે છે. ખેતીને આગળ વધારવા માટે છ સિદ્ધાંતો - ઉત્પાદન વધારવું, ઉત્પાદન ખર્ચ ઘટાડવો, ખેડૂતોને તેમના ઉત્પાદન માટે વાજબી ભાવ સુનિશ્ચિત કરવા, નુકસાનના કિસ્સામાં યોગ્ય વળતર, કૃષિ વૈવિધ્યકરણ અને જમીનની ફળદ્રુપતા જાળવીને આવનારી પેઢી માટે પૃથ્વીને સુરક્ષિત રાખવી છે. શિવરાજ સિંહે કહ્યું કે આજે 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' ઔપચારિક રીતે સમાપ્ત થઈ રહ્યું છે, પરંતુ આ અંત નથી. 'એક રાષ્ટ્ર-એક કૃષિ-એક ટીમ' ની ભાવના સાથે ખેડૂતો સાથે સતત સંપર્ક અને સંદેશાવ્યવહાર ચાલુ રહેશે. ખેતીમાં સુધારેલી જાતોનો ઉપયોગ, યાંત્રિકીકરણ, પ્રતિ ટીપાં વધુ પાક, સિંચાઈમાં પાણીનો વધુ સારો ઉપયોગ, નવા બિયારણનો ઉપયોગ જરૂરી છે.

**બા એવાં જ એક ઉત્તમ ગૃહિણી હતાં, કે જેમણે જીવન પર્યંત પોતાના ગૃહસ્થીની ગાડીના બેય પૈડાં બની આ ગૃહસ્થાશ્રમ ચલાવ્યો છે**

## ''નર્મદા બા'' રામચરિત માનસના કેટલાંય મૌન સ્ત્રી પાત્ર જેમ પડદા પાછળ રહી જીવી ગયા!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણાં વૈદિક શાસ્ત્રમાં એવી કેટલીય સ્ત્રીઓ હશે, જેણે એનાં પતિના સેવા કાર્યમાં વિના શરત યોગદાન આપ્યું! અને ''નર્મદા બા'' ની નોંધ પણ સમાજે એ રીતે જ લેવી પડશે! જેમ જલારામ બાપા યાદ કરીએ અને વીરબાઈ મા નું સમર્પણ યાદ આવે!**

બુધ ગુરુ તબિયતની બીમારી નડી ગઈ, અને ત્યાં તા ૧૦/૬ ૨૦૨૫ નાં રોજ રાત્રે એક એવી ઘટના ઘટી કે જાણે આપણે એને હજી ઓળખ્યા પણ નહીં અને કોઈ ફોટા પર હાર ચડી ગયો! પણ એ નિખાલસ ચહેરો આજે કંઈક લખવા પ્રેરે છે. એ ઘટના ઘટી અને ૧૧/૬ એ સોશ્યલ મીડિયા પર મેસેજ ફરવા લાગ્યો કે જાણીતા કથાકાર પૂજ્ય મોરારી બાપુના ધર્મ પત્ની નું રાત્રીના ૧.૩૦ આસપાસ નિધન થયું! વડ સાવિત્રી પૂનમના આંગળી ચીંધ્યા દિવસે વિદાય લીધી! જાણે નર્મદા બા એમનાં પતિને એટલે કે બાપુને આયુષ્ય આપતા ગયા!સમાજને હજી તમારી વધુ જરૂર છે! આમ એમનાં જવાથી સમાજને એક પતિવ્રતા સ્ત્રીની ખોટ પડી! આપણાં વૈદિક શાસ્ત્રમાં એવી કેટલીય સ્ત્રીઓ હશે, જેણે એનાં પતિના સેવા કાર્યમાં વિના શરત યોગદાન આપ્યું! અને ''નર્મદા બા '' ની નોંધ પણ સમાજે એ રીતે જ લેવી પડશે! જેમ જલારામ બાપા યાદ કરીએ અને વીરબાઈ મા નું સમર્પણ યાદ આવે! નાગર નરસિંહ ને યાદ કરીએ અને માણેક મહેતી ને કેમ ભૂલાય ! પતિનાં કાર્યમાં જો પત્ની નો સહયોગ હોય નહીં! તો એ પતિનું આટલું ઉપર ઉઠવું શક્ય જ નથી! બાપુ પરિવાર સાથે એક આતમિય નાતો એટલે બે ત્રણવાર મળવાનું પણ થયું! ''નર્મદા બા'' એકદમ સ્નેહાળ વ્યક્તિત્વ ધરાવતા હતા અને કાયમ સૌની સાથે સ્વજન જેવો વ્યવહાર કરે! એની આસપાસ રહેનારા દરેકની નાની મોટી સમસ્યા સમયે ઉભા રહે ! પોતાના થી થાય એટલી મદદ કરે ! બાપુની ખ્યાતિ દેશ વિદેશ સુધી પહોંચેલી એટલે જાત જાતના લોકો આવે ! અને એ દરેકની અતિથિ દેવો ભવ જેમ આદરથી સત્કાર કરવો ! અને સૌને માન આપવું આ બધું સહજ ! કાયમ નાના માણસો માટે કરુણા ભરેલી એ આંખો હવે જોવા નહીં મળે! આ બધી વાત એનાં ઉમદા સ્વભાવનું વર્ણન કરે છે! એક મહિલા તરીકે એમને જે શારીરિક આર્થિક કે સામાજિક તકલીફો ગૃહસ્થી ના શરૂઆતના સમયમાં પડી, એ તકલીફ એમની આસપાસના પરિવાર ને ન પડે એમની એ તકેદારી રાખતાં.

''બાપુ અને બા '' જાણે શંકર પાર્વતી એટલે કે શંકર ની શક્તિ હતાં! અને છતાં સમાજ એને પુજે એવી અપેક્ષા ક્યારેય રાખી નહીં, અને મૌન રહી પોતાના પતિના કાર્યમાં સહયોગ કરતાં રહ્યાં! આપણે સૌ જાણીએ છીએ એમ બાપુ સતત કથાઓમાં ફરતાં રહે ! ઉપરથી બીજા સામાજિક કાર્ય પણ હોય! એટલે બહુ સ્વાભાવિક રીતે ઘર પરિવારને એટલો સમય અપાયો ન્હોય! આ ઉપરાંત એક સ્ત્રીની પોતાની પણ પતિના સાનિધ્યની ઝંખના હોય! એક સંતાનને ઉછેરવું એ પણ મુશ્કેલ હોય ત્યારે આ સંતાનો ઉછેરતા ઉછેરતા ગામ અને નાત વ્યવહાર પણ નિભાવવાના. કુટુંબ કબીલામાં લગ્ન મરણ કે અન્ય વ્યવહાર નિભાવવાના આ બધું જરાય સહેલું નથી! અને એ પણ મૌન! પણ ખરેખર કોઈ એ સાચું કહ્યું છે, કે કોઈ સફળ વ્યક્તિની પાછળ કોઈ સ્ત્રીનો હાથ હોય છે. બાપુ તો પૂર્ણ વૈરાગી એટલે વળી એક કથા શરૂ પણ...

કથાની ભાષામાં કહીએ તો, રામચરિત માનસમાં ઘણા સ્ત્રી પાત્રો છે અને એ યુગ જ પતિના પગલે ચાલવાનો હતો! એટલે કે પતિના કહ્યાં અનુસાર જ જીવવાનું! અને એ રીતે સતી એટલે કે શંકર પત્ની! નું જીવન થોડું જુદું બતાવ્યું! અને એટલે અંતે દક્ષ યજ્ઞમાં પોતાના શરીરની આહુતિ આપી દીધી. પણ પછીના બધાં જ ચરિત્રો મહાન! પાર્વતી કે જેણે રામકથા વિશે જીજ્ઞાશા કરી અને આપણને કથા મળી. કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી, સીતા, સુનયના, માંડવી ઉર્મિલા શ્રુત કિર્તી, અરે દાનવો માં મંદોદરી ઈન્દ્રજીત ની પત્ની સુલોચના અને ત્રિજટા સહિત કેટલીય સ્ત્રીઓનાં જીવન તેમના પતિનાં જીવન યજ્ઞમાં આપેલ એમની મૌનની આહુતી વગર અધૂરાં હતાં! અને છતાં એની એટલી નોંધ લેવાઈ નથી! પણ આજે યુગ બદલાઈ ગયો છે અને એટલે નર્મદા બા એ ભલે સમાજ સન્મુખ થઈ કર્મ કર્યું ન્હોય, પણ આટલા મોટા સેવાયજ્ઞના એને માત્ર સાક્ષી કહેવું એ થોડું અધૂરું લાગે છે! બાપુ તો કથાના માધ્યમથી સત્ય પ્રેમ અને કરુણા! ની ત્રીવેણી વહાવે છે અને ''રામ હી કેવલ પ્રેમ પિયારા'' સૂત્ર મુજબ છેક છેવાડાના માનવી સુધી પહોંચવા કરુણા કરી રહ્યા છે! પણ જે તે સમયે એમના પરિવારનો શૂન્યાવકાશ પૂરવા કોઈ આવ્યું નહોતું! અને એટલે જ સમાજમાં એવા ઘર પરિવારને આર્થિક તેમજ સાંત્વના આપી એ એમની પડખે ઉભા રહે છે.

એક સ્ત્રી ને કેટલાય મોરચે કેટલાય કિરદાર નિભાવી જીવવાનું હોય છે અને એમાં પણ એક ખ્યાતનામ પતિની પત્નીને તો મર્યાદા પણ કેટલી ! એટલે અન્યની સમસ્યા પતિ ઉકેલે! પણ પોતાના સંતાનો કેમ મોટા થયા એ વાત માત્ર નર્મદા બા જાણતા હોય,ઉપરથી સૌથી મોટી વહુ એટલે એમ પણ સમજદારી દેખાડવી પડે.

આપણે ત્યાં કહેવત છે કે પુત્ર ના લક્ષણ પારણાં માં અને વહુનાં લક્ષણ બારણાં માં! એટલે કે સ્ત્રી સુલક્ષણા હોય તો પતિ પરિવાર ને તારે અને એ હિસાબે ''નર્મદા બા'' નર્મદા નદી જેમ સરળતાથી જીંદગી ભર વહી રહ્યાં! અવરોધ ની પરવાહ કર્યા વગર પતિની વ્યાખ્યા મુજબ પરંપરા ને પ્રવાહી બનાવી નિર્મળતાનો પ્રસાદ વહેંચતાં વહેંચતા અમરતા પ્રાપ્ત કરી ગયા. ''નર્મદા બા'' ને સાધુ જ્ઞાતિગત સંસ્કાર મુજબ સમાધિ આપવામાં આવી! સાધુઓ માં જન્મ મરણને ઉત્સવ મનાવવામાં આવે છે, અને એ મુજબ ''નર્મદા બા'' એમનાં નિવાસ સ્થાન કૈલાસના એક નિશ્ચિત સ્થાન પર નિશ્ચિત અવસ્થા મુકરર કરી બેસી ગયા. પણ બહુ ઓછાં લોકો એમના જીવન વિશે જાણતાં હશે! આજે તો હવે કેટલાય લેખમાં એમનાં જન્મ, લગ્ન અને મહુવા તલગાજરડા ગામમાં એના પારિવારિક જીવન પર ના પાસાં ઓ તેમજ ફોટાઓ સાથે લેખ મુક્યાં! પણ નર્મદા બા રામચરિત માનસ ના કૌશલ્યા સુમિત્રા ઉર્મિલા માંડવી શ્રુતકિર્તી જેમ મૌન સ્ત્રી પાત્રો જેમ પડદા પાછળ રહી જીવી ગયા! પણ જન માનસમાં કાયમ એનું સ્થાન કૈલાસ જેટલું ઉંચુ રહેશે. એક ગૃહિણી ઉપર જ લખવું હોય તો હજી ઘણું લખી શકાય! અને નર્મદા બા એવાં જ એક ઉત્તમ ગૃહિણી હતાં, કે જેમણે જીવન પર્યંત પોતાના ગૃહસ્થીની ગાડીના બેય પૈડાં બની આ ગૃહસ્થાશ્રમ ચલાવ્યો છે. જય સીયારામ.

**સમભાવ એટલે વિષયભાવનો અભાવ, સમભાવ એ જ ઈશ્વર ભાવ, મનુષ્ય સર્વમાં સમભાવ રાખી વ્યવહાર કરે તો તેનું મરણ સુધરે છે**

## સમભાવ જાગે તેનું નામ સ્મશાન! સ્મશાનમાં રાજા આવે કે રંક કે મૂર્ખ આવે કે વિદ્વાન, સૌના શરીર ની ત્યાં રાખ જ થાય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સર્વમાં ઈશ્વરભાવ જાગે તો દીનતા આવે, દૈન્ય આવે, પરમાત્માને પ્રસન્ન કરવાનું સાધન પણ દૈન્ય છે, ભાગવતની કથા અમર છે, અમર કથાનો આશ્રય લે તે અમર બને છે, પરીક્ષિત, શુકદેવજી અમર છે, ભાગવતની કથા તમને ભક્તિ રસનું દાન કરે છે, ને અમર બનાવે છે, મીરાંબાઈ દ્વારિકાધીશ માં અને ગૌરાંગ પ્રભુ જગદીશમાં સદેહે શમી ગયાં અને અમરબન્યાં માટે ભાગવતની કથા સાંભળો, યોગ કે તપ વિના ભગવાનને મેળવવાનું સાધન એટલે ભાગવત શાસ્ત્ર.**

કાળઝાળ ગરમી વચ્ચે ગ્લોબલ વોર્મિંગ અસરતળે ચોમાસું જે નજીક આવ્યું હતું તે પાછું ઠેલાયું છે.હવે કુદરત ક્યારે કૃપા કરે પણ મેઘરાજા અબોલ જીવોના તફડિયા જોઈ પધારે.. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ જોઈએ તો સ્મશાને રોજ જવાની જરૂર નથી.પણ, સ્મશાનને રોજ યાદ કરવાની જરૂર છે. શંકર સ્મશાનમાં વિરાજે છે. શંકર જ્ઞાનના દેવ હોવાથી સ્મશાનમાં રહે છે. સ્મશાનમાં સમભાવ જાગે છે તેથી જ્ઞાન પ્રગટ થાય છે.એથી સ્મશાન જ્ઞાન ભૂમિ છે. સમભાવ જાગે તેનું નામ સ્મશાન. સ્મશાનમાં રાજા આવે કે રંક કે મૂર્ખ આવેકે વિદ્વાન, સૌના શરીર ની ત્યાં રાખ જ થાય છે. સમભાવ એટલે વિષયભાવનો અભાવ. સમભાવ એ જ ઈશ્વર ભાવ. મનુષ્ય સર્વમાં સમભાવ રાખી વ્યવહાર કરે તો તેનું મરણ સુધરે છે. સર્વમાં ઈશ્વરભાવ જાગે તો દીનતા આવે, દૈન્ય આવે. પરમાત્માને પ્રસન્ન કરવાનું સાધન પણ દૈન્ય છે.ભાગવતની કથા અમર છે. અમર કથાનો આશ્રય લે તે અમર બને છે. પરીક્ષિત, શુકદેવજી અમર છે.ભાગવતની કથા તમને ભક્તિ રસનું દાન કરે છે, ને અમર બનાવે છે.મીરાંબાઈ દ્વારિકાધીશ માં અને ગૌરાંગ પ્રભુ જગદીશમાં સદેહે શમી ગયાં અને અમરબન્યાં માટે ભાગવતની કથા સાંભળો. યોગ કે તપ વિના ભગવાનને મેળવવાનું સાધન એટલે ભાગવત શાસ્ત્ર.

બુદ્ધિનો પરિપાક, જ્ઞાનનો પરિપાક, જીવનનો પરિપાક થાય પછી વ્યાસજીએ આ ગ્રંથની રચના કરી છે. ભગવાનના નામના જપ કરતાં પ્રેમથી આ કથા શ્રવણ કરજો. તમે નિ:સંદેહ થશો. ભાગવત નારાયણરૂપ છે પરિપૂર્ણ છે. તેના શ્રવણથી નાસ્તિક હશે તે આસ્તિક થશે. આસ્તિકને માર્ગદર્શન મળશે. શુકદેવજીએ બધું છોડયું પણ આ કથા છોડી નહિ.આત્મારામ કોટીના મહાત્મા ઓ પણ આ શ્રીકૃષ્ણ કથામાં પાગલ બને છે. સિદ્ધ, આસ્તિક, નાસ્તિક, પામર દરેકને આ કથા દિવ્ય જીવનનું દાન કરે છે. વ્યવહારનું જ્ઞાન પણ ભાગવતમાં આવશે.ભાગવતમાં ભક્તિયોગ જ્ઞાનયોગ,કર્મયોગ,સમાજધર્મ, સ્ત્રી ધર્મ,આપદધર્મ,રાજનીતિ વગેરેનું જ્ઞાન ભર્યું છે.આ એક જ શાસ્ત્ર એવું છેકે જેનું શ્રવણ-મનન કર્યા પછી કંઈ જાણવાનું બાકી રહેતું નથી.વ્યાસજી કહે છે કે,મારા ભાગવતમાં નથી તે જગત ના કોઈ ગ્રંથમાં નથી.ભાગવતમાં છે તે બીજા ગ્રંથમાં છે. ભાગવતશાસ્ત્રએ પરિપૂર્ણ નારાયણનું દિવ્ય સ્વરૂપ છે. વ્યાસાશ્રમમાં ભાગવતના આરંભ માં પૂજન માટે વ્યાસજીએ ગણપતિ મહારાજનું આવાહન કર્યું, એટલે ગણપતિ મહારાજ પ્રગટ થયા. વ્યાસજીએ કહ્યું, મારે ભાગવતશાસ્ત્રની રચના કરવી છે. પરંતુ લખે કોણ? ગણપતિ કહે, લખવા તૈયાર છું. પરંતુ હું એક ક્ષણ પણ નવરો નહીં બેસું. ગણપતિનું વાહન ઉંદર છે. ઉંદર એટલે ઉદ્યોગ. ઉદ્યોગ ઉપર બેસે તેની રિદ્ધિસિદ્ધિ દાસી થાય છે. સતત ઉદ્યોગ કરો તો રિદ્ધિસિદ્ધિ તમારી દાસી થશે.

પ્રત્યેક કાર્યના આરંભમાં ગણપતિ નું પૂજા કરવામાં આવે છે, કારણ કે ગણપતિ વિઘ્નહર્તા દેવ છે. ગણપતિનું પૂજન કરવું એટલે જિતેન્દ્રિય થવું.

ગણપતિ મહારાજ થયા છે લેખક અને વ્યાસજી થયા છે વક્તા. ગણપતિએ કહ્યું, 'હું એક ક્ષણ પણ નવરો નહીં બેસું. ચોવીસ કલાક તમારે કથા કરવી પડશે.' ત્યારે વ્યાસજીએ કહ્યું કે હું જે બોલું તે યોગ્ય છે કે અયોગ્ય તે સમજી વિચારપૂર્વક લખજો.સો શ્લોક થાય એટલે વ્યાસજી એક ફુટ શ્લોક મૂકે. ગણપતિ તેનો વિચાર કરવામાં રહે, એટલામાં વ્યાસજી પોતાનાં બીજાં કાર્યો પતાવી લે.ભાગવતમાં અનેક વખત એવા પ્રસંગો આવે છે, જેનો લક્ષ્યાર્થ શું છે તેનો વક્તા-શ્રોતા વિચાર કરે કહે છે કે, હિરણ્યાક્ષના મુકુટની ટોચ સ્વર્ગને અડતી હતી અને એના શરીરથી દિશાઓ ઢંકોઈ જતી હતી.લોભ દહાડે દહાડે વધે છે તેબતાવવાનો આનો હેતુ છે.

સત્ કર્મમાં વિઘ્ન આવે છે તેથી માત્ર સાત દિવસની કથાનો ક્રમ બતાવ્યો છે.સત્ અને શનકાદિક ની કથા એકહજાર દિવસ ચાલેલી વિઘ્ન ન આવે તે માટે વ્યાસજી પ્રથમ શ્રી ગણેશાય નમ: કહી ગણપતિ મહારાજને વંદન કરે છે.તે પછી સરસ્વતીને વંદન કરે છે.સરસ્વતીની કૃપાથી મનુષ્ય માં સમજ આવે છે, તે પછી સદ ગુરુને વંદન કરે છે.તે પછી ભાગવતના પ્રધાનદેવ શ્રીકૃષ્ણને વંદન કરે છે.

વૃદ્ધાવસ્થામાં ભાગવત શાસ્ત્રની રચના કર્યા પછી વ્યાસજીને ચિંતા થઈ કે આ શાસ્ત્ર હું કોને આપું? ભાગવતની રચના કર્યા પછી મેં કલમ મૂકી દીધી છે. બહુ બોલ્યો, બહુ લખ્યું! પ્રભુથી વિખૂટા પડેલા જીવો મારા શ્રીકૃષ્ણની સન્મુખ આવે તે માટે મેં ભાગવતશાસ્ત્ર બનાવ્યું છે.ભાગવતએ પ્રેમશાસ્ત્ર છે.આ પ્રેમશાસ્ત્રનો પ્રચાર જે અતિશય વિરક્ત હોય તે જ કરી શકે. શ્રીકૃષ્ણ સિવાય બીજા સાથે પ્રેમ કરનારો.આ કથાનોઅધિકારી નથી. આવો કોણ મળે? સંસારસુખ ભોગવ્યા પછી ઘણાને વૈરાગ્ય આવે છે. પણ જન્મથી વૈરાગ્ય અપનાવેલું હોય તેવોકોણ મળે? કોઈ લાયક પુત્રને આ જ્ઞાન આપી દઉં, જેથી તે જગતનું કલ્યાણ કરે. આવા વિચારે વૃદ્ધાવસ્થામાં પુત્રૈષણા જાગી, ભગવાન શંકર વૈરાગ્યનું સ્વરૂપ છે. 'શિવજી મારા ઉપર કૃપા કરે અને મારે ત્યાં પુત્ર રૂપે અવતરે તો કાર્ય થાય.'

વ્યાસજીએ શંકરની આરાધના કરી. શિવજી પ્રસન્ન થયા. વ્યાસજીએ માગ્યું. સમાધિમાં આપ જે આનંદ આપ ભોગવોછો તે જગતને આપવા આપ મારે ઘરે પુત્રરૂપે પધારો!તમારે આવવાની જરૂર નથી પણ અનેક જીવોનું કલ્યાણ કરવા આપ આવો. તમને માયા શું અસર કરી શકવાની હતી?શિવજીએ વિચાર્યું સમાધિ માં હું જે આનંદનો અનુભવ કરું છું તે જગતને ન આપું તો હું એકલપેટો ગણાઉં. એટલે શિવજી અવતાર લેવા તૈયાર થયા. શુકદેવજી ભગવાન શિવનો અવતાર હતા એટલે તેઓ જન્મ થી પૂર્ણ નિર્વિકાર છે. જે જન્મથી વિરકત હોય તેને સોળઆની વૈરાગ્ય કહેવાય. જ્ઞાની પુરુષો માયાનો સંગ રાખતા નથી.જ્ઞાની પુરુષો માયાથી અસંગ રહેવા પ્રયત્ન કરે છે, ત્યારે વૈષ્ણવો માયામાં પણ ઈશ્વરનો અનુભવ કરે છે. શુકદેવજીના જન્મથી કથાઓ અન્ય પુરાણોમાં છે. શુકદેવજી સોળ વર્ષ સુધી માના પેટમાં રહ્યા છે. માના પેટમાં સોળ વર્ષ સુધી પરમાત્માનું ધ્યાન કર્યું છે.વ્યાસજીએ પુછયું કે,તું કેમ બહાર આવતો નથી. શુકદેવજીએ જવાબ આપ્યો,હું સંસારના ભય થી બહાર આવતો નથી?મને માથાથી બીક લાગે છે.ત્યારે ભગવાને આશ્વાસન આપ્યું કે મારી માયા તને વળગી શકશે નહીં. તે પછી શુકદેવજી માતાના ગર્ભમાંથી બહાર આવ્યા. શુકદેવજીની બ્રહ્મનિષ્ઠા, વૈરાગ્ય અને અલૌકિક પ્રેમલક્ષણા ભક્તિ જોઈ વ્યાસજી પણ શુકદેવજીને માન આપે છે. જન્મ થતાં વેંત શુકદેવજી વન તરફ જવા લાગ્યા. અરણીદેવીએ પ્રાર્થના કરી કે, મારો દીકરો મને છોડીને જાય છે તે માટે તમે તેને રોકો!ત્યારે વ્યાસજી સમજાવે છે કે,તે તો જગતનું કલ્યાણ કરવા જાય છે. પણ પછી તો વ્યાસજી પણ વિહ્વળ થાય છેને મહાજ્ઞાની હોવા છતાં પુત્રની પાછળ પાછળ દોડે છે.વ્યાસ નારાયણ શુકદેવજી ને બોલાવે છે કે, હે પુત્ર પાછો વળ! મને છોડીને જઈશ નહીં. હું તને લગ્ન કરવા આગ્રહ નહીં કરું. પરંતુ શુકદેવજી તો શ્રીકૃષ્ણના ધ્યાનમાં મગ્ન છે. ત્યાં હવે કોણ પિતા?કોણ માતા?લૌકિક સંબંધ નું વિસ્મરણ થાય છે ત્યારે બ્રહ્મ સંબંધ થાય છે. લૌકિક સંબંધનું સ્મરણ છે, ત્યાં સુધી ઈશ્વરમાં આસક્તિ થતી નથી. શુકદેવજી વૃક્ષો દ્વારા જવાબ આપે છે કે,તમને પુત્ર દેતાં દુ:ખ થાય છે,પણ અમને જો કોઈ પથ્થર મારે તો તેને ફળ દઈએ છીએ. વૃક્ષનો પુત્ર છે ફળ. પથ્થર મારનારને ફળ આપે એજ વૈષ્ણવ તો તમે પુત્ર વિયોગથી શું કામ રડો છો? તમારો પુત્ર જગતનું કલ્યાણ કરવા જાય છે. વ્યાસજી વ્યગ્ર છે.ત્યારે શુકદેવજીએ કહ્યું કે, આ જીવ અનેક વખત પુત્ર બન્યો અને અનેક વખત પિતા બન્યો છે. પિતાજી, તમે મારા પિતા નથી, હું તમારો પુત્ર નથી,તમારા અને મારા સાચા પિતા નારાયણ છે. મને જે આનંદ મળ્યો છેતે આનંદજગતને આપવા હું જાઉં છું. વ્યાસજી કાંઈ આ નહોતા જાણતા એમ નહીં. તેઓ તો સર્વજ્ઞ હતા. જાણતા જ હતા જે વાસનામાં બંધાયેલો જીવ અનેક વખત પિતા-પુત્ર,સ્ત્રી, પતિ બને છે. અનેક વખત પૂર્વજન્મના શત્રુ ઘરમાં આવે છે. વાસનાના કારણે દાદો જ પૌત્ર બનીને આવે છે. તમારા મારા અનેક જન્મ થાય છે. પૂર્વજન્મ યાદ નથી રહેતો એ સારું જ છે. ત્યાંથી શુકદેવજી નર્મદા કિનારે આવ્યા. શુકદેવજીએ વ્યાસજીને કહ્યું કે, 'આ કાંઠે હું બેસું છું, સામે કાંઠે તમે વિરાજો. પિતાજી મારું ધ્યાન ન કરો, દૂરથી ભલે નિહાળો પણ ધ્યાન તો પરમાત્માનું જ કરો.' જે પરમાત્મા પાછળ પડે છે તે જ્ઞાની છે. ભાગવતની કથા સાંભળ્યા પછી તમે પૈસા પાછળ ન પડો પણ પરમાત્માની પાછળ પડો તો કથા સાંભળી સાર્થક થશો. પછી વ્યાસજી પત્નીને સમજાવે છે કે, તને જે સુખ ખૂબ ગમે છે તે અંતર્યામીને અર્પણ કરજે. જે ખૂબ ગમતું હોય તે પ્રભુને આપીએ તો આપણે પ્રભુને ગમીએ! વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી હૃદય મનને શાંત કરવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# હું એની વ્યાજબી માગણીઓને ટેકો આપું છું

## તેણે એમ પણ કહ્યું હતું કે તે એ એક વર્કીંગ મોમ તરીકે આ સ્થિતિ સમજે છે

છેલ્લાં કેટલાંક સમયથી દીપિકા પાદુકોણ અને સંદીપ રેડ્ડી વાંગા વચ્ચેનો વિવાદ ચર્ચામાં છે. સંદીપ રેડ્ડી વાંગાએ સોશિયલ મીડિયા પર જાહેરમાં દીપિકાને પોતાની ફિલ્મ સ્પિરીટમાંથી કાઢીને તૃપ્તિ ડિમરીએ રિપ્લેસ કરી હોવાની પોસ્ટ કરી દીધી હતી. નેહા ધુપિયાએ તાજેતરમાં જ આઠ કલાકની શિફ્ટની વાત કરી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે તે એ એક વર્કીંગ મોમ તરીકે આ સ્થિતિ સમજે છે તેમાં દીપિકાએ દિકરી સાથે સમય વિતાવવા આઠ કલાકની શિફ્ટ અને વધારાના સમય માટે વધારાના વળતરની માગણી કરી હોવાની સૂત્રો દ્વારા માહિતી મળી હતી, જેના પ્રતિસાદમાં સંદીપ રેડ્ડી વાંગાએ દીપિકાને અનપ્રોફેશલ ગણાવીને તેણે તેની ફિલ્મની વાર્તા જાહેર કરી હોવાની પણ વાત કરી હતી. આ મુદ્દે મણિ રત્નમ, અજય દેવગન અને સૈફ અલી ખાને દીપિકાના ટેકામાં નિવેદનો પણ આપ્યાં હતાં અને વર્ક લાઈફ બેલેન્સના મહત્વ વિશે પણ વાત કરી હતી. હવે આ મુદ્દે નેહા ધુપિયાએ દીપિકાને ટેકો જાહેર કર્યો છે. નેહા ધુપિયાએ તાજેતરમાં જ આઠ કલાકની



શિફ્ટની વાત કરી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે તે એ એક વર્કીંગ મોમ તરીકે આ સ્થિતિ સમજે છે. નેહા ધુપિયાએ સોશિયલ મીડિયા પર સ્ટોરી શેર કરીને લખ્યું, ''માત્ર વાતોથી ઉપર ઈઠીને કામ અને અંગત જીવન વચ્ચે તાલમેલ જાળવવા માટે, નવી માતાઓને વ્યવહારુ સમર્થન અને તેમની સ્થિતિને ગંભીરતાથી ધ્યાનમાં લેવાની જરૂર છે. તેના બદલે આપણે તેમને કોરાણે મુકી દઈએ છીએ અથવા તેમની સ્થિતિ માટે તેમને શરમમાં મુકીએ છીએ. નેહા ધુપિયાએ તાજેતરમાં જ આઠ કલાકની શિફ્ટની વાત કરી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે તે એ એક વર્કીંગ મોમ તરીકે આ સ્થિતિ સમજે છે યોગ્ય અને વિચારવા લાયક કામના કલાકો બાબતે હું દીપિકાની વ્યાજબી માગણીના ટેકામાં છું.''

# દસ વર્ષ માત્ર મારી જગ્યા બનાવવામાં જ કાઢ્યા

તાજેતરમાં જાણીતી એક્ટ્રેસ ક્રિતિ ખરબંદાએ તેની નેટફ્લિક્સ સિરીઝ 'રાણા નાઈડુ' અને કૅરીઅર વિશે એક ઈન્ટરવ્યુમાં વિગતે વાતો કરી હતી. છેલ્લાં ઘણા વખતથી એક્ટર અને એક્ટ્રેસ વચ્ચે વળતરના ભેદભાવની ચર્ચાઓ ચાલતી રહે છે. તાજેતરમાં જ્યારે દીપિકાએ ૨૦ કરોડની ફી ઉપરાંત આઠ કલાકના કામ અને વધારાના કામ પર વધારાનું વળતર માગ્યું ત્યારે આ મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો. બીજી તરફ હિરો ફીપેઠે અધધ રકમ માગે તેને લોકો સામાન્ય ગણવા માંડ્યા છે. ત્યારે ક્રિતિએ જેન્ડર બાયસ અને તેણે ઈન્ડસ્ટ્રીમાં સ્વીકૃતિ મેળવવા માટે કેટલો સંઘર્ષ કર્યો, તે અંગે વાત કરી હતી. હવે ક્રિતી નેટફ્લિક્સના શો રાણા નાઈડુની બીજી સીઝનમાં જોવા મળશે, ત્યારે તેણે તેના અનુભવ વિશે પણ વાત કરી હતી. ક્રિતિએ કહ્યું, ''મેં હકીકતમાં ફિલ્મની ફૅનથી લઈને એક કાસ્ટ સુધીની સફર ખેડી છે કારણ કે મને પહેલી સીઝન બહુ ગમી હતી. તેથી મેં જ્યારે મારા પાત્રની સ્ક્રિપ્ટ વાંચી તો સારી વાત એ હતી કે હું બધાને ઓળખતી હતી. જોકે, મને એમાંથી રાણા સિવાય કોઈ સાથે કામ કરવાની તો તક મળી નહોતી. કારણ કે શોમાં અમારો બંનેનો એક અસ્ત વ્યસ્ત પરિવાર છે, જેનું અમારે બંનેને ધ્યાન રાખવાનું છે, તેમાં રજત કપૂર, તનુજ વિરવાણી અને હું છીએ. હું આલિયા ઓબેરોયનું પાત્ર ભજવું છું અને એ એક આવી છોકરી છે જે બહુ મહત્વાકાંક્ષી છે અને ફિલ્મ બિઝનેસ સાથે જોડાયેલી છે. એ બહુ મહત્વાકાંક્ષી છે અને જીવનમાં ઘણું કરવા માગે છે. તે પણ એક નાની લડત લડી રહી છે. તેને પણ જેન્ડર બાયસનો સામનો કરવો પડે છે. તેને લાગે છે કે, તેને કોઈ



ગંભીરતાથી લેતું નથી અથવા તો એક સ્ત્રી છે એટલે તેને મળવો જોઈએ એ શ્રેય મળતો નથી. મને એ પાત્રમાં જે સૌથી વધુ ગમ્યું એ છે, તમે તેને નફરત નહીં કરી શકો. તમે તેના કામને યોગ્ય ઠેરવવાની કોશિશ કરશો અને તમને પણ તેના માટે દયા આવશે કારણ કે એ એવી જગ્યાએથી આવે છે, જેના સિવાય તેની સામે બીજો કોઈ વિકલ્પ નથી. જો મારે ત્રણ શબ્દોમાં આ પાત્ર વિશે વાત કરવાની હોય તો એ નિરિક્ષક છે, તે પ્રપંચી પણ છે અને વિઘ્નસંતોષી પણ છે.''જેન્ડર બાયસ અંગે ક્રિતિએ કહ્યું, ''આપણે ઈચ્છીએ છીએ કે આપણે લોકોને ગમીએ અને એમાં જ આપણે જીવનનો મોટો સમય કાઢી નાખીએ છીએ. આપણે કોઈ મર્યાદા તોડવા માગતા નથી. છોકરી તરીકે તમારા ઉછેરમાં હંમેશા છોકરી જેવું વર્તવા સમજાવાય છે. જો તમે વધુ માગણી કરશો તો તમારા પર તમારી સાથે કામ લેવું અઘરું છે એવી છાપ પડી જશે. આપણને શીખવવામાં આવે છે.

# ડકોટા જહોન્સન-કોલ્ડપ્લેના સિંગર ક્રિસ માર્ટિન અલગ થતા હોવાની ચર્ચા

છેલ્લા કેટલાંક સમયથી ડકોટા ડ્હોનસન અને ક્રિસ માર્ટિન આઠ વર્ષ સાથે રહ્યાં પછી અલગ થઈ રહ્યાં હોવાની ચર્ચા છે. પરંતુ કોલ્ડપ્લે બેન્ડના લીડ સિંગર ક્રિસે આ અંગે કોઈ કડવાશ રાખી હોય એવું લાગતું નથી. સાથે જ ક્રિસે લાસ વેગાસના પોતાના શોમાં ડકોટાની આગામી ફિલ્મ 'મટિરીયાલિસ્ટ્સ'ની જાહેરાત પણ કરી હતી. જોકે, ડકોટાના શબ્દો અને વાત પરથી લાગ છે કે ક્રિસ આ વાતને જેટલી સહજતાથી લે છે, એટલું સહજતા અને હુંફ સાથે ડકોટા આ વાતને લઈ શકી નથી. તાજેતરમાં જ કોલ્ડ પ્લે બેન્ડની 'મ્યુઝિક ઓફ ધ સ્ફીયર્સ' વર્લ્ડ ટૂર યોજાઈ હતી. તેના અંતિમ કોન્સર્ટ વખતે ક્રિસે ડકોટા તરફ સિર ઝુકાવીને કહ્યું હતું, ''દરેકનો ખુબ આભાર. તમારી જાત પર દયા રાખજો. એકબીજા પ્રત્યે દયા રાખજો. મટિરીયાલિસ્ટ્સ જોવાનું ચૂકશો નહીં. અમે તમને પ્રેમ કરીએ છીએ.''જોકે, ડકોટા ડેટિંગ બબાતે ઊંચા ધારા ધોરણો ધરાવતી હોય એવું ટુડે શો વિથ ક્રેગ મેલ્વિન શો પર ક્રિસ ઈવાન્સ સાથેની તેની ચર્ચા પરથી લાગ્યું. પોતાના પાર્ટનર સાથેની એક વાત જેમાં કોઈ જ સમાધાન ન થઈ શકે, તે અંગે વાત કરતા ક્રિસ ઈવાન્સે જણાવ્યું, ''શ્વાનને



પ્રેમ કરવો જોઈએ, એમને પ્રેમ મળવો જ જોઈએ. જો તમને શ્વાન ન ગમતા હોય, તો તમે કરો છો શું?'' તે પોતાના ડોજર નામના શ્વાનને પ્રેમ કરે છે, તેની આ વાત એક સાબિતી જેવી હતી. આ વાતમાં ડકોટા પણ કૂદી પડી હતી અને સમાધાન ન કરવા બાબતો પોતાનો મત જાહેર કરતાં કહ્યું, ''હા, પણ એક ખરાબ વ્યક્તિની જેમ નહીં?'' આ બાબતે ક્રેગ કશું બોલી શક્યો નહીં અને ક્રિસે તાળીઓ પાડીને કહ્યું, ''આ એક દમ ચોક્કસ જવાબ હતો. બરાબર છે. બિલકુલ સચોટ.''ડકોટાએ નિખાલસતાથી આ ફિલ્મમાં તેના રોલ વિશે પણ વાત કરી હતી. આ એક રોમકોમ ફિલ્મ છે.

### કરણ જોહરને થાઈરોઈડ છે

# કરણ જોહરે ૫૩ વર્ષની ઉંમરે ચહેરાનો વીમો ઉતરાવ્યો...

ફિલ્મ નિર્માતા કરણ જોહર વિશે સમાચાર આવ્યા છે, જે સાંભળીને નવાઈ લાગશે. અભિનેતાએ પોતાના શરીરના એક અંગનો વીમો કરાવ્યો છે,જોવાની ખૂબી અએ છે કે આ કામ તેણે દક્ષિણ કોરિયાથી કરાવ્યું છે.કરણ જોહર પોતાની ફેશન સેન્સને લઈને ઘણી ચર્ચામાં રહે છે. તાજેતરમાં કરણના પરિવર્તને બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે. તે પહેલા કરતા ઘણો ફિટ થઈ ગયો છે. એટલું જ નહીં, તેનો પાઉટ પણ ખૂબ પ્રખ્યાત છે અને હવે આ દરમિયાન સમાચાર આવી રહ્યા છે કે કરણે પોતાના ચહેરાનો વીમો કરાવ્યો છે. કરણે દક્ષિણ કોરિયામાં પોતાના ચહેરાનો વીમો કરાવ્યો છે.એક પોસ્ટ વાયરલ થઈ રહી છે જેમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે કરણ તાજેતરમાં ઘણી વખત ગુપ્ત રીતે દક્ષિણ કોરિયા ગયો છે અને ત્યાં તેણે પોતાના ચહેરાનો વીમો કરાવ્યો છે. આ બધું ત્યાં ટ્રેન્ડ કરી રહ્યું છે. જોકે, કરણ તરફથી આ અંગે કોઈ નિવેદન આવ્યું નથી અને કરણે કેટલાનો વીમો કરાવ્યો છે તે પણ અપડેટ કરવામાં આવ્યું નથી.જો આ સાચું હોય તો કરણ પહેલો સેલિબ્રિટી નથી જેણે પોતાના શરીરના અંગનો વીમો કરાવ્યો છે. અમિતાભ બચ્ચન, પ્રિયંકા ચોપરા અને જોન અબ્રાહમે પણ પોતાના શરીરના અંગોનો વીમો કરાવ્યો છે.કરણે તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન જણાવ્યું હતું કે કોઈપણ દવાને કારણે તેનું વજન ઘટ્યું નથી. તેણે કહ્યું હતું કે, હું હંમેશા સ્થૂળતા સામે સંઘર્ષ કરું છું. મેં ઘણા બધા ડાયેટિંગ કર્યા, ૫૦૦થી વધુ વર્કઆઉટ કર્યા, દરેક પ્રકારના જે તમે વિચારી શકો છો.

# અવકાશમાંથી એક પ્રકાશ આવ્યો અને તાજમહેલ થયો ગાયબ...!

## તાજ મહેલ ભારતના સૌથી લોકપ્રિય પ્રવાસન સ્થળોમાંનું એક સ્થળ

તાજ મહેલ ભારતના સૌથી લોકપ્રિય પ્રવાસન સ્થળોમાંનું એક સ્થળ છે. દુનિયાની આઠ અજાયબીઓમાં તે સ્થાન ધરાવે છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો ફરતો થયો છે, જેમાં આ તાજમહેલ ગાયબ થતો દેખાય છે. આ વીડિયોની શરૂઆતમાં દેખાય છે કે આગ્રાના આ જાણીતા સ્થાપત્યની ઉપર એક બ્લ્યુ પ્રકાશ પડે છે. થોડી જ ક્ષણોમાં તાજ મહેલ ગાયબ થઈ જાય છે અને તેનો કોઈ




પુરાવો પણ દેખાતો નથી. વોલ્ટ ડિઝની સ્ટુડિયોઝ ઈન્ડિયા દ્વારા આ વીડિયો પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર શેર કરવામાં આવ્યો છે. તેની આવનારી ફિલ્મ 'એલિયો'ની જાહેરાત માટે આ વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે.આ વીડિયો પોસ્ટ કરતા કૅપ્શનમાં લખાયું છે, ''આગ્રાનાં આકાશમાં વિચિત્ર ઘટના બની છે. આ ઘટનાના પ્રત્યક્ષદર્શીઓના કહેવા મુજબ તેમણે એક વિચિત્ર પ્રકાશ જોયો અને પૃથ્વી પરની અજાયબી ગાયબ થઈ ગઈ છે. ક્યાં ગયો? કોણ લઈ ગયું?'' તેમાં આગળ લખ્યું હતું, ''જો તમે આ અંગે કશું વધારે જાણવા માગતા હોય તો, ૨૦ જૂને 'એલિયો' જુઓ.'' ડિઝની પિક્સરની આ ફિલ્મ એક ઈન્ટરગેલેક્ટિક એડવેન્ચર ફિલ્મ છે, જેમાં ૧૧ વર્ષના એલિયોની વાત છે. એક નાનો છોકરો ગેલેક્સીમાં પહોંચી ગયો હોય છે અને ત્યાં તે પૃથ્વીનું પ્રતિનિધિત્વ કરે છે. આ ફિલ્મ ઈંગ્લિશ, હિન્દી અને તેલુગુમાં રિલીઝ થશે. આ ફિલ્મના ટ્રેલરમાં એલિયો વિવિધ ગ્રહો પર જે પડકારો અને મુશ્કેલીઓ અનુભવે છે, તેની વાત છે. તે વિવિધ ગ્રહો અને વિચિત્ર જીવોને મળતો હોય અને બ્હ્રમાંડના વિવિધ પડકારોનો સામનો કરે છે.



બીબીસીએ યૂટ્યુબ પર બીબીસી વર્લ્ડ સર્વીસ દ્વારા ૧૧ તારીખે ફિલ્મ રિલીઝ

# પ્રતિબંધની અરજી છતાં બીબીસીએ સિદ્ધુની ડોક્યુમેન્ટ્રીને રિલીઝ કરી

પંજાબી ગાયક શુભદીપ સિંઘ સિદ્ધુ, જે સિદ્ધુ મુસેવાલાના નામથી જાણીતો હતો, તેની હત્યા પર આધારીત બે ભાગમાં બનેલી ડોક્યુમેન્ટ્રી બીબીસી વર્લ્ડ સર્વિસ દ્વારા ૧૧ જૂને યુટ્યુબ પર રિલીઝ કરવામાં આવી છે. મુસેવાલાના પિતાએ પંજાબની મનસા કોર્ટમાં આ ડોક્યુમેન્ટ્રીના સ્ક્રીનિંગ પર રોક લગાવવા માટે અરજી કરી હોવા છતાં તેની આ ડોક્યુમેન્ટ્રી તેના જન્મદિવસ નિમિત્તે રિલીઝ કરવામાં આવી છે. કોર્ટમાં ૧૨ જૂને આ પિટિશન પર સુનાવણી થવાની છે.મુસેવાલાના પરિવાર દ્વારા વાંધો ઉઠાવ્યા અને ફરિયાદ કરવા છતાં, પરિવાર પોતાની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરે તે પહેલાં જ બીબીસીએ આ ફિલ્મ બે ભાગમાં પબ્લિશ કરી દીધી છે, સાથે જ તેમાં મુસેવાલાના કેટલાંક રિલીઝ નહીં થયેલાં ગીતો પણ સમાવી લેવાયા છે. આ ફિલ્મમાં મુસેવાલાના જુના મિત્રો, પત્રકારો અને પંજાબ અને દિલ્હીના વરિષ્ઠ પોલીસ અધિકારીઓના ઈન્ટરવ્યુ પણ સમાવાયા છે. તે ઉપરાંત આ ડોક્યુમેન્ટ્રીમાં ગેંગસ્ટર ગોલ્જી બ્રાર સાથેનો ઓડિયો ઈન્ટરવ્યુ પણ સમાવાયો છે, જેના પર ૨૯ મે, ૨૦૨૨ના દિવસે જવાહર કે વિલેજ, મંસા જિલ્લામાં મુસેવાલાની હત્યાનો આરોપ મુકવામાં આવ્યો છે.બીબીસીનો વિચાર બુધવારે સાંજે મુંબઈના એક સિનેમાહોલમાં આ ફિલ્મ રિલીઝ કરવાનો વિચાર હતો. પરંતુ વિવાદને ધ્યાનમાં રાખીને તેમણે આ ડોક્યુમેન્ટ્રી યુટ્યુબ પર રિલીઝ કરી દીધી. આ ડોક્યુમેન્ટ્રીના પહેલા એપિસોડનું નામ 'ધ કિલિંગ કોલ' આપવામાં આવ્યું છે, જેમાં મુસેવાલાનાં બાળપણ, લોકપ્રિયતાની સફર અને તેને લગતાં વિવાદોની વાત કરવામાં આવી છે. જ્યારે બીજા એપિસોડમાં તેની હત્યા અને તેની આસપાસની ઘટનાઓ અંગે વાત કરવામાં આવી છે.બીબીસીએ વીડિયોના વર્ણનમાં લખ્યું છે, ''૨૯ મે, ૨૦૨૨, પંજાબી ગાયકની ભાડુઆતી બંદુકધારીઓએ ગાડીનો પીછો કરીને ગાડીના કાચમાંથી જ ગોળી મારીને હત્યા કરી હતી અને તેને મરતો મુકીને ભાગી ગયા હતા. ત્યાર પછી ગેંગસ્ટર ગોલ્ડી બ્રારે જાહેરમાં આ હત્યાની જવાબદારી લીધી હતી. પરંતુ લગભગ ત્રણ વર્ષ પછી પણ કોઈને સજા પડી નથી, તેની હત્યાનો હેતુ પણ સ્પષ્ટ થયો નથી અને બ્રાર હજુ ખુલીને જીવે છે. બીબીસીએ મુસેવાલાની નજીકના લોકો સાથે વાત કરી, પંજાબના ગામડાંમાંથી તેના ઉદયથી ગ્લોબલ સ્ટરડમ, તે કઈ રીતે ગુનેગારોની જાળમાં ફસાયો.

### હું બીજા કોઈ વિશે વિચાર શા માટે કરું?

# સ્ટારકિડ્ઝને સ્પર્ધા કે નેપોટીઝમનું પ્રેશર કે પરવાહ નથીઃ પલક તિવારી

એક સમય એવો હતો કે કોઈ સ્ટાર કિડ્ઝ લોંચ થવાના હોય તો ડિરેક્ટર્સ અને પ્રોડ્યુસર્સ તેમને લોંચ કરવા માટે કોઈ મોટા પ્રોડક્શનની ફિલ્મ પસંદ કરતા સામે તેમની સામે કોઈ ઈન્ડસ્ટ્રી બહારના કલાકારોને કે અન્ય સ્ટાર કિડ્ઝને એક સાથે લોંચ કરાતા નહોતાં. પરંતુ છેલ્લાં કેટલાંક વખતમાં એકસાથે ઘણાં સ્ટારકિડ્ઝ લોંચ થયાં છે. તેમાં શાહરુખની દિકરી સુહાના ખાન, શ્રીદેવીની દિકરી ખુશી કપૂર, સૈફ અલી ખાનનો દિકરો ઈબ્રાહીમ અલી ખાન, આમિર ખાનનો દિકરો જૂનૈદ ખાન, ટ્વિંકલ ખન્નાની દિકરી રાશા થડાની, ટીવીની દુનિયાની જાણીતી એક્ટ્રેસ શ્વેતા તિવારીની દિકરી પલક તિવારી, શ્વેતા બચ્ચનનો દિકરો અગત્સ્ય નંદા, તેમની સામે ઈન્ડસ્ટ્રી બહારના પરિવારમાંથી આવતા વેદાંગ રૈના, શિખર અને વીર પહારીયા તેમજ લક્ષ્ય સહિતના



યુવા કલાકારોનો સમાવેશ થાય છે. પરંતા આ કલાકારો એવા છે, જેઓ ઘણી પાર્ટી અને જાહેર કાર્યક્રમમાં એકબીજાની સાથે મળીને તેને માણતા દેખાય છે. સાથે જ ક્યારેય કોઈ જાહેરમાં એકબીજા અંગે કોઈ નકારાત્મક નિવેદન કરે તે અસુરક્ષાની લાગણી અનુભવે તેવું પણ ધ્યાનમાં આવતું નથી. આવી જ વાત તાજેતરના ઈન્ટરવ્યુમાં રાશા થડાની અને પલક તિવારીએ પણ કરી છે. પલક તિવારીએ તાજેતરમાં જ તેનાં સાથી કલાકારો સુહાના ખાન અને અનન્યા પાંડે સાથે સ્પર્ધાને કારણે કોઈ પ્રેશર અનુભવાય કે નહીં તે અંગે ખુલીને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતાં. તાજેતરમાં જ 'ભુતની'માં તેના અભિનયની ચર્ચા થઈ છે, ત્યારે તાજેતરનાં ઈન્ટરવ્યુમાં લકે કહ્યું હતું કે જ્યારે ઈન્ડસ્ટ્રીની અન્ય એક્ટ્રેસ સાથે તેની સરખામણી ખાય ત્યારે તે પોતાની લાગણીઓ પર કાબુ રાખવાની કોશિશ કરે છે અને પોતાના કામ પર ધ્યાન આપે છે. પર્ફોર્મન્સ પ્રેશર અંગે વાત કરતાં પલકને પૂછાયું હતું કે અન્ય સ્ટાર કિડ્ઝ અનન્યા પાંડે, સુહાના ખાન, ઈબ્રાહીમ અલી ખાને પણ તેની આસપાસ જ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું છે. ત્યારે તેમની સાથે સરખામણી થાય ત્યારે તેને દબાણ લાગે કે નહીં. આ પ્રશ્નના જવાબમાં પલકે ખુશ થઈને જવાબ આપ્યો હતો કે, ''તમે જ્યારે તમારું કામ શ્રેષ્ઠતાથી કરવા માગતા હોય ત્યારે જો તમે પ્રેશરમાં આવો તો એ તમારા કામમાં વિઘ્ન બની શકે છે, તેથી હું પ્રયત્ન કરું છું કે હું કોઈ પ્રેશર ન અનુભવું. બીજું મને એક્ટિંગ કરીને જાણે કોઈ થેરાપી લેતી હોય એવું અનુભવાય છે. એક્ટર બનવું એ મારા બાળપણનું સપનું રહ્યુ છે. હું જ્યારે કેમેરા સામે હોઉં છું ત્યારે સૌથી ખુશ હોઉં છું. મને સંતોષ છે કે હું મારું સપનું પૂરું કરી શકી છું, તો હું બીજા બધાં માટે વિચાર શા માટે કરું? લોકો વાતો કરશે, એ મારી પાસે તો પાછળથી પહોંચશે, તો એ તો જોઈ લેવાશે. હાલ તો હું ખુશ છું કે હું એક્ટિંગ કરું છું.''પલકે એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે તેની ઉંમરના બધાં જ કલાકારો જ્યારે કોઈ પાર્ટીમાં મળે છે, ત્યારે બધાં જ એકબીજાનાં સંઘર્ષની વાતો કરતાં હોય છે. ''દરેકની પોતાની સફર છે. દરેક એક પડકારજનક સમયમાંથી પસાર થઈ રહ્યાં છે કારણ કે આ યુવાન વયે પોતચાની જાતે પોતાનું નામ બનાવવું અઘરું છે. અમે બધાં જ અમને પોતાને પર્ફોર્મર માનીએ છીએ.

# 'સિતારેં ઝમીન પર'ની રિલીઝ માટે અપનાવી નવી સ્ટ્રેટેજી

## આમિર ખાનને ફિલ્મ સારી ચાલશે એવો વિશ્વાસ છે સાથે તે ઓડિયન્સના બદલાતાં વલણથી પણ માહિતગાર છે

આમિર ખાન તેની ફિલ્મ માટે હંમેશા નવા પ્રયોગ માટે જાણીતો છે. એક્ટર પ્રોડ્યુસર આમિર 'સિતારે ઝમીન પર'ની રિલીઝ મા ટે એક એવી સ્ટ્રેટેજી અપનાવવા જઈ રહ્યો છે, ફિલ્મ રિલીઝના માળખાને નવો આકાર આપી દેશે. આ ફિલ્મને રિલીઝ કરવા માટે આમિરે નવી અને બહુ વિચારપૂર્વકની પેટર્ન અપનાવી છે, જેનો હેતુ ફિલ્મ લાંબી ચાલે અને વધુ દર્શકો સુધી પહોંચે એવો છે.આમિરે સિતારેં ઝમીન પરની રિલીઝ માટે પીવીઆર ઈનોક્સ સાથે દેશના સ્તરે ભાગીદારી કરી છે અને આંતરરાષ્ટ્રિય સ્તરે તેણે અનિલ થડાની સાથે હાથ મિલાવ્યા છે. પરંતુ આ પાર્ટનરશિપથી પણ તેની સ્ટ્રેટેજી વધુ ચર્ચામાં છે. આમિર ખાનને ફિલ્મ સારી ચાલશે એવો વિશ્વાસ છે સાથે તે ઓડિયન્સના બદલાતાં વલણથી પણ માહિતગાર છે. તેથી તે લાંબા ગાળાનું પરિણામ જોઈ રહ્યો છે. ૨૦ જૂને આ ફિલ્મ રિલીઝ થઈ રહી છે, ત્યારે સૂત્રોના મતે આમિર ફિલ્મ રિલીઝ થાય પછી ઓડિયન્સના ધસારાને ધ્યાનમાં રાખીને ધીરે ધીરે ફિલ્મના શો વધારવાનો વિચાર ધરાવે છે. આમિરનો ટાર્ગેટ ૧૦૦૦થી ૧૫૦૦ સ્ક્રીન્સ પર



ફિલ્મ રિલીઝ કરવાનો છે. પહેલાં અઠવાડિયે તે લગભગ ૧૨૫૦ સ્ક્રીનમાં ફિલ્મ રિલીઝ કરશે. આ અંગે સૂત્રએ જણાવ્યું, ''આમિરને કેટલાંક વિસ્તારોમાં ફિલ્મ ઘણી સારી ચાલશે એવો વિશ્વાસ છે, તેથી તે ધીરે ધીરે લોકોની માગણી મુજબ લોકો સુધી પહોંચવાનો પ્લાન ધરાવે છે. હાલ તો એવું લાગે છે કે આમિર પોતાની ફિલ્મ કોઈ ઓટીટી પર રિલીઝ નહીં કરે. હાલ તો એમની ટીમ પાસે વર્ડ ઓફ માઉથના સમય સુધી પહોંચવા આમિર પાસે ઘણો સમય છે. ચોક્કસ પ્લાન શું છે એ તો રિલીઝ નજીક આવે એમ જ ખ્યાલ આવશે.''રસપ્રદ વાત એ છે કે આ પહેલાં આવી સ્ટ્રેટેજી યશરાજ ફિલ્મ્સ અને રાજશ્રી પ્રોડક્શન દ્વારા પણ ઉપયોગમાં લેવાઈ છે. હમ આપકે હૈ કૌન, દમ લગા કે હૈશા અને ઊંચાઈમાં પણ આવું જ થયું હતું. સામાન્ય રીતે બોલિવૂડમાં રિલીઝના પહેલાં જ દિવસે થિએટરમાં લોકોનું ઘોડાપૂર ઉભરાય એવી યોજના ઘડવામાં આવતી હોય છે. પરંતુ આમિર શરૂઆતમાં સ્ક્રિનના આંકડાને નિયંત્રણમાં રાખવા માગે છે પછી સ્ક્રીન વધશે. સૂત્રના જણાવ્યા અનુસાર, ''આમિર કોઈ વીકેન્ડ પર જ ધ્યાન આપતા વીકેન્ડ મોડેલને ધ્યાનમાં રાખીને રિલીઝ કરવા ધારતો નથી. તે ચે તેની વાર્તા લાંબો સમય સુધી ચાલે, ધીરે ધીરે લોકો તેને સમજે ને લોકો ધીરે ધીરે ફિલ્મ સાથે જોડાય એવું ઈચ્છે છે પછી તેમની ભાવનાઓ એકબીજાને કહે, ત્યાં સુધી ફિલ્મ ચાલે એવું ઈચ્છે છે. આ એક જોખમ જરૂર છે -પરંતુ ગણતરીપૂર્વકનું, આમિરની ગુણવત્તા અને જથ્થાની ગણતરી સાથેનું છે.''વધુ એક સૂત્રએ જણાવ્યું, ''આમિર પહેલાંથી જ સિનેમાનો વિદ્યાર્થી રહ્યો છે. તેણે રાજશ્રીના લોકો સાથે મીટિંગ કરી, ચર્ચાઓ કરી તેમની સ્ટ્રેટેજીમાં ઊંડો ઉતર્યો.

# દસક્રોઈ તાલુકાના સિંગરવા ગામે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો સમાપન સમારોહ યોજાયો

### ખેડૂતોને ડ્રોન દ્વારા દવા અને ખાતરનો છંટકાવ કેવી રીતે કરી શકાય તે બાબતે માહિતી આપવામાં આવી



। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।

દસક્રોઈ તાલુકાના સિંગરવા ગામે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો સમાપન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોને કૃષિને લગતી વિવિધ યોજનાઓ, તેના લાભો, યોજના અંતર્ગત સહાય મેળવવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સમાપન સમારોહમાં દસ્ક્રોઈ અને આસપાસના તાલુકાના ૩૮૦ જેટલા ખેડૂતો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં ખેડૂતોને ડ્રોન દ્વારા દવા અને ખાતરનો છંટકાવ કેવી રીતે કરી શકાય તે બાબતની માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ સમાપન સમારોહમાં અભિયાનના નોડલ ઓફિસર ડો. એન. કે. રાઠોડ, બાગાયત વિભાગના અધિકારીશ્રી વત્સલ રાવલ, કૃષિ યુનિવર્સિટી-ના ડો. એન. આર. પટેલ, ડો. ધવલ પઢેરીયા, અક્ષય રામશ્રી તથા ક્રિષ્ણા ચૌધરી સહિત સ્થાનિક આગેવાનો શ્રી અંકિતસિંહ ચૌહાણ, સરપંચશ્રી તેમજ દૂધ સહકારી મંડળીના પ્રમુખ શ્રી રમણલાલ ખોડીદાસ ભોઈ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ સબ જેલ, ડોકી ખાતે સર્વે રોગ નિદાન કેમ્પ યોજાયો

### જેલ સ્ટાફના ૧૫ કર્મચારીઓ અને તેમના ફેમિલી સભ્યો સહિત આશરે ૨૦૦ જેટલા કેદીઓએ કેમ્પમાં ભાગ લીધો



। (માહિતી) દાહોદ, તા.૧૨ ।

દાહોદ સબ જેલ ડોકી ખાતે પોલીસ મહાનિર્દેશક જેલ અને સુધારાત્મક વહીવટની કચેરીના વડાશ્રી ડૉ.કે.એલ.રાવ, અશ્વિન ચૌહાણ તથા અધિક્ષકશ્રી એમ. એલ.ગમારાનાઓના માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.ઉદયકુમાર ટીલાવત, સી.ડી.એમ.ઓ.શ્રી ડૉ.ગુલાબ રામચંદાની, ડી.ટી.એચ.ઓ.શ્રી ડૉ.આર.ડી.પહાડીયા અને તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.ભગીરથ બામણીયાના સહયોગ થકી ડોકી સબ જેલ ખાતે જેલ સ્ટાફ અને બંદીવાનોને C.P.R. ની ટ્રેનીંગ આપવામાં આવી હતી.

તે દરમ્યાન સી.પી.આર. માં જયારે કોઈ મેડીકલ સ્ટાફ કે ડૉકટર હાજર ન હોય તે સમયે કોઈ પણ વ્યકતિ બેભાન થઈ જાય ત્યારે બેભાન થનાર વ્યક્તિના હૃદયની બાજુમા આશરે ૧૦૦ થી ૧૨૦ વાર સી.પી.આર. આપવુ અને આ ક્રિયા વખતે બેભાન થનાર વ્યક્તિનુ નામ કે અન્ય નામથી બોલાવવુ અને ૧૦૮ ને ફોન કરી જાણ કરવા સહિતની જાણકારી આપવામાં આવી હતી.

આઈ.સી.યુ. દ્વારા ૧૦૮ મંગાવવી અને વધારે જરુર પડે તો બેભાન થનાર વ્યક્તિના મોઢામા કઈ પણ હોય તે બહાર કાઢી મોઢા પર રૂમાલ રાખી કૃત્રિમ શ્વાસોશ્વાસ આપવ જેવી અતિ મહત્વની માહિતી આપ વામાં આવેલ હતી. સર્વે રોગોના ડૉકટરશ્રીઓ તથા જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના સર્વે સ્ટાફ દ્વારા જેલમાં રહેલ કેદી ભાઈ-બહેનોને સારવાર અને અને H.I.V., એચ.બી.એસ.એ.જી., T.B., લેપ્રસી, સિકલસેલ, ડાયાબિટીસ, સીફીલીશ જેવા ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આવેલ તમામનું બ્લડ પ્રેશર માપ વામાં આવ્યું હતું. જેમાં જેલ સ્ટાફના ૧૫ કર્મચારીઓ અને તેમના ફેમેલી સભ્યો અને આશરે ૨૦૦ જેટલા કેદીઓએ કેમ્પમાં ભાગ લીધેલ હતો. આ કેમ્પમાં આરોગ્ય શાખાનો મેડિકલ સ્ટાફ હાજર રહ્યો હતો.

# ઝાલોદ તાલુકાના અનવરપુરા રોડ પર વીજ કરંટ લાગતાં ટ્રક ચાલકનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

બાંસવાડા થી એક ટ્રક MP-11-H- 1082 નંબરની ગાડી અલ્ટ્રાટ્રેક સિમેન્ટ ભરી લુણાવાડા ખાતે જઈ રહેલ હતી ત્યારે ૧૧-૦૬-૨૦૨૫ બુધવારના રોજ રાત્રીના ટ્રકના ચાલક મીઠાલાલ ગલીયા રાવત (ઉંમર ૫૫, રહે.ચીરોલાબડા, બાગીદોરા, રાજસ્થાન) અનવરપુરા રોડ પર આવેલ અલ્ટ્રાટેકની ઓફિસ પર અંદાજીત રાત્રીના ૯:૨૦ વાગે લુણાવાડા સિમેન્ટ ઉતારવાનું હોઈ ગુજરાતનુ ઈનવોઈસ બિલ લેવા ઊભું હતું. ઈનવોઈસ બિલ લીધા બાદ ટ્રક ચાલક પોતાની ટ્રક ડ્રાઈવર વહેલી સવારે ૪ વાગે નીકળવાનો હતો તેવું ઈનવોઈસ બિલ આપનાર દુકાનદારનુ કહેવુ છે.

વહેલી સવારે અંદાજીત ૭:૩૦ વાગે રાત્રી દરમિયાન ઈનવોઈસ બિલ કાઢેલ ટ્રક ઉભેલી જોતા અહીંના દુકાનદાર દ્વારા ટ્રક પર જઈ તપાસ કરાતા ડ્રાઈવર ટ્રકમા ન હતો. ટ્રકની ઉપર તપાસ કરાતા ડ્રાઈવરને કરંટ લાગેલું હોવાનું માલુમ પડેલ હતું. ત્યારબાદ સ્થાનિક દુકાનદાર દ્વારા ટ્રક માલિક તેમજ સ્થાનિક પોલીસને જાણકારી આપી હતી. સ્થાનિક પીએસઆઈ સી.કે.સીસોદીયા સ્થળ પર આવી તપાસ કરાતા સ્થાનિક વાતો દ્વારા એવું તારણ કાઢવામાં આવેલ છે કે રાત્રી દરમ્યાન ડ્રાઈવર સુવા જતાં કે સૂઈ ને ઉઠવા જતાં અચાનક ટ્રકની ઉપર જતા હેવી લાઈનના વાયરને અડી જતાં ડ્રાઈવર નું ઘટના સ્થળે મૃત્યુ થયેલ હોવાનું માલુમ પડેલ છે. સ્થાનિક વિસ્તારમાં આવી ઘટનાં બનતા અહીંના લોકોનું માનવું છે કે અહીંયા અવારનવાર ટ્રકો ઉભેલ રહે છે તો ફરી આવાં અકસ્માતો ના સર્જાય તે માટે

એમ.જી.વી.સી.એલના અધિકારીઓ દ્વારા હેવી લાઈનના વાયરો પર કેબલ વાયર નાખવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ બારડોલીના સ્વરાજ આશ્રમની મૂલાકાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

### સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતિ વર્ષ ઉજવણી ઉપલક્ષમાં બારડોલીમાં આયોજિત ખેડૂત સંમેલન પૂર્વે સરદાર સાહેબની ભાવવંદના કરતા મુખ્યમંત્રીશ્રી

। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ ની ઉજવણીના ઉપલક્ષમાં બારડોલીમાં આયોજિત ખેડૂત સંમેલન પૂર્વે સરદાર સાહેબની કર્મભૂમિ સ્વરાજ આશ્રમ, બારડોલીની મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સ્વરાજ આશ્રમ, બારડોલીની તેમની મુલાકાત દરમિયાન સરદાર પટેલ અને મહાત્મા ગાંધીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવીને ભાવાંજલિ આપી હતી. આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ સરદાર નિવાસની મુલાકાત લઈ આશ્રમના ટ્રસ્ટીગણ પાસેથી સરદાર સાહેબે ખેડૂતો માટે કરેલા સંઘર્ષ અંગે વિગતે જાણકારી મેળવી હતી. બારડોલી સત્યાગ્રહ દ્વારા વલ્લભભાઈ પટેલ સરદાર તરીકે ઓળખાયા તેની જાણકારી પણ તેમણે મેળવી હતી.

સરદાર સાહેબ સ્વરાજ આશ્રમમાં તેમના નિવાસ દરમિયાન જે ખંડમાં વિવિધ રાષ્ટ્રહિત પ્રવૃત્તિઓ કરતા હતા તે ખંડ અને સ્મૃતિ ચિન્હોનું નિરીક્ષણ મુખ્યમંત્રીશ્રીએ કર્યુ હતુ અને સરદાર સાહેબની ભાવવંદના કરી હતી.

આશ્રમના સંચાલકોએ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ વર્ષની ઉજવણી ના આ વર્ષમાં મુખ્યમંત્રીશ્રી સ્વરાજ આશ્રમની મુલાકાતે આવ્યા એ માટે ખુશી વ્યક્ત કરી હતી. સરકાર દ્વારા આશ્રમને કરવામાં આવતી મદદ અંગે ટ્રસ્ટીગણે મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આશ્રમના પ્રમુખ ભીખાભાઈ પટેલ, ઉપપ્રમુખ કિરીટભાઈ પટેલ અને મંત્રી નિરંજનાબેને મુખ્યમંત્રીશ્રીનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન સુરતના સાંસદ મુકેશભાઈ, ધારાસભ્ય સવશ્રી ગણપતસિંહ વસાવા, ઈશ્વરભાઈ પરમાર, સંદીપભાઈ દેસાઈ, મોહનભાઈ, કલેકટર ડૉ. સૌરભ પારધી, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી. શિવાની ગોયલ, પોલીસ અધિક્ષક હિતેશ જોયસર, ભાજપ પ્રમુખ ભરતભાઈ રાઠોડ, પૂર્વ જિલ્લા પ્રમુખ ભાવિનભાઈ પટેલ તેમજ સંબંધકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ તાલુકાના લીમડાબરા ગામના પ્રગતિશીલ ખેડૂતશ્રી વસના પસાયાએ અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની જાણકારી માટેની તાલીમ આપી



। (માહિતી) દાહોદ, તા.૧૨ ।

દાહોદમાં લીમડાબરા ગામના પ્રગતિશીલ ખેડૂતશ્રી વસના પસાયા દ્વારા અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવાથી થતા ફાયદા અંગેની વિસ્તાર પૂર્વક સમજ આપવા માટે તાલીમ યોજવામાં આવી હતી.

પ્રાકૃતિક ખેતીમાં શાકભાજી તેમજ અનાજની સાથો-સાથ ફળાઉ પાક પણ કરી શકાય છે, જેમાં કોઈપણ પ્રકારના બાહ્ય રાસાયણિક ખાતરનો ઉપયોગ કર્યા વગર પણ પાકનું સારુ ઉત્પાદન મેળવી શકાય છે. તેમણે પ્રેક્ટિકલ દ્વારા પણ કુદરતી ખાતર કઈ રીતે બનાવી શકાય એ વિશે વિગતે સમજ આપી હતી. ખેડૂતની પોતાની અથાગ મહેનત સિવાય વધારાનો કોઈ ખર્ચ રહેતો નથી. જેમકે, દવા,ખાતર, બિયારણ તેમજ દવા-ખાતર તેમજ બિયારણ લાવવા – લઈ જવાનો ભાડા ખર્ચ પણ મટી જાય છે. પ્રાકૃતિક પદ્ધતિ થકી જમીન પોચી બનતા સારુ ઉત્પાદન તેમજ આવક પણ ઘણી સારી મળે છે. વસના પસાયાએ કહ્યું હતું કે, ખેડૂતોએ પૈસા નહી પરંતુ પોતાનો સમય પોતાના ખેતર, પાક, જમીન અને કુદરતી ખાતર બનાવવા પાછળ ખર્ચ કરવો પડે છે, શરૂઆતી વર્ષમાં નહી પરંતુ ૧-૨ વર્ષ પછી જ તેની સારી અસર જોવા મળશે એમ તેમણે જણાવ્યું હતું.

# યોગ અને પ્રાણાયામ થકી મેદસ્વિતા મુક્ત બનવા તરફ આગળ વધી રહ્યું છે ગુજરાત

### સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતિ વર્ષ ઉજવણી ઉપલક્ષમાં બારડોલીમાં આયોજિત ખેડૂત સંમેલન પૂર્વે સરદાર સાહેબની ભાવવંદના કરતા મુખ્યમંત્રીશ્રી

। (માહિતી) મોરબી, તા.૧૨ ।



યોગ અને પ્રાણાયમ એ દરેક શારિરીક કે માનસિક સમસ્યાઓનું સમાધાન છે, આજના સમયે ચરબી અને મેદસ્વિતાનું પ્રમાણ ચિંતા ઉપજાવે તે રીતે વધી રહ્યુ છે ત્યારે તેના નિવારણ માટે યોગ આશાનું કિરણ સાબિત થઈ રહ્યું છે. આધુનિક યુગમાં શુષ્ક અને નિષ્ક્રિય જીવનશૈલી મેદસ્વિતાનું કારણ બની રહી છે. લોકોની જીવનશૈલીમાં આવેલ ઝડપી પરિવર્તન સરળતાથી ઉપલબ્ધ ઉચ્ચ કેલેરી વાળો ખોરાક, ઝંકફૂડ, ફાસ્ટ ફૂડ, શારીરિક શ્રમ અને વ્યાયામનો અભાવ, બાળકોમાં રમતગમતનો અભાવ ટીવી મોબાઈલ કોમ્પ્યુટર વગેરેના વધુ પડતા ઉપયોગના કારણે તો કેટલીક દવાઓના વધુ પડતા ઉપયોગના કારણે મેદસ્વિતાનું પ્રમાણ હાલ વધી રહ્યું છે. આ બાબતે ગુજરાત સરકારે ચિંતા વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશા દર્શન હેઠળ સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન થકી લોકો સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી અપનાવી મેદસ્વિતા અને મેદસ્વિતાથી થનાર અનેક બીમારીઓ થી બચી શકે તે માટે અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્યારે મેદસ્વિતાને નિયંત્રણમાં લેવા અને તેને નિવારવા માટેનું રામબાણ ઈલાજ એટલે યોગ અને પ્રાણાયામ. જે અન્વયે સરકારના ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ અને પ્રાણાયામ થકી મેદસિતાનું કેવી રીતે નિવારણ લાવી શકાય તે માટે કોમન યોગ પ્રોટોકોલ પણ બનાવવામાં આવ્યો છે. ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનમાં યોગ અને પ્રાણાયામની ભૂમિકા વિશે વાત કરતા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ હેઠળ મોરબીમાં યોગ ક્લાસ ઈન્સ્પેક્શનની જવાબદારી સંભાળતા શ્રી વાલજીભાઈ ડાભીએ જણાવ્યું હતું કે, આજે ગુજરાતમાં જોઈએ તો મેદસ્વિતાનું પ્રમાણ દિવસે અને દિવસે વધી રહ્યું છે. એમાંય ખાસ કરીને બાળકોમાં અનિયમિત ખાન પાન, ફાસ્ટ ફૂડ સહિતના કારણોથી બાળકોમાં ચરબીનું પ્રમાણ વધી જતું હોય છે અને તે અન્ય બીમારીઓને પણ નોતરે છે. ચરબી વધવાને કારણે લીવર અને કીડની પર પ્રેશર વધતું હોય છે. ઉપરાંત ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને કેન્સર જેવી ગંભીર બીમારીઓ માટે પણ ઘણીવાર મેદસ્વિતા કારણભૂત બને છે.

# ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત દાહોદ જિલ્લાના વિવિધ ગામોમાં ગ્રામ સભા યોજાઈ

। (માહિતી) દાહોદ, તા.૧૨ ।

ભારત સરકાર દેશના આદિજાતિ સમુદાયોના સર્વાંગી વિકાસ તેમજ સશકિત કરણ માટે ભારત સરકારના આદિજાતિ મંત્રાલય ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન લોન્ચ કરવામાં આવેલ છે. આ અભિયાન હેઠળ ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ ગાઈડ લાઈન મુજબ રાજ્ય સરકારના વિવિધ ૧૩ વિભાગો સાથે સંકલન સાધીને ગુજરાત રાજયના ૨૧ જિલ્લાઓના ૧૦૨ તાલુકાઓના ૪૨૬૫ ગામોના ૬૬, ૦૫, ૯૧૨ આદિજાતિ લોકોને લાભાન્વિત કરવામાં આવશે. જે પૈકી દાહોદ જિલ્લાના ૯ તાલુકાના ૫૧૨ ગામોના ૧૪,૪૩,૯૦૦ આદિજાતિ લોકોને લાભાન્વિત કરવાના ઉદ્દેશથી દાહોદ જિલ્લાના વિવિધ ગામોમાં ગ્રામ સભા યોજવામાં આવી હતી. જેમાં ગ્રામ જનોને આ અભિયાન વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ અભિયાનને સફળ બનાવવા માટે ૧૫ જુન ૨૦૨૫ થી ૩૦ જુન ૨૦૨૫ દરમ્યાન સુધી વિવિધ કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવશે.

# "પ્લાસ્ટિકમુક્ત ભારત"ના નિર્માણમાં જસદણ નગરપાલિકાની નવતર પહેલ

। (માહિતી) દાહોદ, તા.૧૨ ।



હાલમાં સમગ્ર ભારતમાં પ્લાસ્ટિક પ્રદૂષણ સતત વધી રહ્યું છે ત્યારે પ્રધાનમંત્રીશ્રીની 'પ્લાસ્ટિક મુક્ત ભારત'ની નેમને સાર્થક કરવા જસદણ નગર પાલિકા દ્વારા નવતર પહેલ હાથ ધરવામાં આવી છે.

જસદણ નગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક નાબૂદી ઝુંબેશ અન્વયે તા. ૧૨ અને ૧૩ જૂન દરમિયાન રામેશ્વર નગર ચિતલીયા રોંડ જસદણ ખાતે "MY THELI" ઈવેન્ટ યોજવામાં આવશે. જયાં સવારના ૧૦:૦૦ થી ૦૨:૦૦ અને બપોરે ૦૩:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાનમાં નગર પાલિકા સાથે જોડાયેલા સ્વ સહાય જુથો (સખી મંડળ)ના બહેનો દ્વારા જે નગરજનો પોતાના ઘરના જુના કાપડ લઈને આવશે તેઓને જુના કપડાંની થેલી વિનામૂલ્યે સ્થળ પર બનાવી આપવામાં આવશે.

જસદણ નગરપાલિકાને પ્લાસ્ટિકમુક્ત કરવા સહભાગી બનવા અને કાપડની થેલીનો જ ઉપયોગ કરવા તથા વધુ માહિતી માટે જસદણ નગરપાલિકા મો.નં. ૯૭૨૬૬૧૩૦૮૯ નો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. પરિસ્થિતિ અંકુશમાં રાખવા માટે તમારા ભાઈને મદદ કરો. વિવાદને કારણ વગર વધારશો નહીં એના કરતાં શાંતિપૂર્વક તેને ઉકેલવાનો પ્રયાસ કરજો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે. બાબતોને યોગ્ય રીતે હાથ ધરજો કેમ કે તમારા જીવનસાથીનો મૂડ બહુ સારો જણાતો નથી.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમારા જુસ્સાને અંકુશમાં રાખો તેને કારણે તમારા પ્રેમ પ્રકરણમાં તકલીફ સર્જાઈ શકે છે.



**કર્ક (ડ,હ) :**

આજે કદાચ તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે?



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે સવારે કરેલી ધ્યાન તમારા માટે માનસિક રાહત લાવશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. આજે તમે તમારા જીવન ની મુશ્કેલીઓ તમારા જીવનસાથી સાથે વહેંચવા માંગો છો, પરંતુ તેઓ તમને તેમની સમસ્યાઓ વિશે કહેશે અને તમને વધુ પરેશાન કરી દેશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. કામનું ટૅન્શન તમારા મગજને ઘેરી વળશે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નહીં બચે. તમારી સામે કોઈ આજે પ્રેમનો પ્રસ્તાવ મૂકે એવી શક્યતા છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે ખાસ કરીને બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમને તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. તમારી લવ સ્ટોરી આજે નવો વળાંક લઈ શકે છે, તમારો જીવનસાથી આજે તમારી સાથે લગ્ન વિશે વાત કરી શકે છે. આ કિસ્સા માં, તમારે કોઈ નિર્ણય લેતા પહેલા વિચાર કરવો જ જોઈએ.



**ધન (ભ,ધ,ફ) :**

આજે વહેલી સવારથીજ તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.



**મકર (ખ,જ) :**

આજે અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમારી મદદની જરૂર હોય એવા મિત્રની મુલાકાત લેજો. આકાશ તમને વધુ તેજસ્વી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે, તમારી આસપાસ બધું જ ઝળકતું હોવાનો આભાસ તમને થશે, કેમ કે તમે પ્રેમમાં છો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે બહારનું ભોજનારોગત પહેલા તપાસ કરી લેવી. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો. ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે અને તમારી યોજનાઓમાં તેમના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખી શકો છો. પ્રેમની મસ્તીનો અનુભવ કરવા માટે તમને કોઈ મળી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે. કાર્યક્ષેત્ર માં કોઈ મુશ્કેલી હોવા ને કારણે તમે આજે પરેશાન થઈ શકો છો.

## પોલીસ પૂછપરછમાં પ્રેમી રાજે ખોલ્યા સોનમના અનેક રહસ્યો



**। (એજન્સી) ઈન્દોર, તા.૧૨ ।**

લગ્ન પછીની વિધિઓ પૂરી થાય તે પહેલાં જ સોનમે રાજાને મારી નાખવાનું નક્કી કર્યું. ૧૩ મેના રોજ તેણે રાજ કુશવાહાને મેસેજ કરીને કહ્યું કે હું થાકી ગઈ છું, તેને મારી નાખ, નહીંતર હું મરી જઈશ. રાજે તેના જવાબમાં લખ્યું હતું કે 'હું કાંઈક કરું છું' અને વિશાલ સાથે કાવતરું ઘડવા લાગ્યો હતો. જ્યારે ઈસ્ટ ખાસી હિલ્સ પોલીસે બુધવારે રાત્રે સોનમ, રાજ, વિશાલ, આનંદ અને આકાશની એકસાથે પૂછપરછ કરી, ત્યારે રાજે પણ સોનમના રહસ્યો ખોલવાનું શરૂ કર્યું. તેણે કહ્યું કે સોનમની કડકાઈને કારણે કર્મચારીઓ ઓછી વાત કરતા હતા. તે પોતે તેનાથી ડરતો હતો, પરંતુ તે મને પ્રેમ કરવા લાગી હતી. રાજા સાથે સંબંધ નક્કી થતાં જ સોનમે રાજાને મારી નાખવાનું નક્કી કર્યું હતુ. તેણે ૧૧ તારીખે રાજા સાથે લગ્ન કર્યા, પરંતુ તેના મનમાં હત્યાનો વિચાર આવતો રહ્યો હતો. ૧૩ મેના રોજ તેણે આ ગુસ્સામાં મેસેજ મોકલ્યો હતો. રાજે પોલીસને કહ્યું હતું કે તે સોનમના લગ્નમાં ગયો નહોતો. તે બે દિવસ પહેલા તેના મામાના ઘરે ગયો હતો અને કહ્યું હતું કે તે લગ્ન કરી રહ્યો છે. સોનમે તેને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેના ભાઈ ગોવિંદે કહ્યું કે રાજના પિતા ત્યાં નથી. ધાર્મિક વિધિઓ કરવા માટે રાજની હાજરી જરૂરી છે. હનિમૂન પર જતા પહેલા રાજ ઈન્દોરના સંગમ નગરમાં એક ખાલી મેદાનમાં વિશાલને મળ્યો અને શિલોંગમાં તેની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. ડીઆઈજી શિલોંગ ઈસ્ટર્ન રેન્જ ડેવિડ એનઆર માર્કના જણાવ્યા અનુસાર, સોનમે ૨૩ મેના રોજ મંગળસૂત્ર અને વીંટી બેગમાં છોડી દીધી હતી. પોલીસે હોમસ્ટેમાંથી આ બેગ કબજે કરી છે. જે દિવસે મંગળસૂત્ર મળ્યું તે દિવસે સોનમ પર શંકા ગઈ હતી. નવપરિણીત દુલ્હન બેગમાં મંગળસૂત્ર કેવી રીતે રાખી શકે? પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે સોનમ રાજાની હત્યા કર્યા પછી બેગ લઈને ભાગી જવા માંગતી હતી. સંયોગવશ તે બેગ સ્કૂટરની ડિક્કીમાં રાખી શકી નહી અને રાજાએ તેને હોમસ્ટેમાં જ છોડી દીધી. સોનમે એમ પણ કહ્યું હતું કે પહેલા તેનો ઈરાદો અકસ્માત બતાવવાનો હતો. તે રાજાને ધક્કો મારીને મારી નાખવા માંગતી હતી. ફોટોશૂટ દરમિયાન જ્યારે વિક્કી અને આકાશે તેને ધક્કો માર્યો નહીં, ત્યારે તેમના તરફ ઈશારો કર્યો. જ્યારે વિશાલે રાજા પર હુમલો કર્યો, ત્યારે તેણે સંઘર્ષ કર્યો. પછી બીજો વાર કરવામાં આવ્યો હતો. જ્યારે ત્રણ આરોપીઓ વિશાલ, આનંદ, આકાશ રાજાને ખાડામાં ફેંકી શક્યા નહીં, ત્યારે સોનમે તેને ઉપાડીને ખાડામાં ફેંકી દીધો. સોનમનો શર્ટ લોહીથી લથપથ હતો. તેણે શર્ટ કાઢીને લાશ સાથે ફેંકી દીધો હતો. રાજની એસિડિટીની ગોળીઓ પણ લાશ પાસે પડી હતી. ડીઆઈજીના જણાવ્યા અનુસાર, સોનમ પાસેથી એક ફોન મળી આવ્યો છે. અમે ત્રણ ફોન વિશે પૂછપરછ કરી રહ્યા છીએ. પોલીસ તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે રાજે સોનમને ભાગવામાં મદદ કરી હતી. હત્યા પછી તે ઈન્દોરમાં ભાડાના રૂમમાં રહેતી હતી, જ્યાં તે તેને મળી હતી. સોનમ યુપીમાં રાજની બહેનના ઘરે પણ રોકાઈ હતી. ત્યાં ત્રણ લોકોએ તેને મદદ કરી હતી. તે બે લોકો સાથે ગાઝીપુર ગઈ હતી. વારાણસીમાં એક મહિલાએ પણ સોનમને બે પુરુષો સાથે જોઈ હતી. એવી શંકા છે કે રાજ સિવાય કોઈ નવું પાત્ર છે જે હજુ સુધી જાહેર થયું નથી.



નવી દિલ્હીમાં કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહએ નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) પર્વતારોહણ અભિયાન ટીમ સાથે મુલાકાત કરી.

## મહિલા ઈન્ફલુએન્સરનું રહસ્યમય મોત, કારમાંથી લાશ મળી આવી


**। (એજન્સી) બઠિંડા, તા.૧૨ ।**

પંજાબના બઠિંડામાંથી એ સનસનીખેજ મામલો સામે આવ્યો છે. અહીં આદેશ મેડિકલ સુનિવર્સિટીના પાર્કિંગમાં એક કારમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. મૃતક મહિલા લુધિયાણાની રહેવાસી છે. તે સોશિયલ મીડિયા પર પોતાના વિવાદાસ્પદ નિવોદનો અને ગતિવિધિઓને લઈને ચર્ચામાં રહી છે. હવે પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. આજે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી પ્રમાણે બઠિંડાની આદેશ મેડિકલ સુનિવર્સિટી કેમ્પસમાં પાર્ક કરેલી એક કારમાંથી મહિલાની લાશ મળી આવતા સમગ્ર વિસ્તારમાં હડકંપ મચી ગયો છે. આ કાર યુનિવર્સિટીના પાર્કિંગમાં ઘણા સમયથી ઊભી હતી, આની સૂચના મળતા પોલીસઘટના સ્થળે પહોંચી. જ્યારે કારનો દરવાજો ખોલ્યો તો અંદર મહિલાની લાશ હતી. આ મામલે પોલીસે જણાવ્યું કે, મૃતક મહિલાની ઓળખ લક્ષ્મણ નગર, લુધિયાણાની રહેવાસી કંચન ઉર્ફે કમલ તરીકે થઈ છે. મૃતદેહ સાથે મળેલી કાર પણ કંચનના નામે જ રજિસ્ટર્ડ છે. પ્રાથમિક તપાસમાં કોઈ બાહ્ય ઈજાના નિશાન નથી મળ્યા, જેના કારણે એ સ્પષ્ટ નથી કે આ મામલો આત્મહત્યાનો છે કે હત્યાનો. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે કંચન સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહેતી હતી. તેના લાખો ફોલોઅર્સ હતા. તે ઘણા વિવાદોથી પણ ઘેરાયેલી હતી. તેની ઘણી પોસ્ટ અને વીડિયો ચર્ચામાં રહ્યા છે, જેના કારણે તેના ઘણા લોકો સાથે મતભેદ પણ થયા હતા. પોલીસ આ એંગલથી પણ તપાસ કરી રહી છે કે શું આ ઘટના કોઈ દુશ્મનાવટ કે સાયબર વિવાદને કારણે બની છે. હાલમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે અને પોલીસ કેસના દરેક પાસાની તપાસ કરી રહી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મૃત્યુના કારણોને લઈને સ્થિતિ સ્પષ્ટ થઈ શકશે. બઠિંડાના પોલીસ અધિક્ષક નરેન્દ્ર સિંહે જણાવ્યું કે, બુધવારે સાંજે ભૂચ્ચો મંડીમાં આવેલ આદેશ હોસ્પિટલના પાર્કિંગમાં એક કારમાંથી લુધિયાણાની રહેવાસી કંચન ઉર્ફે કમલ કૌરનો મૃતદેહ મળી આવ્યો હતો. કમલ કૌર એક ફેમશ સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર હતી. તે વાંધાજનક ભાષાનો ઉપયોગ કરીને વીડિયો પોસ્ટ કરવા માટે જાણીતી હતી. કમલનું સાચું નામ કંચન તિવારી છે.

# હુબલીમાં નદી તોફાની બની, સ્કૂલોમાં રજા જાહેર

**। (એજન્સી) બેંગલુરુ, તા.૧૨ ।**

ભારતીય હવામાન વિભાગ (IMD) એ કર્ણાટકમાં વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. કર્ણાટકના ધારવાડ જિલ્લાના ડેપ્યુટી કમિશનર દિવ્યા પ્રભુએ ગુરુવારે તમામ આંગણવાડીઓ, પ્રાથમિક અને માધ્યમિક શાળા, પીયુ અને ડિગ્રી કોલેજોમાં એક દિવસની રજા જાહેર કરી છે. IMDએ કર્ણાટક માટે ૭ દિવસનું એલર્ટ જારી કર્યું છે, જેમાં ૧૭ જૂન સુધી લગભગ તમામ જિલ્લામાં મૂશળધાર વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. ધારવાડના હુબલી વિસ્તારમાં ગુરુવારે સવારે મુશળધાર વરસાદ પડ્યો હતો, જેના કારણે હુબલીમાં નદી તોફાની બની છે અને જિલ્લાના ઘણા હિસ્સામાં ખાસ કરીને હનાશી ગામમાં ખૂબ પાણી ભરાયા છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, ૧૭ જૂન સુધી દરિયાકાંઠા અને ઉત્તર



આતંરિક કર્ણાટકમાં ધોધમાર વરસાદ પડશે. તો બીજી તરફ ૧૪ જૂન સુધી દક્ષિણ આતંરિક કર્ણાટકના જિલ્લામાં મૂશળધાર વરસાદ પડવાની સંભાવના છે. IMDએ કર્ણાટકના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે ઉત્તર કર્ણાટકમાં કેટલાક સ્થળોએ ૫૦થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. IMDએ પોતાના અહેવાલમાં કહ્યું છે કે, કોપ્પલ, હાવેરી, બાગલકોટ, વિજયપુરા, કાલાબુર્ગી અને રાયચુર જિલ્લામાં એક કે બે સ્થળોએ ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે સતત ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડી શકે છે. બીદર અને યાદગીર જિલ્લામાં મોટાભાગના સ્થળોએ ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે મધ્યમ વરસાદની આગાહી છે. દક્ષિણ આંતરિક કર્ણાટકમાં હવામાન વિભાગે ભારેથી અતિ ભારે વરસાદ સાથે ૫૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરી છે, જે કેટલાક સ્થળો પર થવાની શક્યતા છે અને શિવમોગા, ચિક્કમગલુરુ અને કોડાગુ જિલ્લામાં એક કે બે સ્થળોએ સમાન ગતિએ સતત પવન સાથે અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે.

## ઉત્તરાખંડમાં ગુજરાતી શ્રદ્ધાળુઓની બસ પલટી

**। (એજન્સી) દેહરાદુન, તા.૧૨ ।**

ઉત્તરાખંડના ટિહરી-ઘંસાલી રોડ પર કેદારનાથ જઈ રહેલા ગુજરાતના ૩૩ શ્રદ્ધાળુઓ ભરેલી બસ પલટી હતી. આ અકસ્માતમાં ૧૫ શ્રદ્ધાળુઓને સામાન્ય ઈજા, જ્યારે ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત હતા. તેમને એમ્બ્યુલન્સની મદદથી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર, ઉત્તરાખંડના નવા ટિહરી-ઘંસાલી મોટર રોડ પર ટિપરીથી લગભગ ૧.૫ કિ.મી આગળ ગુજરાતના ૩૩ શ્રદ્ધાળુઓ ભરેલી બસચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ રસ્તા પર પલટી ગઈ હતી.

### આદિલ રશીદને સારા પ્રદર્શનથી ફાયદો થયો

# વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડ વચ્ચેની T20 શ્રેણી પછી નવીનતમ રેન્કિંગ જાહેર

### આદિલ રશીદ ૭૧૦ના રેટિંગ સાથે T20 રેક્કિંગમાં બીજા સ્થાને: ન્યુઝીલેન્ડનો ફાસ્ટ બોલર જેકબ ડફી નંબર ૧ પર

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।**

વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડ વચ્ચેની T20 શ્રેણી બાદ નવી રેન્કિંગ જાહેર કરવામાં આવી છે. ઈંગ્લેન્ડે T20 શ્રેણી ૩-૦થી જીતી હતી, ત્યારબાદ ઈંગ્લેન્ડ ટીમના ઘણા ખેલાડીઓને ICC રેન્કિંગમાં ફાયદો થયો છે. પરંતુ આદિલ રશીદ સૌથી આગળ જોવા મળ્યો હતો. ૩૭ વર્ષીય રાશિદે ઈંગ્લેન્ડની ૩-૦થી T20 શ્રેણી જીતમાં સાતત્ય દર્શાવ્યું હતું. તેણે ચેસ્ટર-લે-સ્ટ્રીટ ખાતે ૧/૨૨, બ્રિસ્ટલમાં હાઈ-સ્કોરિંગ મુકાબલામાં ૧-૫૯ અને સાઉથમ્પ્ટન ખાતે ફાઈનલ મેચમાં ૨/૩૦ના આંકડા હાંસલ કર્યા. આ પ્રદર્શનના આધારે તેણે શ્રીલંકાના દિગ્ગજ વાનિન્દુ હસરંગા અને વરુણ ચક્રવર્તીને પાછળ છોડી દીધા. તે હવે બે સ્થાન કૂદીને બીજા સ્થાને પહોંચી ગયો છે. આદિલ રશીદ ૭૧૦ના રેટિંગ સાથે T20 રેક્કિંગમાં બીજા સ્થાને છે. ન્યુઝીલેન્ડનો ફાસ્ટ બોલર જેકબ ડફી નંબર ૧ પર છે, જેનાથી આદિલ ફક્ત



૧૩ પોઈન્ટ પાછળ છે. ઈંગ્લેન્ડના અન્ય ફાસ્ટ બોલર બ્રાયડન કાર્સેને પણ તેના બેસ્ટ યોગદાનના કારણે ફાયદો થયો. છેલ્લી બે T20માં તેની બે વિકેટથી તેને ૧૬ સ્થાનનો ફાયદો થયો છે. હવે તે ૫૨મા ક્રમે છે. ભારતીય ખેલાડી વરુણ ચક્રવર્તી ૭૦૬ રેટિંગ પોઈન્ટ સાથે ત્રીજા નંબરે છે. બેટ્સમેનોના રેન્કિંગમાં પણ ઉથલપાથલ થઈ છે. બેન ડકેટે ત્રીજી T20માં ૪૬ બોલમાં ૮૪ રનની ઈનિંગ રમીને શાનદાર પ્રદર્શન કર્યું. એક ઈનિંગે તેને ૪૮ સ્થાનનો ફાયદો કરાવીને કારકિર્દીના શ્રેષ્ઠ ૧૬મા ક્રમે પહોંચાડ્યો. હેરી બ્રુકના ૩૫ અને ૩૪ રનની ઝડપી ઈનિંગ્સે તેને છ સ્થાનનો ફાયદો કરાવીને ૩૮મા સ્થાને પહોંચાડ્યો છે.

## વટપૂર્ણિમાનો દિવસ પતિ માટે બન્યો જીવનનો છેલ્લો દિવસ

**। (એજન્સી) કુપવાડ, તા.૧૨ ।**

સાતો જન્મે એ જ પતિ મળે, એ માટે દરેક સ્ત્રી વટપૂર્ણિમાના દિવસે વડના ઝાડની પરિક્રમા કરી ભગવાનનેપ્રાર્થનાકરેછે.પરંતુએકપત્નીએવટપૂર્ણિમાના દિવસે જ પહેલા જન્મમાં પતિ નથી જોઈતો એવું નક્કી કરી તેનો જીવ લઈ લીધો. સાંગલીના કુપવાડમાં એકતા કોલોનીમાં રહેતા ૫૦ વર્ષના અનિલ લોખંડેને તેની ૨૮ વર્ષની પત્ની રાધિકાએ માથામાં કુહાડીનો ઘા મારી હત્યા કરી. અનિલ લોખંડેનું રાધિકા સાથે આ બીજું લગ્ન હતું. તેમની પહેલી પત્નીનું કેન્સરથી મૃત્યુ થયું હતું. અનિલને પહેલી પત્નીથી બે દીકરીઓ હતી, જેમના લગ્ન પણ થઈ ગયા હતા. એટલે એકલા જીવન જીવતા અનિલે આગળના જીવન માટે લગ્ન કરવાનો નિર્ણય લીધો. ૧૭ મે ૨૦૨૫ના રોજ સાતારા જિલ્લાના ખટાવની ૨૮ વર્ષની રાધિકા ઈંગળે સાથે તેમણે લગ્નની ગાંઠ બાંધી. લગ્નના તમામ વિધિ પરંપરાગત રીતે પૂર્ણ થયા. લગ્નને ૧૭ દિવસ થયા હતા. ૧૦ જૂનના રોજ વટપૂર્ણિમા હોવાથી અનિલે પત્ની રાધિકાને તેની માસીના ઘરે મૂકી. વટપૂર્ણિમાનો તહેવાર ઉજવાયા બાદ અનિલે રાત્રે પત્નીને ઘરે પાછી લાવી. રાત્રે ઘરે આવ્યા બાદ બંને વચ્ચે ઝઘડો થયો. ત્યારબાદ અનિલ ઊંઘી ગયો. પરંતુ પતિ પ્રત્યે રાધિકાના મનમાં ગુસ્સો હતો. તેણે અનિલને કાયમ માટે ખતમ કરવાનો નિર્ણય લીધો. ઊંઘેલી સ્થિતિમાં અનિલના માથામાં કુહાડીનો ઘાતક ઘા માર્યો, જેનાથી અનિલ લોખંડેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું.

### મધ્યપૂર્વમાં વધુ એક યુદ્ધના ભણકારાં

# અમેરિકન નાગરિકોને પાછા બોલાવવા પ્રમુખ ટ્રમ્પનો આદેશ

### અમેરિકાના અધિકારીઓએ જણાવ્યું કે, ઈઝરાયલની સેના ઈરાન પર હુમલો કરવા સંપૂર્ણપણે સુસજ્જ છે

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ ।**

વિશ્વ વધુ એક યુદ્ધનું સાક્ષી બની શકે છે. મીડિયા રિપોર્ટ અનુસાર, અમેરિકાના અધિકારીઓએ જણાવ્યું છે કે, ઈઝરાયલની સેના ઈરાન પર હુમલો કરવા સંપૂર્ણપણે સજ્જ છે. જેની જવાબી કાર્યવાહીના ભાગરૂપે ઈરાન પોતાના પડોશી દેશ ઈરાકમાં સ્થિત અમેરિકાના સૈન્ય ઠેકાણાં પર હુમલા કરી શકે છે. અમેરિકાએ ગઈકાલે જ પોતાના નાગરિકોને ઈરાક છોડવા માટે એડવાઈઝરી જાહેર કરી હતી. અમેરિકાના વિદેશ વિભાગે પણ નોન-ઈમરજન્સી ઓફિસર્સને ઈરાક છોડવા આદેશ આપ્યો છે. પશ્ચિમી એશિયામાં વધતાં તણાવ અને યુદ્ધની આશંકા વચ્ચે અમેરિકાએ ઈરાક, કુવૈત, અને બહરીન સહિતના મધ્ય-પૂર્વીય દેશોમાં પોતાના દૂતાવાસોમાંથી વધારાના કર્મચારીઓ અને પરિવારને પાછા વતન ફરવા આદેશ આપ્યો છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ફરી સંભવિત હુમલા થઈ શકે છે. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે બુધવારે



સાંજે વોશિંગ્ટનના કેનેડી સેન્ટરમાં જણાવ્યું હતું કે, તેમને ત્યાંથી ખસેડવામાં આવી રહ્યા છે. કારણકે, તે સ્થળ હવે અત્યંત જોખમી બન્યું છે. તેમને ત્યાંથી દૂર કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે. અને આગળ શું પગલાં લેવા જોઈએ તેના પર વિચારીશું. હાલ આ મધ્ય-પૂર્વીય દેશોમાં તણાવ વધી રહ્યો છે. ઈરાનની ઝડપથી વધી રહેલી ન્યૂક્લિયર પ્રોગ્રામ તરફની આગેકૂચ ચિંતા વધારી રહી છે. તે અમેરિકા સાથે તેની વાટાઘાટ પર અવરોધો ઉભા કરી રહી છે. અમે તેમની સાથે વાતચીતના માધ્યમથી ન્યૂક્લિયર પ્રોગ્રામને અટકાવવા માગીએ છીએ. જેના માટે અમે અમુક આકરા આર્થિક પ્રતિબંધો દૂર કરવા પણ તૈયાર છીએ.

### સ્ટોકહોમમાં CECનું ચર્ચાસ્પદ નિવેદન

# ભારતમાં મતદારયાદી તૈયાર કરવી એ દુનિયાનું સૌથી મુશ્કેલ કામ છે

### કાયદા અનુસાર દર વર્ષે સમીક્ષા દરમિયાન અને ચૂંટણી પહેલાં મતદાર યાદી માન્ય રાષ્ટ્રીય-રાજ્ય પક્ષો સાથે શેર કરવામાં આવે છે

**। (એજન્સી) સ્ટોકહોમ, તા.૧૨ ।**

દેશમાં મતદાર યાદીમાં થતી ગેરરીતિને લઈને વિપક્ષ ચૂંટણી પંચની કાર્યશૈલી પર સતત પ્રશ્ન ઉઠાવી રહી છે. આ દરમિયાન, મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારે કહ્યું છે કે, ભારતમાં મતદાર યાદી તૈયાર કરવી એ વિશ્વના સૌથી મુશ્કેલ કામ છે. સ્ટોકહોમમાં ચૂંટણી સુચિતા પે આયોજિત આંતરરાષ્ટ્રીય સંમેલનમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે કાયદા અનુસાર દર વર્ષે સમીક્ષા દરમિયાન અને ચૂંટણી પહેલાં મતદાર યાદી માન્ય રાષ્ટ્રીય અને રાજ્ય પક્ષો સાથે શેર કરવામાં આવે છે. CEC એ જણાવ્યું હતું કે, ૧૯૬૦ થી, માન્યતા પ્રાપ્ત રાજકીય



પક્ષો સાથે મતદાર યાદી શેર કરવામાં આવી છે, જેમાં દાવાઓ, વાંધા અને અપીલની જોગવાઈ છે. મુખ્ય ચૂંટણી કમિશનરની આ ટિપ્પણી કોંગ્રેસ સહિત વિપક્ષોએ ચૂંટણીમાં ધાંધલી કરવા માટે મતદાર ડેટામાં હેરાફેરી કરવાનો આરોપ લગાવ્યા બાદ આવી છે. ચૂંટણી પંચે આ આરોપોને વાહિયાત ગણાવ્યા છે. કાર્યક્રમને સંબોધતા જ્ઞાનેશ કુમારે કહ્યું કે, મતદાર યાદી તૈયાર કરવી એ વિશ્વના સૌથી કઠોર અને પારદર્શક કાર્યોમાંનું એક છે, જે ચૂંટણી પ્રક્રિયાની ચોકસાઈ અને અખંડિતતાને મજબૂત બનાવે છે. આ કાર્યક્રમને સંબોધતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કહ્યું કે, મતદાર યાદી તૈયાર કરવી એ વિશ્વનું સૌથી મુશ્કેલ કામ છે, જે ચૂંટણી પ્રક્રિયાની ચોકસાઈ અને પવિત્રતાને મજબૂત બનાવે છે. આ મજબૂત પદ્ધતિએ વર્ષોથી સમગ્ર દેશમાં ચૂંટણીની વિશ્વસનીયતા જાળવવામાં મહત્ત્વપ ૂર્ણ ભૂમિકા ભજવી છે. લગભગ ૫૦ દેશોના ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતા ૧૦૦ થી વધુ સહભાગીઓ આ પરિષદમાં ભાગ લઈ રહ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની આ ટિપ્પણીનો અર્થ બહુપક્ષીય છે.

### ઇંગ્લેન્ડ વિરૂદ્ધની ટેસ્ટ પહેલા ભારતીય દિગ્ગજનું નિવેદન

# હું હોત તો વિરાટ કોહલીને કેપ્ટન બનાવી દેત : શાસ્ત્રી

### મને દુઃખ છે કે વિરાટ કોહલી ગયો : મારા મતે તે જે રીતે ગયો, તેને વધુ સારી રીતે સંભાળી શકાયું હોત : શાસ્ત્રી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।**

ભારતીય ક્રિકેટ ટીમ હાલમાં ઈંગ્લેન્ડમાં છે, જ્યાં ટીમ ઈન્ડિયા શુભમન ગીલની કેપ્ટનશીપમાં ૫ મેચની ટેસ્ટ સીરીઝ રમશે. વિરાટ કોહલીના ટેસ્ટમાંથી નિવૃત્તિ પછી ટીમ ઈન્ડિયાની આ પહેલી સીરીઝ છે. આ દરમિયાન, ભૂતપૂર્વ ક્રિકેટર અને ટીમ ઈન્ડિયાના કોચ રવિ શાસ્ત્રી તરફથી એક મોટું નિવેદન આવ્યું છે. તેમનું માનવું છે કે આને વધુ સારી રીતે સંભાળી શકાયું હોત. તેમણે એ પણ જણાવ્યું કે જો તેમની પાસે કોઈ ભૂમિકા હોત તો તેઓ શું કરતા. વિરાટ કોહલીએ ૧૨ મેના રોજ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. આના પાંચ દિવસ પહેલા, ૭ મેના રોજ, રોહિત



શર્માએ પણ નિવૃત્તિની જાહેરાત કરી હતી. બે દિગ્ગજોએ સતત ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહ્યું, જેનાથી બધા ચાહકો નિરાશ થયા. ચાહકો ઈચ્છતા હતા કે તેમને વિદાય ટેસ્ટ મળે. આ દરમિયાન, રવિ શાસ્ત્રીએ કહ્યું કે જો તેમની પાસે કોઈ ભૂમિકા હોત, તો તેઓ ઓસ્ટ્રેલિયા પ્રવાસ પછી વિરાટને કેપ્ટન બનાવત. સોની સ્પોર્ટ્સ સાથેની વાતચીતમાં શાસ્ત્રીએ કહ્યું, "લોકોને ખ્યાલ આવે છે કે તે કેટલો મોટો ખેલાડી હતો જ્યારે તમે જાઓ છો. મને દુઃખ છે કે વિરાટ કોહલી ગયો. મારા મતે તે જે રીતે ગયો, તેને વધુ સારી રીતે સંભાળી શકાયું હોત. વધુ વાતચીત થવી જોઈતી હતી. જો આમાં મારી કોઈ ભૂમિકા હોત, તો હું ઓસ્ટ્રેલિયા પ્રવાસ પછી તેને કેપ્ટન બનાવત." BCCIના સૂત્રોએ ઈન્ડિયા ટુડેને જણાવ્યું હતું કે વિરાટ કોહલીએ નિવૃત્તિની જાહેરાત કરતા પહેલા પસંદગીકારોને પોતાના નિર્ણયની જાણ કરી હતી. જોકે બોર્ડના એક સભ્ય ઈચ્છતા હતા કે તે ઈંગ્લેન્ડ પ્રવાસ પર જાય, કારણ કે રોહિતની નિવૃત્તિ પછી તેના અનુભવની જરૂર પડશે, પરંતુ કોહલી સંમત ન થયો અને નિવૃત્તિ લઈ લીધી. કોહલી અને રોહિત શર્મા હવે ODI ફોર્મેટમાં રમતા જોવા મળશે, બંનેએ T20 વર્લ્ડ કપ ૨૦૨૪ જીત્યા પછી ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટને અલવિદા કહ્યું.

# અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પ્રવાસીઓની ઓળખ થઈ શકે તે માટે બીજે મેડીકલ કોલેજના કસોટી ભવનમાં પરિવારનાં સભ્યોના DNA સેમ્પલ લેવાની વ્યવસ્થા શરૂ કરાઇ

## ડીએનએ ટેસ્ટ થકી મૃત્યુ પામેલાની ઓળખ થઈ શકશે

### મૃતકોના નજીકના સગા માતા-પિતા અને બાળકોના DNA સેમ્પલથી ઓળખ કરાશે

। અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મત્યુ પામેલા લોકોની ઓળખ થઈ શકે એ ઉદ્દેશ સાથે રાજ્ય સરકારે અમદાવાદની બીજે મેડીકલ કોલેજમાં આવેલા કસોટી ભવન ખાતે પરિવારના સભ્યો જેમ કે માતા - પિતા, ભાઈ, બહેનનું લોહીનું સેમ્પલ લેવામાં આવી રહ્યું છે, ત્યારબાદ ડીએનએ ટેસ્ટની શરુઆત કરાઈ છે.

કસોટી ભવન ખાતે વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલાના પરિવારના સભ્યોનું બ્લડ સેમ્પલ લીધા બાદ ડીએનએ ટેસ્ટ માટે તેને ફોરેન્સિક લેબ ગાંધીનગર ખાતે મોકલવામાં આવશે અને ત્યારબાદ તેનો રિપોર્ટ આપવામાં આવશે.

બીજી બાજુ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોનો પણ ડી.એન.એ ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે. ડીએનએનો ફોરેન્સિક ગાંધીનગરથી રિપોર્ટ આવ્યા બાદ બંને ડીએનએ ટેસ્ટના મેચ બાદ દર્દીની ઓળખ થકી તેના પરિવારને ડેડબોડી આપવામાં આવશે.





## ન્યૂઝ બ્રિફ

### કોર્પોરેશન હસ્તકની શિક્ષણ સમિતિમાં આશરે ૫૦૦૦ બાળકોને બાલવાટિકામાં પ્રવેશ અપાશે

। (એજન્સી) વડોદરા, તા.૧૨ ।

રાજ્યમાં યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણીના કારણે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ જે તારીખ ૧૮ થી શરૂ થવાનો હતો તે હવે તારીખ ૨૬ થી શરૂ થશે અને ૨૮ સુધી એટલે કે ત્રણ દિવસ ચાલશે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં પણ તારીખ ૨૬ થી ત્રણ દિવસ શાળા પ્રવેશોત્સવમાં બાલવાટિકામાં આશરે ૫૦૦૦ બાળકોને પ્રવેશ આપવાનો લક્ષ્યાંક રાખ્યો છે. શિક્ષણ સમિતિમાં બાલવાટિકાથી ધોરણ આઠ સુધીની ૧૨૧ શાળાઓ છે. જેમાં હાલ ૪૩,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. વડોદરાની તમામ શાળાઓ માટે પ્રવેશોત્સવના કાર્યક્રમ સંદર્ભે રૂટ નક્કી કરવામાં આવશે અને મંત્રીઓથી માંડીને પદાધિકારીઓ, હોદ્દેદારો અને ઉચ્ચ અધિકારીઓ બાળકોને આવકારશે.

### પોરબંદરમાં રામદેવપીરનો મંડપ ધરાશાયી થતાં એકનું મોત

। (એજન્સી) પોરબંદર, તા.૧૨ ।

પોરબંદરની ચોપાટી પર રામદેવ પીરના મંડપ ઉત્સવ દરમિયાન એક દુર્ઘટના બની હતી. આ મંડપનો સ્થંભ અચાનક ધરાશાયી થતાં ૧૬ લોકો ઘાયલ થયા હતા અને એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું.સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મંગળવારની રાત્રે પોરબંદરની ચોપાટી પર રામદેવપીરના મંડપોત્સવ નામના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હજારો ભક્તો ઉમટી પડ્યા હતા. બુધવારે વહેલી સવારે મંડપ ખડો કરવાની વિધિ ચાલી રહી હતી તે દરમિયાન જ મંડપના સ્થંભને ટેકો આપતી દોરી અચાનક તૂટી જતાં આ ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સ્થંભ માથે પડતાં ત્યાં હાજર અનેક લોકોને નાની-મોટી ઈજાઓ થઈ હતી, જેમને તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### સયાજી હોસ્પિટલની કેન્ટીનનું ભોજન લીધા બાદ યુવકને ફૂડ પોઈઝનિંગ થયું

। (એજન્સી) વડોદરા, તા.૧૨ ।

વડોદરા સયાજી હોસ્પિટલની કેન્ટીંગમાં ભોજન લેનાર યુવાનને ફૂડ પોઈઝનિંગ થયા બાદ આજે પાલિકાના આરોગ્ય વિભાગે અહીં ચેકિંગ કર્યું હતું અને કેન્ટીનને શિડયુલ ચારની નોટિસ અપાઈ હતી.છેલ્લા એક સપ્તાહથી ૨૧ વર્ષીય અંકિત પવન કુમાર સયાજી હોસ્પિટલની કેન્ટીનમાં જમતો હતો. દરમિયાન તેને ઝાડા, ઉલટી થયા હતા અને ફૂડ પોઝનિંગની અસર જણાતા તે સયાજી હોસ્પિટલમાં દાખલ થયો હતો. સમગ્ર ઘટના બાદ પાલિકાના આરોગ્ય વિભાગની ખોરાક શાખાના ફૂડ ઈન્સ્પેક્ટરે આજે અહીં તપાસ હાથ ધરી હતી. કેન્ટીનને શિડ્યુલ ચારની નોટિસ આપવા સાથે ખાદ્ય પદાર્થના નમુના લેવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, જો કેન્ટિંગની કોઈ ગંભીર બેદરકારી જણાશે તો કેન્ટીન બંધ કરવા સુધીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### વડોદરા શહેરમાં વીજ કંપનીના દરોડા, ૬૦ લાખની વીજ ચોરી પકડાઇ

। (એજન્સી) વડોદરા, તા.૧૨ ।

આજે વડોદરા શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં ફરી એક વખત ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને મધ્ય ગુજરાત વીજ કંપની લી ની કુલ ૩૧ ટીમો દ્વારા ચેકીંગ હાથ ધરાયું હતું. જેમાં ૬૦ લાખની વીજચોરી ઝડપાઈ હતી. વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા પાણીગેટ, માંડવી, વાડી અને જી.આઈ. ડી.સી. પેટા વિભાગીય કચેરીઓના તાબા હેઠળના વિસ્તારમાં વીજ જોડાણ ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતું. આ ચેકીંગ દરમ્યાન કુલ ૮૪૮ વીજ જોડાણ ચેકીંગ કરતા ૩૮ કીસ્સામાં વીજ ચોરી અને ૨૭ કીસ્સામાં ગેરરીતિ સામે આવી હતી. આ ૬૫ કિસ્સામાં પુરવણી બીલની રકમ આશરે ૬૦ લાખ થઈ હતી. સદર ચેકીંગ દરમ્યાન કુલ ૩૪ પોલીસ અને એક્ષ આર્મીના જવાનોએ વીજ કર્મચારીઓની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવ્યા હતાં.

## નર્સિંગ સહિત ૯ પેરા મેડિકલ કોર્સની

# ૫૧ હજાર બેઠક માટે ૩૦૮૫૧ વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન નોંધાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ધો.૧૨ સાયન્સ પછી નીટ સિવાયના બીએસસી નર્સિંગ સહિતના ૯થી વધારે કોર્સમાં પ્રવેશ માટે છેલ્લા કેટલાય દિવસથી પીન વિતરણ અને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી તે હાલ પૂર્ણ થઈ ગઈ છે. જુદા જુદા ૯ કોર્સની ૫૧૩૩૧ બેઠકો માટે હાલમાં ૩૧૭૭૯ વિદ્યાર્થીઓએ પીન ખરીદી છે. જે પૈકી ૩૦૮૫૧ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન અને ૨૫૯૩૯ વિદ્યાર્થીઓ ડોક્યુમેન્ટ વેરિફિકેશની પ્રક્રિયા પણ પૂર્ણ કરી દીધી છે. નીટનું પરિણામ બાકી છે તેવી સ્થિતિમાં પેરા મેડિકલની કોલેજોમાં પ્રવેશ માટે આગામી દિવસોમાં ફરીવાર રજિસ્ટ્રેશન શરૂ કરવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે.નીટ સિવાય બી.એસસી નર્સિંગ, જીએનએમ, એએનએમ, બી.ઓપ્ટોમેટ્રી, બી.ઓક્યુપેશનલ થેરાપી, બી.આર્થોટિક્સ અને પ્રોસ્થેટિક્સ, બીએએસએલપી અને બી. નેચરોપથી જેવા કોર્સમાં ધો.૧૨ સાયન્સના આધારે પ્રવેશ ફાળવણી કરવામાં આવે છે. હાલમાં રાજ્યમાં આ તમામ કોર્સની મળીને ૧૧૦૪ કોલેજોમાં ૫૧૩૩૧ બેઠકો ઉપલબ્ધ છે. આ બેઠકો માટે રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. મહત્ત્વની વાત એ છે કે, હજુ સુધી નીટનું પરિણામ આવ્યું નથી. જે વિદ્યાર્થીઓને નીટના આધારે મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ કે હોમિયોપેથીમાં પ્રવેશ મળે તેમ ન હોય તેવા વિદ્યાર્થીઓ પેરા મેડિકલ એટલે કે નર્સિંગ, ફિઝિયોથેરાપી જેવા કોર્સમાં પ્રવેશ લેવા માટે પ્રયાસ કરતાં હોય છે. પ્રવેશ સમિતિ દ્વારા હાલમાં રજિસ્ટ્રેશન પ્રક્રિયા માટે જે સમયમર્યાદા આપવામાં આવી હતી તે ૧૧મી જૂને પૂર્ણ થઈ ચૂકી છે. આ સ્થિતિમાં હવે નીટનું પરિણામ આવ્યા પછી જે વિદ્યાર્થીઓને સારા માર્કસ આવ્યા ન હોય અને તેઓ પેરા મેડિકલ કોર્સમાં પ્રવેશ લેવા ઈચ્છતા હોય તેમના માટે ફરીવાર રજિસ્ટ્રેશન શરૂ કરવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જોકે, હાલમાં જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે તે તમામને જુદી જુદી કોલેજોમાં પ્રવેશ ફાળવી દેવામાં આવે તો પણ ૨૦ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેમ છે.

## ગુજરાત, રાજસ્થાન, દિલ્હીમાં ૨૪ સ્થળોએ ED ના દરોડા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાત, રાજસ્થાન અને દિલ્હીમાં લગભગ ૨૪ સ્થળો પર ગુરૂવારે સવારે ઈડીની ટીમે રેડ પાડી છે. તપાસ એજન્સીના સૂત્રોના અનુસાર લગભગ ૨૭૦૦ કરોડ રૂપિયાનો મની લોન્ડરિંગનો મામલો છે. અમદાવાદ, દિલ્હી અને રાજસ્થાનના સીકર, જયપુર, જોધપુર, ઝુંઝુનૂમાં કાર્યવાહી થઈ રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર આ રેડ નેક્સા એવરગ્રીન નામના પ્રોજેક્ટમાં આચરવામાં આવેલી છેતરપિંડીને લઈને છે. પ્રોજેક્ટમાં રોકાણ કરનારાઓને કંપની તરફ એક સમય બાદ ફ્લેટ, જમીન અથવા વધુ રેટ પર પૈસા પાછા આપવાનો વિશ્વાસ આપવામાં આવતો હતો. આ કેસમાં રાજસ્થાન પોલીસે પણ ઘણા લોકોના વિરૂદ્ધ એફઆઈઆર નોંધાવી હતી. મની લોન્ડરિંગ એક્ટ હેઠળ સર્ચ ઓપરેશનની કાર્યવાહી કરવામાં આવી રહી છે. તપાસ એજન્સીના સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, તાજેતરમાં હાથ ધરવામાં આવેલા દરોડા દરમિયાન આ મામલામાં મોટા પાયે નાણાકીય અનિયમિતતાઓ સામે આવી છે. આ કાર્યવાહી દરમિયાન અનેક મહત્વપૂર્ણ દસ્તાવેજો પણ જપ્ત કરવામાં આવ્યા છે.આ દરોડામાં મળેલી માહિતીના આધારે ઘણા મોટા આરોપીઓની બેનામી સંપત્તિઓ શોધી કાઢવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

## મોબાઈલ-સીમ વેચાણ અંગે તપાસ

# રિલીફ રોડના મોબાઇલ માર્કેટમાં ક્રાઇમ બ્રાંચનું મેગા સર્ચ ઓપરેશન

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

રથયાત્રાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે જ સલામતીના ભાગ રૂપે અમદાવાદ ક્રાઈમ બ્રાંચે રિલીફ રોડના મૂર્તિમંત મોબાઈલ માર્કેટ પર દરોડા પાડીને મોબાઈલ ખરીદ-વેચાણની વિગતો ચેક કરી હતી. વર્તમાન સમયમાં પ્રિ એક્ટીવ અને ડોક્યુમેન્ટ વગર જ આપી દેવાતા સીમ કાર્ડ પોલીસ માટે ચિંતાનો વિષય છે. માટે આવા કોઈ સીમનો વેપલો થયો છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી હતી. ઘણી દુકાનોમાં બિલ વગર જ મોબાઈલ વેચવામાં આવ્યા હોવાની વિગતો પણ સામે આવી હતી. જેને પગલે તેની તપાસ ચાલી રહી છે. થોડા સમય પહેલા જ પ્રિ એક્ટીવ સીમ દેશની સરહદ પર આપી દેવામાં આવ્યા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી. જેને પગલે હવે પોલીસ એક્ટિવ બની ગઈ છે. ઈલેક્ટ્રોનિક ગેજેટ્સનો દુરુપયોગ થઈ રહ્યો છે ત્યારે તેનો વેપલો કયા વેપારીઓ કરી રહ્યા છે. તેની પણ પોલીસ વિગતે તપાસ કરી હતી.કોઈ પણ ધમકી ભર્યો કોલ આવે અને પોલીસ તપાસ કરે ત્યારે જે ભાઈ કે બહેનના નામ સીમ કાર્ડ રજિસ્ટર્ડ થયું હોય તેને ખબર જ નહોય. પોલીસ ઝીણવટભરી તપાસ કરે ત્યારે જાણવા મળે કે રોડ પર સીમકાર્ડની હાટડીઓ લઈને ઊભા રહેલા લોકો કોઈ ગ્રાહકના ડોક્યુમેન્ટસ અને તેના ફોટાનો દુરુપયોગ કરીને સીમ એક્ટિવ કરાવી દેતા હોય અને અસામાજિક તત્ત્વો સુધી આ સીમ પહોંચી જતા હોય છે.આ લાઈનની ક્રાઈમ બ્રાંચ તપાસ કરી જ રહી છે. બીજી તરફ રથયાત્રા ટાણે સુરક્ષામાં કોઈ પણ ક્ષતિ રહી જાય નહિ તેના માટે પોલીસ કમિશનર કટીબદ્ધ છે. તેને પગલે સિનિયર ઓફિસરોના આદેશથી ક્રાઈમ બ્રાંચની પાંચ ટીમ રિલીફ રોડ પરના મૂર્તિમંત કોમ્પલેક્સની મોબાઈલ શોપ પર ત્રાટકી હતી અને તપાસ શરૂ કરી હતી. ઘણી દુકાનોમાં બિલ વગર જ મોબાઈલનું વેચાણ થતું હોવાનું પોલીસના ધ્યાને આવતાં પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે. આ ઉપરાંત મોબાઈલની વિવિધ એસેસરીઝ અને ઈલે. ગેજટસનું પણ બિલ વગર જ વેચાણ થઈ રહ્યું હોવાની વિગતો પોલીસના હાથમાં આવી છે.

## ૩.૮૨ કરોડ લોકો પાત્ર છતાં વિતરણના આંકડામાં લાખોનો તફાવત

# ઇ-કેવાયસી વિના રેશન કાર્ડધારકોને અનાજથી વંચિત રાખવા એ કાયદાના ભંગ સમાન

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદામાં દરેક નાગરિકની અન્ન સુરક્ષાની જવાબદારી રાજ્યને સોંપાયેલી છે તેમ છતાં રાજ્યમાં ઈ-કેવાયસીની પ્રક્રિયા પૂર્ણ ન કરી હોય તેવા અનેક રેશન કાર્ડ ધારકોને સરકારે અનાજથી વંચિત કરી દીધા હોવાનું બહાર આવ્યું છે. તે સંજોગોમાં રાજ્યમાં સરેરાશ લગભગ ૩.૮૨ કાર્ડધારકો અનાજ મેળવવાને પાત્ર છે તેની સામે હાલ કેટલાને અપાઈ રહ્યું છે તે જાહેર કરવા માગણી માગ ઉઠી છે. ઈ-કેવાયસી ન થયું હોય તો તેમાં ફક્ત કાર્ડ ધારકોની જવાબદારી ન હોવાથી રેશનિંગનું અનાજ બંધ ન કરી શકાય તે મુદ્દો પણ ધ્યાનમાં લેવાયો નથી. અન્ન સુરક્ષા અધિકાર અભિયાન દ્વારા જણાવાયું છે કે ગુજરાતમાં સરકારનો એવો દાવો છે કે દર મહિને કુલ ૭૮,૬૮,૪૬૮ રેશન કાર્ડ હેઠળ ૩,૮૨,૨૦,૩૨૭ કાર્ડ ધારકોને અનાજ આપવામાં આવે છે. જો કે માર્ચ મહિનાથી મે-૨૦૨૫ સુધીના ડેટા મુજબ દર મહિને ૩.૭૨ કરોડ લોકોને અનાજ અપાયાનો ડેટા આઈપીડીએસ પોર્ટલ પર મૂકવામાં આવ્યો છે. તેના કારણે લાખો કાર્ડ ધારકો અનાજથી વંચિત રહ્યા હોવાની ભીતિ ઉભી થઈ છે. ગુજરાતમાં એપ્રિલ-૨૦૨૬માં આ કાયદો અમલી બનાવાયો છે જે રેશન કાર્ડ ધારકો સાથે આંગણવાડી અને મધ્યાહન ભોજન યોજનાને પણ આવરી લે છે. જો કે કેન્દ્ર સરકાર દ્વારા ઈ-કેવાયસીની પ્રક્રિયા ફરજીયાત કરવાનો આદેશ કરાયો ત્યારે દેશભરમાં ૯૯.૮ ટકા જેટલા રેશન કાર્ડ આધાર કાર્ડ સાથે લીંક કરાયેલા હતા. તે પછી ઈ-કેવાયસીની સૂચના આવતા રેશન કાર્ડ ધારકોએ તેની પ્રક્રિયા કરી હતી. તેમ છતાં અંગુઠાનું નિશાન ન આવતા, આધારમાં ભૂલ હોવાથી, નેટવર્કના પ્રોબ્લેમ સહિતના કારણોથી અનેક લોકોનું ઈ-કેવાયસી થઈ શક્યું ન હતું. જેના કારણે મોટી સંખ્યામાં કાર્ડ ધારકોની પરમીટ ઓનલાઈન જનરેટ ન કરાતા તેમને અનાજ મળી શકતું નથી. વાસ્તવમાં રેશન કાર્ડ ધારકોને મળતું અનાજ અન્ન અધિકાર સાથે જોડાયેલું હોવાથી ટેકનીકલ કારણસર તેને નકારી શકાય નહીં. તે સંજોગોમાં અન્ન સુરક્ષા અભિયાન દ્વારા ઈ-કેવાયસીના મુદ્દે અનાજ અટકાવાયું હોય તેવા રેશનકાર્ડ ધારકોને પુનઃ અનાજ ચાલુ કરવા માગણી કરાઈ છે.

# પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદથી મુંબઈ અને દિલ્હી માટે બે સ્પેશિયલ ટ્રેનો નું સંચાલન

। અમદાવાદ, તા.૧૨ ।

પશ્ચિમ રેલ્વે મુસાફરોની માંગ અને સુવિધા માટે અમદાવાદથી બે જોડી સ્પેશિયલ ટ્રેનો ચલાવી રહી છે. જેમાં એક ટ્રેન અમદાવાદથી મુંબઈ અને એક ટ્રેન અમદાવાદથી દિલ્હી માટે દોડાવી રહી છે, આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન સંખ્યા ૦૯૪૯૭/૦૯૪૯૮
અમદાવાદ-દિલ્હી-અમદાવાદ
સુપરફાસ્ટ સ્પેશિયલ (૨ ટ્રીપ)

ટ્રેન સંખ્યા ૦૯૪૯૭ અમદાવાદ-દિલ્હી સ્પેશિયલ આજે ૧૨ જૂન ૨૦૨૫ ના રોજ અમદાવાદથી રાત્રિ ૨૩.૪૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે બપોરે ૧૪.૩૦ વાગ્યે દિલ્હી પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન સંખ્યા ૦૯૪૯૮ દિલ્હી-અમદાવાદ સ્પેશિયલ ૧૩ જૂન ૨૦૨૫ ના રોજ દિલ્હીથી ૧૭.૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૮.૩૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુરોડ, મારવાડ, અજમેર, જયપુર, અલવર, રેવાડી, ગુડગાંવ અને દિલ્હી કેન્ટ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૩-ટાયર શ્રેણી ના કોચ હશે.

ટ્રેન સંખ્યા ૦૯૪૯૪/૦૯૪૯૩
અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ
સુપરફાસ્ટ સ્પેશિયલ (૨ ટ્રીપ)

ટ્રેન સંખ્યા ૦૯૪૯૪ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ આજે ૧૨ જૂન ૨૦૨૫ ના રોજ અમદાવાદથી ૨૩.૫૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૮.૧૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન સંખ્યા ૦૯૪૯૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ ૧૩ જૂન ૨૦૨૫ ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ૧૧.૧૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૧૯.૩૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓ માં આ ટ્રેન આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૩ ટાયર અને એસી ચેરકાર ના કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૯૭, ૦૯૪૯૪ અને ૦૯૪૯૩ માટે બુકિંગ તાત્કાલિક અસર થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થઈ ગયું છે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# વિદ્યાર્થીઓ માટે મફત ટ્રાન્સપોર્ટ સહાય યોજનાનો અમલ શરૂ

### આ યોજનામાં ૫ કિમી સુધીની દૂરી માટે દર માસે ૫૦૦ રૂપિયાનું સહાય તથા ૫ કિમીથી વધુ અંતર માટે ૮૦૦ રૂપિયાનું સહાય મળશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

ગુજરાત રાજ્ય સરકારે RTE અધિનિયમ-૨૦૦૯ના નિયમો અનુસાર અને કેન્દ્ર સરકારની PM SHRI યોજનાની મંજૂરી બાદ હવે ૧ કિમીથી વધુ અંતરે રહેલા ધોરણ ૧ થી ૮ના બાળકોને મફત પરિવહન સુવિધા આપવા માટે આદેશ જારી કર્યો છે. આ નિર્ણય રાજ્યના હજારો વિદ્યાર્થીઓ માટે મોટી રાહતરૂપ સાબિત થશે, ખાસ કરીને એ વિદ્યાર્થીઓ માટે જેઓ પાસે શાળાએ પહોંચવા માટે જરૂરી સાધનોની સુવિધા નહોતી.

શિક્ષણ વિભાગે જાહેર કરેલા આ આદેશ મુજબ, જો કોઈ પ્રાથમિક શાળા ૧ કિમીથી વધુ અંતરે હોય અથવા ઉચ્ચ પ્રાથમિક શાળા ૩ કિમીથી દૂર હોય, તો આ અંતરે રહેતા વિદ્યાર્થીઓને માસિક પરિવહન સહાય આપવામાં આવશે. બાલવાટિકા (pre-primary) માટે પણ ૧ કિમીથી વધુ અંતરે રહેલા બાળકોને આ સુવિધાનો લાભ મળશે. આ માટે જિલ્લા અને મહાનગર પાલિકા અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે તેઓ યોગ્ય રીતે યાદી તૈયાર કરે અને પરિવહન સહાય યોજના કાર્યાન્વિત કરે.

આ યોજનામાં ૫ કિમી સુધીની દૂરી માટે દર માસે ૫૦૦ રૂપિયાનું સહાય તથા ૫ કિમીથી વધુ અંતર માટે ૮૦૦ રૂપિયાનું સહાય મળશે. ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે પણ ૫૦૦૦ રૂપિયાની સહાય જાહેર કરવામાં આવી છે. આ સહાય પણ PM SHRI યોજના હેઠળ આપવામાં આવશે. ખાસ કરીને આ મફત પરિવહન યોજના દરેક બાળકને શિક્ષણથી જોડાયેલો રાખવા માટે તૈયાર કરવામાં આવી છે, જેથી શાળા છોડવાના દરને ઘટાડવામાં મદદ મળે. મહત્વપૂર્ણ છે કે આ યોજના માટે રાજ્ય સરકારે વર્ષ-૨૦૨૫-૨૬ના બજેટમાં નાણાં ફાળવ્યા છે અને તેની ખાતરી પણ કરી છે. શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે – "વિદ્યાર્થીઓ શાળાથી દૂર ન જાય, આ માટે જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. દરેક બાળકને શિક્ષણ મળવું એ રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા છે."

આ યોજના જાહેર થયા પછી, રાજ્યના દરેક જિલ્લામાં આ કામગીરીની મોનિટરિંગ માટે વિશેષ અધિકારીઓની ટીમો પણ કાર્યરત કરાઈ છે. શિક્ષણ વિભાગે આ અંગે તમામ જિલ્લાઓમાં નિયમિત સમીક્ષા માટે સૂચના આપી છે. બાળકોને બસ, ટેમ્પો અથવા અન્ય પરિવહન માધ્યમથી શાળા સુધી પહોંચી શકાય તે માટે જરૂરી વ્યવસ્થા ઉપલબ્ધ કરાશે.

વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતામાં પણ આ નિર્ણયથી ખુશીનો માહોલ છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં જ્યાં પરિવહનના અભાવે બાળકોને ઘણીવાર શાળાએ જવું મુશ્કેલ બનતું હતું, ત્યાં હવે આ યોજના મોટી મદદરૂપ બનશે.

શાળાઓ અને જિલ્લા શિક્ષણ કચેરીઓમાં પણ હવે વિદ્યાર્થીઓ માટે યોગ્ય યોજના અમલીકરણ માટે તૈયારીઓ ચાલી રહી છે. વિદ્યાર્થીઓને ઘરેથી શાળા સુધી સલામત રીતે પહોંચાડવાની જવાબદારી હવે રાજ્યના શૈક્ષણિક માળખામાં સામેલ થઈ ગઈ છે.

## ભાવનગરની બાળકીને કાનના દુખાવામાંથી રાહત મળી

# બાળકીના કાનમાંથી વંદાના ૧૫ બચ્ચા નીકળ્યાં : ડોક્ટરો પણ આશ્ચર્યચકિત

। (એજન્સી) ભાવનગર, તા.૧૨ ।

થોડા દિવસ પહેલાં અમરેલીમાં એક બાળકની આંખની પાંપણોમાંથી જૂ કાઢવામાં આવી હતી. ત્યારબાદ હવે ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના ચોરવડલા ગામમાંથી વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. ૫ વર્ષના બાળકના કાનમાંથી એક-બે નહી પણ ૧૫ જેટલા વંદા નીકળતા તબીબો પણ ચોંકી ઉઠ્યા હતા. કાનમાંથી આટલા બધા વંદા નિકળવા એ તપાસનો વિષય છે.મળતી માહિતી મુજબ, ભાવનગરના સિહોર તાલુકાના ચોરવડલા ગામમાં એક પાંચ વર્ષની બાળકી લાંબા સમયથી કાનના દુખાવાથી પીડાતી હતી. આ બાળકીને તીવ્ર દુખાવો થતાં તેને ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.૧૦ જૂનના રોજ બાળકીને કાનમાં અસહ્ય દુખાવો થતાં તે ખૂબ રડવા લાગી. પરિવારજનો પણ આ જોઈને ચિંતિત બન્યા. બાળકી પોતાના કાન તરફ ઈશારો કરીને દુખાવાનું સ્થાન બતાવી રહી હતી. માતા-પિતા બાળકીને સણોસરા ગામની એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા. ત્યાં ડોક્ટરે દૂરબીન વડે તપાસ કરતા બાળકીના કાનમાં જીવાત જોઈ. તપાસ કરતાં ડોક્ટર પણ આશ્ચર્યચકિત થઈ ગયા, કારણ કે તેમણે બાળકીના કાનમાંથી એક કે બે નહીં, પરંતુ ૧૫ જેટલા વંદાના બચ્ચા બહાર કાઢ્યા. ડોક્ટરે આ બચ્ચા કાઢીને બાળકીને દર્દમાંથી મુક્તિ અપાવી હતી.